
વર્ષ ૧૮ ⊙ અંક ૨
વૈશાખ, ૨૦૧૭
વીર સંવત, ૨૪૮૭
એપ્રીલ, ૧૯૬૧



દધાલીયા (એ. પી રેલ્વે) જૈન મંદિરનું એક દૃશ્ય

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

સંપાદક:- સોમચંદ ડી. શાહ

# વિષય દર્શન


| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ઉઘડતે પાને : | સં. | ૭૭ |
| મોંઘવારીની ચીનગારી : | વૈદ્ય મોહનલાલ ચુ. ધામી | ૭૯ |
| કુલદીપક : | શ્રી સૂર્યશિશુ | ૮૧ |
| આરોગ્ય અને ઉપચારો : | વૈદ્યરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ | ૮૩ |
| જૈન દર્શનનો કર્મવાદ : | શ્રી ખુબચંદ કેશવલાલ શાહ | ૮૯ |
| મહામંગલ શ્રી નવકાર : | શ્રી મૃદુલ | ૯૭ |
| રામાયણની રત્નપ્રભા : | શ્રી પ્રિયદર્શન | ૧૦૫ |
| મનન માધુરી : | શ્રી વિમર્શ | ૧૧૩ |
| વિનાશનાં તાંડવ : | પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. | ૧૧૭ |
| જ્ઞાન ગોચરી : | શ્રી ગવેષક | ૧૨૧ |
| મનન અને ચિંતન : | રો. શ્રી વલભદાસ નેણશીભાઈ | ૧૨૫ |
| સંસાર ચાલ્યો જાય છે : | વૈદ્ય મો. ચુ. ધામી | ૧૨૯ |
| કાલની ઉપયોગીતા : | પૂ. મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મ. | ૧૩૫ |
| સમાચારસાર : | સંકલિત | ૧૪૦ |


## ઉપયોગી સૂચન

'કલ્યાણ'ની ફાઈલો હવે જુજ છે. ૧લા ત્રણ વર્ષની ફાઈલો મળતી નથી વર્ષ ૪ થી ૧૭ સુધીની મળે છે. દરેક ફાઈલના રૂા. ૫-૫૦ ખર્ચ અલગ.

*

કલ્યાણ માસીકમાં ગીતો, સ્તવનો, પદ્યો કે કાવ્યો લેવાનો નિયમ નથી. લેખો પણ કાગળની એક બાજુએ લખીને મોકલો.

'સમાચાર સાર' વિભાગમાં દરેક ધાર્મિક સમાચારો ટૂંકમાં લેવાય છે તો સમાચારો અને તેટલા મુદ્દાસર અને ટૂંકા લખવા

❁

પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

❁

લવાજમ પુરૂં થયે આપને ખબર આપવામાં આવે છે તો ઢીલ કર્યા સિવાય લવાજમ મનીઓર્ડરથી મોકલી આપવું. વી. પી. થી નાહક દશ આનાનો વધુ ખર્ચ આવે છે.

❁

**નવા દશ** ગ્રાહક બનાવી આપનારને 'કલ્યાણ' એક વર્ષ ફ્રી મોકલાવાશે.

❁

ટાઈટલ પેજ ઉપર છાપવા માટે તીર્થના ફોટાઓ કે બ્લોકો સારા હોય તે જ મોકલવા વિનંતિ છે.

❁

આફ્રિકામાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયાની ખબર અપાય છે. ક્રોસ સિવાયના પોષ્ટલ ઓર્ડર કે મનીઓર્ડરથી લવાજમ મોકલી આપવા વિનંતિ છે.

❁

અંક ન મળ્યાની ફરીયાદ ૨૮મી પછી કરવી. દરેક અંક અંગ્રેજી મહિનાની ૨૦મી તારીખે પ્રગટ થાય છે.

# ઉ....ઘ....ડ....તે પા....ને

દેશમાં આજે સત્તાનો શોખ જે રીતે દિન-પ્રતિદિન વધતો જ જાય છે, તે દેશના અભ્યુદય માટે કોઇ રીતે ઇચ્છનીય નથી. પ્રજાના ન્હાના ન્હાના માણસથી માંડીને મોટા માણસ સુધી આજે એ પરિસ્થિતિ વર્તી રહી છે, કે સહુ કોઇને સત્તા જોઈએ છે, સેવાના નામે કેવલ સત્તાનો શોખ સર્વને આજે પોષવો છે; સંપત્તિ પામેલાઓ જ મોટે ભાગે આજે સત્તા માટે વલખા મારી રહ્યા છે, ખુરશી માટે મહેનત કરનારાઓ લાગવગ પૈસો તથા શરમ, ધાક-ધમકીનો ઉપયોગ કરીને મતો મેળવે છે, બાદ ખુરશી પર એવી રીતે ચોંટી પડે છે, કે જાણે જીવનભર ખુરશી અને સત્તા રહેવાના હોય ! આ પરિસ્થિતિ ભારત જેવા ત્યાગપ્રધાન દેશને માટે કોઈ રીતે ઉચિત જ ન કહેવાય.

જે દેશમાં પૂર્વકાલીન રાજા-મહારાજાઓ માથા પર ધોળા વાળ આવે કે તરત જ પુત્રને રાજ્ય સોંપી, રાજ્યભાર મંત્રીઓને ભળાવી સંસાર ત્યજી ત્યાગવ્રતને સ્વેચ્છાયે ઉલ્લાસપૂર્વક સ્વીકારતા હતા, તે દેશમાં આજે કેવી કમનશીબ સ્થિતિ પ્રવર્તે છે! માથું કેવલ ધોળા વાળોથી ભરાયેલું હોય, કે ટાલથી માથું સૂકા નારિયેરના ગોળા જેવું અવસ્થાના કારણે થયું હોય, મોઢામાં દાંતના ઠેકાણા પણ ન હોય આવા વયોવૃધ્ધ માણસો સત્તાની ખુરશીને છેલ્લી ઘડી સુધી જ્યારે છોડતા નથી, ને છોડવા પણ તૈયાર નથી હોતા, આમ આજે હિંદમાં સત્તાનો શોખ, વળગાડ તથા રોગ દિન-પ્રતિદિન વધતો જ જાય છે.

આજે રાજકારણમાં બે વાદોએ પ્રબલ જોર પકડયું છે. આજે પક્ષવાદ જોર પકડતો જાય છે. કોઇ ને કોઈ પક્ષના નામે આગળ આવી, પ્રજાને ગમે તેવી વાતોથી ભરમાવી, અલ્લાઉદ્દીન ફાનસ કે જાદૂઈ લકડીના નામે દેશની સુરત પલટી નાંખવાની વાતો આજે સર્વપ્રથમ થાય છે. બાદ પક્ષની વફાદારીને નામે ખુરશી પર બેસીને કેવલ પ્રજાથી લાપરવા રહીને, પોતાના અને પક્ષના સ્વાર્થ સિવાય જાણે આવા ખુરશીધારીઓ કોઇનું પણ ભલું કરવાને આજે તૈયાર જ નથી. સત્તા પર રહેલાઓ વર્તમાનકાળે કેવળ હઠવાદને જ પ્રાધાન્ય આપી રહ્યા છે. પ્રજાનો કોઇપણ વર્ગ ગમે તેવી સાચી, સારી અને લાભદાયી હકીકત કહે તો પણ કેવલ સત્તાના મદોન્મત્ત નશામાં ચકચૂર બનીને નેતિ, નેતિ-નહિ, નહિ કરીને નકારી કાઢે છે.

સમગ્ર ભારતમાં આમ આજે રાજકારણમાં પક્ષવાદ તથા હઠવાદ જ મહત્ત્વનો ભાગ ભજવે છે; આ કારણે પ્રજાના ડાહ્યા, શાણા તથા વિચારક વર્ગની વાતો કેવલ બ્હેરા કાને અથડાયાની જેમ ઉડી જતી હોય છે.

તાજેતરમાં ગુજરાત સરકારે જાહેરાત કરી છે, કે 'મત્સ્યોદ્યોગ તો (મત્સ્ય વિનાશક યોજના) કેવલ દરિયાઈ વિસ્તારોમાં થશે. તે સિવાય કોઇ પણ સ્થળે મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિ નહિ થાય' આ જાહેરાત કરનાર ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડો. જીવરાજ મહેતાને આ જાહેરાત કરે બહુ સમય થયો નથી, ત્યાંજ આજે ગામે-ગામ, તળાવોમાં મત્સ્યોદ્યોગના બ્હાને માછલીઓને મારવા માટે ગુજરાત રાજ્યે પરિપત્ર કાઢીને જાહેરાત કરી છે. આ ગુજરાત જેવા જીવદયામાં માનનાર ને જીવદયા ખાતર તન, મન તથા ધનને ન્યોછાવર કરનાર પ્રદેશમાં આજે કોંગ્રેસ સરકાર મત્સ્યોદ્યોગના નામે લાખો માછલાઓને મારવાની, તેનો ખોરાક તરીકે ઉપયોગ કરવાની જે યોજનાઓ કરી રહી છે, એ ખરેખર દેશનું તથા ગુજરાત પ્રદેશનું ભારે કમનશીબજ કહી શકાય!

હવે થોડા સમય બાદ ચૂંટણીઓ આવી રહી છે. મ્યુનિસીપાલિટી, તથા ગ્રામ્ય પંચાયતોની ચૂંટણીનો વા વાઈ રહ્યો છે. કોંગ્રેસ કે કોઈપણ રાજકીય પક્ષને સાફ સાફ શબ્દોમાં કહી દેવાનો પ્રજાને માટે આ અવસર છે. હિંસા, ક્રૂરતા, અપ્રામાણિકતા, લાંચ, રૂશ્વત, શોષણખોરી, વર્ગવિગ્રહ, વર્ણવિગ્રહ ઈત્યાદિ અનિષ્ટો દેશભરમાં આજે જે રીતે ફાલી ફૂલી રહ્યા છે, સત્તાનો નશો તથા પ્રજાની તદ્દન ઉપેક્ષા આજે સત્તાની ખુરશી પર રહેલાઓ જે રીતે સેવી રહ્યા છે; તે વર્ગને પ્રજાએ સ્પષ્ટ ચેતવણી આપવી જોઇએ. પ્રજા પાસે આજે મતાધિકારની સત્તા છે. તેની પાસે કોને ચુંટવા? તે અધિકાર છે. પ્રજાએ તેમાંયે જૈન સમાજે આ પરિસ્થિતિમાં પોતાની વિવેકબુધ્ધિનો ખૂબજ ગંભીરતાપૂર્વક ઉપયોગ કરવો જોઈએ. અસાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરતી સત્તાને પડકારવા પ્રજાએ-જૈન સમાજે શરમ, લાગવગ, કે ગમે તેવા પ્રલોભનોને ફગાવી દઈ ને આવા અવસરે સાવધાન રહેવું જોઇએ મત આપવા જેવું ન લાગે તો નહિ આપીને જૈનસમાજે પોતાનો વર્તમાન તંત્ર સામેનો મૂક વિરોધ બતાવી દેવો જોઇએ.

'કલ્યાણ' આ અવસરોચિત સૂચના જૈનસમાજને આપીને વારંવાર અનુરોધ કરે છે કે, સમાજે દૂરંદેશીપણું જાળવીને સાવધ રહેવાની જરૂર છે.

વર્ષ : ૧૮ કલ્યાણ ચૈત્ર : વૈશાખ
અંક : ૨ ૨૦૧૭

# મોંઘવારીની ચિનગારી !

વૈદરાજ
શ્રી મોહનલાલ ધામી

દિવસે દિવસે મોંઘવારી વધતી જાય છે. જીવનજરૂરીયાતની કોઇ પણ મુખ્ય ચીજ એવી નથી કે જેનો ભાવ વધ્યો ન હોય. ઘણીવાર તો એમ લાગે છે કે આ સ્વતંત્ર દેશમાં માનવી સસ્તો બન્યો, માનવીનું જીવન સસ્તું બન્યું છે, માનવીની આશાઓ સસ્તી બની છે. કેવળ આશા, જીવન અને માનવીને પોષણ આપનારી પ્રત્યેક વસ્તુઓ મોંઘી બની છે.

આ દેશમાં જ્યારે જ્યારે મોંઘવારી આવી છે, ગુલામ યુગ તરીકે ઓળખાતા સમયમાં. ત્યારે ત્યારે મોંઘવારીનું મુખ્ય કારણ દુષ્કાળ સિવાય ભાગ્યે જ બીજું કોઇ દેખાયું હોય છે.

પણ આજે દુષ્કાળ છે નહિં, અછત નથી, સંગ્રહખોરી ઉત્પાદકો સિવાય અન્ય કોઈની છે નહિં. છતાં મોંઘવારી વધતી જ જાય છે. કારણ કે ડોલરની લાલસા રોજબરોજ તીવ્ર બનતી જતી હોય છે. એ લાલસાને તૃપ્ત કર્યા સિવાય બીજો કોઇ ઉપાય આપણા દેશનાયકોને સૂઝતો નથી.

પહેલી પંચવર્ષીય યેજનાના પ્રારંભમાં આ બધા મહાપુરુષો ગાજતા હતા કે, 'આપણે ખેતીમાં સ્વાવલંબી બનીશું !'

પણ પહેલી પંચવર્ષીય યોજના સરિયામ નિષ્ફળ નીવડી. બંધો અનેક બંધાયા અને મોટા ભાગના બંધાયેલા જ રહ્યા.

બીજી પંચવર્ષીય યોજનાનું પણ એવું જ કરુણ પરિણામ આવ્યું. દસ દસ વર્ષ પર્યંત વચનોના ગુલાબો વેરનારા અને જનતાના કરોડો રૂપિયા યોજનાઓ પાછળ ખર્ચનારા આપણા મહાપુરુષો ખુલ્લી નિષ્ફળતાના કારણો શોધવાની કોઇ જહેમત નથી લેતા. પણ જનતાની કમ્મર તોડી નાંખે એવી ત્રીજી પંચવર્ષીય યોજનાના પ્રારંભ ગીતોમાં તન્મય બની ગયા છે.

મોંઘવારી રૂપી ચૂડેલ આજે આમજનતાને ભરખી રહી છે.

અનેક પ્રકારના બંધનો અને કરભારણોના કારણે તેમજ લોકોની ખરીદશકિત પર શનીની દૃષ્ટિ પડી હોવાના લીધે વેપાર ધંધા ભાંગવા માંડયા છે.

એ ભંગારમાંથી બેકારીનો કાળ દૂત અટ્ટહાસ્ય કરીને આજ આ સ્વતંત્ર રાષ્ટ્રની ધરતી પર નાચી રહ્યો છે !

અને કેવળ રાજકીય હેતુ ખાતર જ ગર્જનાઓ કરનારા સત્તાધારી પક્ષના આગેવાનો લાઓસની બળતરાથી દાઝતા હોય છે અથવા તો કોંગોની પરિસ્થિતિ માટે મગરના આંસુ સારતા હોય છે!

આ પરોપકાર કયા પ્રકારનો છે તે સમજાતું નથી. ઘર બાળીને તીરથ કરવા જનારાઓને શું કહેવું? તે જ સમજાતું નથી.

આજની મોંઘવારી એ પ્રાકૃતિક મોંઘવારી નથી, પરંતુ રાજસંચાલન કરનારા વર્ગની બિન કાબેલિયતમાંથી જન્મેલી મોંઘવારી છે.

કોંગ્રેસી ગાંડપણમાંથી ઉપસી આવેલી મોંઘવારી છે.

અચોક્કસ નીતિ અને અભારતીય અર્થરચનામાંથી સરજાયેલી આ મોંઘવારી છે.

અને જેમ એક રાજાનો યુગ ઝરૂખામાં બેઠો બેઠો ખાંડ ને ખાજા ખાતો હોય અને નીચે જાર વીણતા ગરીબને જોઈને કહે કે આ લોકો શા માટે આટલી મહેનત કરે છે. આવું ધાન શા માટે ખાય છે. ખાય નહિં ખાજા ને ખાંડ! આવી જ વાત આપણા નાણાપ્રધાન આજે ઉપદેશાત્મક રીતે કહી રહ્યા છે! અને દુઃખનો વિષય તો એ છે કે જનતાને માપવાનો કે સમજવાનો કોઈ ગજ એ લોકોએ પોતાની પાસે રાખ્યો નથી. માત્ર પોતાના ગજ વડે જ બધાને માપવાનું તેઓને ઉચિત જણાતું હોય છે. પણ આ મહાપુરુષો સમજતા નથી કે પોતાનો માપદંડ એ તો એક ક્ષુદ્ર વસ્તુ છે. જનતાને માપવાનો માપદંડ, જનતાના પ્રાણમાં પડયો છે અને એ માપદંડ શોધવા માટે જનતાના પ્રાણ સાથે પ્રાણરૂપ બનવું પડે છે!

પણ સત્તાધારી પક્ષને આ સાદી વાત સમજાશે જ નહિં, કારણ કે એનું ધ્યેય જનતા નથી. સત્તા છે!

રાજાશાહીના નાશનો ગર્વ લેનારાઓ જ આજ અદ્યતન રાજાશાહીનો શિકાર બની ચૂકયા છે. તેઓના જુનવાણી માનસમાંથી નવા મૂલ્યાંકનો નીકળવાં કોઈ કાળે શકય નથી. એમની દૃષ્ટિ સમક્ષ ગુલામ યુગનો અને રજવાડી યુગનો જે અંધકાર વર્ષો સુધી રહ્યો છે, તેજ અંધકાર આજ નવા સ્વરૂપે સરજાઈ રહ્યો છે. કારણ કે પ્રકાશને પૂજવાનો એમને કદી અનુભવ હતો જ નહિં. ગઈ કાલે નહોતો, આજ પણ નથી અને આવતી કાલે પણ નહીં હોય!

અને કાળનું વિકરાળ અટ્ટહાસ્ય ગમે તેવી વિરાટ યોજનાઓ ખડકાય છતાં હૈયાં ને હાડ ખખડાવતું જ રહેશે.

મોંઘવારીની ચિનગારીઓ ગરીબો અને મધ્યમ વર્ગના કરોડો માણસોને દઝાડતી જ રહેશે.

આ મોંઘવારીની વિપત્તિ કોઈથી મટવાની નથી. કે પરદેશી અનાજના ગંજો ખડકવાથી મટવાની નથી, એ મટશે કેવળ એજ એક ઉપાયે, અને તે ઉપાય છે, ભારતીય દૃષ્ટિયે અર્થરચનાનો પ્રારંભ થાય તે જ.

# કુલ દીપક

કલ્યાણની ચાલુ ઐતિહાસિક વાર્તા

શ્રી 'સૂર્યશિશુ'

**પૂર્વપરિચય :** રૂપસેનકુમાર પિતા મન્મથરાજાના મૃત્યુ પછી રાજગૃહી નગરીનાં રાજ્ય પર અભિષિક્ત થાય છે. અને મહારાજા રૂપસેન બને છે. રાજ્યમાતા મદનાવલી પુત્રના રાજ્યાભિષેકથી આનંદિત બને છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૭ મું

## પૂર્વભવનું વૃત્તાંત

**આ** રીતે સુખસલીલનો પ્રવાહ રમતો કૂદતો વહી રહ્યો છે. વિહાર કરતાં મુનિરાજ ઉધાનમાં પધાર્યા. વનપાલક મહારાજા રૂપસેનને વધામણી આપે છે કે ધર્મઘોષસૂરિ મનોરમ ઉધાનમાં પધાર્યા છે.

ધર્મને જ શ્વાસ–પ્રાણ ગણનાર આત્મા ધર્મ-દર્શિત સંમિલન અને સંયોગને વિનાવિલંબે વધાવી લે છે.

મહારાજા રૂપસેન સપરિવાર ગુરુમહારાજનાં દર્શનાર્થે પધાર્યા. ધર્મઘોષસૂરિએ હળવી છતાં તાત્વિક વાણીનું સ્પષ્ટપણે બ્યાન કર્યું કે, અપરિમીત સંસારચક્રના ચકાવા ઘૂમતાં ન લાધી શકાય એવા રાજ્યપણાને અને એની અટલ સમૃદ્ધિ સામગ્રી મેળવીને જ સંસારની માધુર્યતા નથી, જીવનની સાર્થકતા નથી. જો સાર્થકતા માની એમાં મુગ્ધ બન્યા તો પુનઃ એ જ સંસારચક્રની પ્રદક્ષિણા. પરંતુ મમત્વને છાંડી સર્વજ્ઞ-કથિત ધર્મનું આરાધન થાય તો દૂરથી સંસારના કિચ્ચડને ઓળંગી અક્ષયપદને વરવા ત્વરિત સમર્થ બનાય છે. ધર્મ સંસારતરણી છે.'

દેશનાને અંતે રાજા રૂપસેને ગુરુરાજને પૂછ્યું 'હે ભગવાન્! કયા કુકર્મના યોગે મારે માતા–પિતાનો બાર વર્ષ સુધી વિયોગ સેવવો પડયો? કયા સુકૃતના કારણે અપૂર્વ ચાર વસ્તુ પ્રાપ્ત થઇ? કયા કર્મના કુટીલપણાથી મારે અનેક પ્રકારના સુખ–દુઃખ સહેવાં પડયાં? કયા કર્મથી પરદેશમાં પણ મહત્તા પ્રાપ્ત થઈ? તે આપશ્રી કૃપા કરીને કહો.

ગુરુમહારાજે ફરમાવ્યું:

'ઋદ્ધિશાળી સુખી એવું તિલકપુરનગર છે. તે નગરને વિષે એક સાધારણ સ્થિતિવાળું કુટુમ્બ હતું. તે કુટુમ્બની જીવનનિર્વાહિકા ચલાવનાર કુટુમ્બપ્રધાન પુરુષનું નામ 'સુંદર' હતું, અને તેની ભાર્યા 'મારેતા' નામની હતી. સાંસારિક રાહમાર્ગે વિચરતાં પુત્રપુત્રાદિ પરિવારના જીવ આનન્દ માણી રહ્યા હતા. તેઓ ખેતીકાર્ય કરતા હતા.

એક દિવસ આંબાના ઝાડતળે કોઇ સિદ્ધ–પુરુષ આવી ચડયા.

યોગીપુરુષને જોઈ સુંદરનું મન ભકિત માટે લળી પડયું. એને ખ્યાલ હતો કે 'યોગી પુરુષની સેવા અમૃતસંજીવની છે.' તે મારા જીવનમાં ઉતારૂં કે જેથી હું મારા જીવનને અહોભાગ્ય માનું. સુયોગ ભાગ્યે જ સાંપડે છે. હંમેશા પેટ

માટે વેઠ કરવાની જ છે. સોનેરી પળ ગૂમાવે તે મૂર્ખ. ભાવનાનાં શસ્ત્રે તન અને મન પર સચોટ નિશાન કર્યું. અને વર્તનમાં ઉતરી ગયું.'

એકસરખી સિધ્ધપુરુષની વિનય અને વિવેકથી સેવા કરી તન, મન અને ધનની પરવા વિના બે માસની અખંડ સેવાથી યોગી ખુશી થયા. 'તારૂં જીવન ધન્ય બની ગયું.' 'હાથમાં ચાંદ આવીને ઊભો રહ્યો.' એમ યોગીએ આશિર્વાદ આપ્યા સાથે રૂપપરાવર્તિની વિદ્યા આપી.

સેવાગુણે સુંદરનાં જીવનમાં સૌખ્ય રોશનીની ઝાકઝમાળતા પ્રગટાવી. યોગીએ આશિર્વાદ આપ્યા. સાથે રૂપપરાવર્તિની વિદ્યા આપી.

કષ્ટોને સહન કરનારને શાતા ઉપજાવનાર સહેજે શાતા ઉપાર્જે. 'જેવું કરે તેવું પામે.' તેમ સુંદરને પણ થયું.

એનું જિંદગીનું દારિદ્ર દૂર થયું. સુંદરને સેવાનું ફળ અણચિંતવ્યું મળતાં તે આનંદ-ઉછરંગથી તે ફળનો સાદરપણે ઉપભોગ કરવા લાગ્યો.

વિદ્યાબળના પ્રભાવથી સુંદરે અનેક સુકર્તવ્યો કર્યાં. ન્યાયોપાર્જિત લક્ષ્મી ઉપાર્જન કરી અને એ લક્ષ્મીનો સદ્વ્યય દાન અને ધર્મમાં કર્યો. આનંદ અને સૌખ્યનાં દિવસો જલ્દી જલ્દી પસાર થયા હતાં.

એક દિવસ સુંદરના ખેતરની સમીપ જૈન-મુનિ પધાર્યા ત્યારે તે મુનિનાં દર્શનાર્થે વનમાં ગયો. જેનું ફળ બહુ કલ્યાણકારી છે એવી એવી અમોઘવાણીને તે સાંભળવા બેઠો. મુનિએ ધર્મોપદેશ દીધો, અને કહ્યું: 'હે ભાઈ ! કૃષિકર્મના આરંભથી અત્યંત પાપ થાય છે.

સુંદરે કહ્યું: 'મુનિરાજ! મારે કુટુમ્બ વિશાળ છે, અને પશુઓ તથા ગાયોનો પરિવાર છે તેથી ખેતર વિના સર્વનું ભરણપોષણ કઇ રીતે થઇ શકે ?

મુનિરાજે કહ્યું: 'સુંદર ! તો કોઇ પણ નિયમ ગ્રહણ કર. પ્રતિજ્ઞાનું પરિણામ આ લોક અને પરલોકમાં સુખકારી નિવડે છે. તેમજ સમૃદ્ધિવાન બને છે.

તે સાંભળીને સુંદરે જિનદર્શન હંમેશાં કરીશ દહેરાસરમાં સ્વસ્તિક કરીશ, યથાશકિત સુપાત્રમાં દાન દઇશ, મોટા જીવોનું રક્ષણ કરીશ. એ પ્રમાણેના ચાર નિયમો મુનિ મહારાજ પાસે લીધા.

સુંદરે પાપથી ડરતાં તે ચાર નિયમોને પાળ્યા. એક દિવસ વાટે જતાં માર્ગમાં સાધુને ભાવપૂર્વક ઘી અને ગોળમિશ્રિત નિર્દોષ પુરીઓ વ્હોરાવી સુપાત્રદાનનું અનુમોદન કર્યું.

વળી એકવાર તે સુંદરના સસરા તેની (સુંદરની) પત્નીને તેડવા આવ્યા. ત્યારે મોહવિવશતાએ તેણીને મોકલવાની ના પાડી.

એની પત્નીએ કહ્યું: અહિં તિલકપુર હું ઘણી રહી છું, માટે મારે પિતાની સાથે જવું છે. ના કહ્યા છતાં તેણે ઘણો જ કદાગ્રહ કર્યો. ત્યારે સુંદરે ગુસ્સે થઇને પોતાના સસરાને રૂપપરાવર્તિની વિદ્યાના બળે વાછરડો બનાવ્યો, અને બાર ઘડી સુધી બાંધી રાખી તે ખેતરે ગયો. ખેતરથી આવ્યા બાદ સુંદરની પત્નીએ કહ્યું: 'હે સ્વામિ ! મારા પિતા કયાં ગયા ?'

ત્યારે સુંદરે ગુસ્સેથી કહ્યું: 'તારા ઘેર ગયા.'

તેણે કરગરતાં કહ્યું: 'હે સ્વામિ ! આમ ગુસ્સે શું થાવ છો ? મને મારા પિયેર નહિં મોકલશો તો હું જમીશ નહિ. થોડા દિવસમાં પાછી આવીશ.'

તેના આક્રન્દભર્યા વચનોથી અને કાકલુદીથી સુંદરનું હૃદય દ્રવી ઉઠયું અને પત્નીના પ્રેમમાં ભીંજાઈ ગયો.

સુંદરે તેના સસરાને વિદ્યાપ્રયોગે સ્વસ્વરૂપે બનાવ્યો, અને તેની પત્નીને મોકલી સસરાની

# આરોગ્ય અને ઉપચારો : શરીરનું મહત્ત્વનું અંગ મગજ

વૈદરાજ શ્રી કાંતિલાલ દેવચંદ શાહ-ઝીંઝુવાડા

શારીરિક અને માનસિક આરોગ્યને અંગે ઉપયોગી વિષયો ચર્ચતી આ લેખમાળા કલ્યાણના વાચકોને પ્રિય થઈ પડી છે. લેખક પોતે વૈદરાજ છે, ને નિર્દોષ તથા સરળ ઉપચારો બતાવવા દ્વારા કલ્યાણના વાચકોને શારીરિક બંધારણની જાણવા જેવી હકીકતો તેઓ પોતાની લેખમાળામાં સ્પષ્ટતાપૂર્વક જણાવે છે. આ લેખમાં તેઓ માનવ શરીરમાં મહત્ત્વનું અંગ ગણાતા મગજ વિષે ઉપયોગી હકીકતો દર્શાવે છે.

## લેખાંક ૮ મો

લેખાંક ૫-૬-૭માં આપણે જોઇ ગયા કે, સુંઘવાની ઇન્દ્રિય નાક, જોવાની ઇન્દ્રિય આંખ, સાંભળવાની ઇન્દ્રિય કાન, આ ત્રણે ઇન્દ્રિયોનું જોડાણ જ્ઞાનતંતુઓ દ્વારા મગજ સાથે જોડાયેલું છે. નાક સુંઘે અને કાર્યવાહિ કરે મગજ, આંખ જુવે અને કાર્યવાહિ કરે મગજ, કાન સાંભળે અને કાર્યવાહિ કરે મગજ.

એટલે કે, શરીરનું સમતોલપણું, સુંદર સ્મરણશક્તિ, બહારની દુનિયાનું અને શરીરના અંગઉપાંગ આદિનું જ્ઞાન મગજ દ્વારા થાય છે. પૃથ્વી ઉપર જીવી રહેલ સર્વ જીવ સૃષ્ટિ ઉપર આધિપત્ય મનુષ્ય માણી રહ્યો છે તે આ મહામૂલાં મગજને આભારી છે.

સારી સ્મરણશક્તિ ધરાવતું ભેજું સફલતાની ચાવી છે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં સારી મગજ-શકિત ધરાવનાર આગળ ને આગળ વધ્યે જાય છે. અલ્પશ્રમે કુશળ રીતે કાર્ય પરિપૂર્ણ કરી શકે છે. માટે મગજ સદા તંદુરસ્ત રહે, પ્રફુલ્લિત રહે. મગજ શકિત ખીલી ઉઠે, જ્ઞાનતંતુઓ ચપળ રહે, મનની શાંતિ, પ્રસન્નતા જળવાઇ રહે એ માટે મગજની માવજત એ અગત્યનું કર્તવ્ય છે.

મગજ, કરોડરજ્જુ અને તેમાંથી આખા શરીરમાં ફેલાતી અસંખ્ય જ્ઞાનતંતુઓની જાળ. એ જ્ઞાન અર્પતા બહુમૂલા અવયવો છે જ્ઞાનતંતુઓ તારના દોરડા જેવા છે. શ્વાસઉશ્વાસ, પાચનક્રિયા, લોહિનું ભ્રમણ, અંગઉપાંગો, સ્નાયુઓ, ગ્રંથીમાંથી ઝરતા રસો જ્ઞાન તંત્રની સાથે ઓતપ્રોત થએલા છે. જ્ઞાનતંત્રના બે ભાગ (૧) ઇચ્છાવર્તી, (૨) અનિચ્છાવર્તી, હવે આપણે મગજની કરામત નિહાળીએ.

માનવ દેહમાં ત્રણ મોટી પોલ છે પેટની, છાતીની અને મસ્તકની, મસ્તકની પોલમાં સર્વોપરિ અવયવ

---

ક્ષમા યાચી. પશ્ચાત્ જીવન ધાર્મિકતા સાથે જોડી દીધું અને અંતે કાળ કરીને સુંદરનો જીવ તે તું પોતે મન્મથરાજાને ત્યાં રૂપસેનકુમારપણે ઉત્પન્ન થયો તારી પત્ની પણ પુણ્યયોગે કનકભ્રમ રાજાને ઘેર કનકવતી નામે રાજકુમારી થઇ. પૂર્વજન્મના સ્નેહવશથી તમને પરસ્પર પ્રેમોદ્ભવ થયો. તેમજ તેને તેના પિતાથી બાર ઘડી વિયોગ કરાવ્યો હતો તે કારણથી તને મા-બાપનો વિયોગ બાર વર્ષ પર્યંત સહેવો પડયો.

એક મનથી સંતપુરુષની સેવાના લાભે તેમજ નિર્દોષ આહારનું દાન કરવાથી સ્ત્રી, ધન અને મહત્તાની પ્રાપ્તિ થઈ. તેમજ ચાર નિયમોનું ખંતથી સેવન અને પાલન કરવાથી સિદ્ધપુરુષો પાસેથી ચાર અપૂર્વ વસ્તુની પ્રાપ્તિ થઈ.

આ સર્વ ધર્મનાં ફળો છે, માટે ધર્મપરત્વે અપ્રમત્ત અને પ્રમુદિત બનવું.

આ પ્રમાણે ધર્મપ્રતિજ્ઞાનું મહાફલ નિહાળી પૂર્વભવમાં સેવેલ ચારે નિયમોને આ ભવમાં ગ્રહણ કરીને મહારાજા રૂપસેન પોતાના આવાસમાં પાછા આવ્યા.

[ક્રમશઃ]

યાને ભેજું આવેલું છે. તે ઘણું જ કિંમતી હોવાથી તેનાં રક્ષણ માટે આઠ હાડકાના સંધાણથી બનેલી મજબુત ખોપરી નામની તીજોરીમાં રક્ષાએલું છે. ઉપર ચામડી, અગણિત વાળોથી સૌંદર્યની શોભા અને ઠંડી ગરમી અને ભેજથી રક્ષણ થએલું છે.

બેચાર મણ વજન ઝીલી શકે, એવી મજબુત અને ચોતરફથી બંધ એવી ખોપરીની પોલમાં મગજ બરાબર બેસતું આવેલું છે. મગજની સપાટી અનુસાર ખોપરીની જમીન છે. ત્રણ આચ્છાદન છે.

(૧) જાડું મજબુત પડ ખોપરીની અંદર ચોમેર લાગેલું છે તે બાહ્યપડ, તેનો એક ફાંટો ભેજાના બે ભાગ કરે છે. આ પડમાં લોહિને આવવાના માર્ગ છે.

(૨) બીજું પડ જેને મધ્યાવરણ કહેવામાં આવે છે તે બેવડું છે અને તેની પોલમાં પ્રવાહિ રસ છે તે થોડા ક્ષારયુકત પાણી જેવું નિર્મળ છે.

(૩) ત્રીજું પડ મગજને લાગેલું હોય છે તે અંતર–પડ કહેવાય છે, મગજના પોષણ માટે પૂરતાં દ્રવ્યો લોહિ આદિનું ભ્રમણ કરતી નસોની જાળ આમાં પથરાએલી છે.

### મગજની રચના ચાર ભાગોથી થયેલી છે

(૧) મગજનો મોટો ભાગ ઉપર છે. તેને મોટું ભેજું કહેવામાં આવે છે. (૨) બીજો વિભાગ ખોપરીના પશ્ચિમ અસ્થિ ઉપર રહે છે. તેને નાનું ભેજું કહેવામાં આવે છે. (૩) ત્રીજો ભાગ કરોડરજ્જુના દોરડાથી જોડાએલો છે. (૪) ચોથો ભાગ નાના અને મોટા ભેજા વચ્ચે આવેલો છે. મોટા ભેજાના બે ભાગ તેને અર્ધગોળ કહેવામાં આવે છે. વચ્ચે પડદો છે અર્ધગોળની સપાટી ઉપર કરચલીઓ પડેલી છે. બંને અર્ધગોળને જોડનાર ભાગ તળીએ છે. અર્ધગોળની મધ્યમાં પોલ છે. તેની અંદર બે ઢેરા છે. જેના ઉપર સ્પર્શ અને ગતિનો આધાર છે. ભેજાની સપાટી ઉપર કરચલી [ગુંછળા] પડેલી છે જેનું મગજ મોટું અને કરચલીની ગડીઓ ઉંડી ગુંછળાદાર, તેનું ભેજુ વધારે ખીલેલું હોય છે. આવા ભેજાવાળો માનવી બુદ્ધિમાન, હુંશિયાર, ઉંડી વિચાર શકિતવાળો, ઘણી સ્મરણ શકિત ધરાવવાવાળો હોય છે. અને છીછરી ગડીઓવાળો માનવી અલ્પ બુદ્ધિવાળો હોય છે.

બાળક જન્મે તે વખતે ભેજાની સપાટી સાદી અને કરચલીની અસર માત્ર હોય છે, પણ જેમજેમ ઉંમર વધે તેમ તેમ આ ગડીઓ વિકાસ પામી ઉંડી બને છે, વિદ્યાભ્યાસ કરતા બાળકોની મગજ શકિત બરાબર મજબુત બને તેવા આહારની ખાસ સંભાળ રાખવી જોઇએ. મગજના તળીએથી બાર તંતુઓ નિકળી આંખ, કાન, જીભ, ચહેરો આદિ ભાગો પર ફેલાઇ જાય છે. ભેજાની સપાટી ઉપર ભુરા રંગનો પદાર્થ અને અંદર શ્વેત રંગનો પદાર્થ હોય છે. કરચલીઓ ભૂરા પદાર્થવાળી હોય છે.

(૨) પશ્ચિમ અસ્થિના નીચેના ભાગમાં નાનું ભેજુ આવેલું છે તે નારંગી જેવડું હોય છે તેના પણ બે ભાગ છે. આમાં પણ ગડીઓ હોય છે દેખાવ ઝાડ જેવો હોય છે.

(૩) સેતુ–કરોડના દોર સાથે એક ઇચ લાંબો મગજનો ભાગ છે તેના અગ્ર ભાગમાં એકમેકથી વિરૂદ્ધ દિશામાં જનારા તંતુઓ આવેલા છે એટલે જમણી તરફના તંતુ ડાબી તરફ જાય છે. અને ડાબી બાજૂના જમણી તરફ જાય છે જ્યારે જમણા ભાગને ઇજા થાય છે. ત્યારે ડાબુ અંગ, અને ડાબા ભાગને ઇજા થાય છે ત્યારે જમણું અંગ ખોટકાઇ, લકવો આદિ દરદો થાય છે.

(૪) લંબમજ્જા સેતુ અને કરોડરજ્જુની વચ્ચે બોચીના ભાગ પર દોઢ ઇચ લાંબો અંગુઠા જેવડો ચપટો ભાગ છે. અહીંથી કરોડરજ્જુમાં થઇને મગજના હુકમોનો અમલ આખા શરીરમાં થાય છે. બુદ્ધિશાળી માનવીનાં ભેજાનું વજન આશરે ત્રણ શેર જેટલું હોય છે. ત્રીસ વરસ સુધી ભેજાનું વજન વધે છે. હાથી અને મગર આ બે વિરાટ પ્રાણી સિવાય સર્વ પ્રાણીઓ કરતાં માનવીનું ભેજુ વજનમાં વધારે હોય છે, મસ્તકની અંદર ભેજાના વિભાગની ફાટ, ભેજાના લોચા, પ્રવાહિ રસ, તંતુઓ

રક્તનળીઓ, અગ્ર અને મધ્ય લોચાની ફાટ, દષ્ટિ, ચહેરા, શ્રવણ, સંદેશા લાવવા લઇ જવા આદિના તંતુઓ ગ્રંથી, આદિ અનેક વિધવિધ પદાર્થો—અવયવો આવેલા છે.

વિચારશકિત, ઇચ્છાશકિત, સ્મરણશકિત, ગ્રહણશકિત, મેધા, બુદ્ધિ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, સુખ, દુઃખ, આનંદ, પ્રમોદ, ઠંડી ગરમી શબ્દ સ્પર્શ રૂપ, રસ, ગંધ ઇત્યાદિ લાગણીઓ ઉત્પન્ન થાય છે તે બધી ક્રિયા મગજને આધીન છે.

ગામ—નગર—પુર કે પાટણમાં ઉત્તરોત્તર જેમ રક્ષણના સાધનો વધારે ને વધારે હોય છે તેના કરતાં પણ રાજધાનીનાં સ્થાનનું રક્ષણ વધારે રાખવામાં આવે છે, તેવી જ રીતે શરીરરૂપી શહેરની રાજધાની મગજ છે, તેનું રક્ષણ પણ ઘણું જ મજબુત ગોઠવાએલું છે.

ખોપરીનો અંદરનો ભાગ ખાડાખૈયાવાળો છે તેમાં મગજના બધા અવયવો રક્ષાએલા છે. ખોપરીના પાછળના ભાગમાં બાંકોરું છે તે દ્વારા કરોડરજ્જુ કરોડની પોલમાં ઉતરે છે. ખોપરીના અગ્ર—મધ્ય અને પાછળ એમ ત્રણ આસન છે. અગ્ર આસન ઉંચું છે અને બીજાં નીચાં છે. અગ્ર અને મધ્ય આસનમાં મગજ રહે છે. બહારથી તપાસતાં ખોપરીનો ઉર્ધ્વ ભાગ લીસો જણાય છે. જુદાજુદા જોડાણ અને સાંધા દૃષ્ટિએ પડે છે; દરેક હાડકાની કોર કરવતના દાંતા જેવી હોય છે. અને દાંતા સામસામા જોડાવાથી ઘણાં જ મજબુત, અચળ, સાંધા સંધાઇ જાય છે. આવા સાંધાઓને વિધાતાએ લખેલા અક્ષરો છે, એમ ભોળા લોકોમાં મનાય છે. અડધો ભાગ ખડબચડો, છિદ્રોવાળો હોય છે તે ધમની શીરા આદિ નસો તથા તતુઓને નીકળવા માટે હોય છે.

કપાળના હાડકાના બે ભાગ છે. બન્નેનું જોડાણ થઇ લલાટ બને છે. ચહેરો—નાક અને આંખ આની સાથે સંબંધમા રહે છે. અને ઉપરના બે પાર્શ્વ અસ્થિ સાથે જોડાય છે.

બે પાર્શ્વ અસ્થિ ચોરસ છે, મસ્તકની ટોચે બન્ને સંધાય છે. પાછળના પશ્ચિમ અસ્થિ સાથે, આગળના લલાટ અસ્થિ સાથે અને નીચે લમણાના અસ્થિ સાથે જોડાય છે. આ દરેકના બાહ્ય ભાગ ઉંચા હોવાથી મસ્તકની દરેક બાજુ ટેકરા જેવી લાગે છે અંદર ધમનીને રહેવા માટે અંતરગોળ અને બાહ્ય—ગોળ, ગટર જેવું હોય છે અને ચાર કિનારા અને ચાર ખૂણા હોય છે.

**પશ્ચિમ અસ્થિ**—પાછળના ભાગમાં આવેલું છે. બોચીના ઉપરના ભાગ સાથે જોડાએલું છે. અંદર સાથીયાના આકારની રેખાઓ છે. તેમાં રકતવાહીનીઓ વહે છે. નીચેનો ભાગ કરોડના પેલા મણકા સાથે જોડાએલો છે.

**લમણના અસ્થિ**—કાનની ઇન્દ્રિયના અવયવો આ અસ્થિમાં હોય છે.

**નાકનું અસ્થિ.** નાકના ઉપરના ભાગમાં સૂક્ષ્મ હલકું અને છિદ્રવાળું હોય છે. સુંઘવાના તંતુઓ તેમાં થઇને નાકમાં જાય છે.

આવી રીતે ખોપરી દ્વારા મગજરૂપી રાજધાનીની ઉચ્ચ કક્ષાની રક્ષા થયેલી છે, ઉપરાંત આખા શરીરમાં રહેલા અંગઉપાંગોમાં મગજ ઉચ્ચ સ્થાને હોવાથી તેનો એક ભાગ જે લલાટ નામથી બોલાય છે, તેને જ તિલકથી સુશોભિત કરવામાં આવે છે.

શરીરમાં વ્યાપી રહેલા વાત—પિત્ત ને કફ પૈકી આલોચક અને સાધક, નામનાં પિત્તનો વાસો મગજના અવયવો સાથે છે, પિત્ત ઉષ્ણ સ્વભાવવાળી બુદ્ધિદાતા શકિત છે. ભેગા થએલા નિરુપયોગી પદાર્થોનો નાશ કરે છે. શરીરના અંગોપાંગો શિત અને ઉષ્ણ અનુભવી શકાય છે. પણ લલાટ તો સદાયે ઉષ્ણ જ રહે છે, દિવસે કે રાત્રે, ઠંડકમાં કે ગરમીમાં કોઇપણ સમયે લલાટે સ્પર્શ કરો તો ઉષ્ણ જ માલમ પડશે. 'ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયનો વાસ શરીરમાં રહેલો છે.

કપાળે ક્રોધ, ગળે માન, હૃદયે માયા જાણ;<br>
આખા અંગે લોભ, એ કષાય વાસ પ્રમાણ.

ક્રોધ જે ઉષ્ણ સ્વભાવનો કષાય છે તેનો વાસો કપાળમાં છે આ ક્રોધાગ્નિ એવો ભયંકર છે કે, જો કોપે તો મગજ શકિતને ક્ષીણ કરી નાંખે છે, માટે ક્રોધ કોપે નહિં. તે માટે વળી આલોચક, અને સાધક નામના ઉષ્ણ સ્વભાવના પિત્ત પણ પ્રકોપ ન પામે તે માટે કપાળે શીતવીર્ય ઔષધો જેવા કે ચંદન, કપુર. બરાસ, ગોરોચંદન, રતાંજળી આદિ વસ્તુઓને ખુબ ઘુંટી મુલાયમ કરી ત્રિલક, ચાંદલા, ત્રિપુંડ કે બીજા આકારના તિલકો કપાળે કરવાની યોજના પૂર્વકાળથી યોજાએલી છે. 'રસોદ્ધારતંત્ર' ગ્રંથમાં લખ્યું છે કે, ચંદનાદિ ધારણ કરવાથી, ચોળવા–ચોપડવાથી તૃષા, મૂર્ચ્છા, દુર્ગંધ, પરસેવો, દાહ મટે છે. ભાગ્યનો ઉદય થાય છે. લક્ષ્મી મળે છે. તેજ, કાંતિ, બળ અને ઓજ વધે છે.'

પૂર્વકાળના પરોપકારી ઋષિ મુનિઓએ, જીવન નિરોગી સુખી અને સંતોષમય રહે તે માટે 'આવક પ્રમાણે ખરચ રાખો' એ સૂત્ર અમલમાં આણ્યું હતું. પણ યુરોપ દેશમાં ખેલાએલા છેલ્લા ભયંકર, ભીષણ હિંસક, કારમા દારૂણ યુધ્ધે પૃથ્વી ઉપરની ઘણી ઉત્તમ સામગ્રીઓનો વિનાશ આણી દીધો છે. જેના પરિણામે માનવી ધન, ધાન્ય અને આરોગ્યથી હણાઇ ગયો છે, અપૌષ્ટિક હલકા ધાન્યો, અને હલકા ઘી તેલો પણ ભયંકર મોંઘા થઇ પડયા છે. મગજને પૌષ્ટિક વસ્તુઓ સાચી મળવી મુશ્કેલ થઈ ગઇ છે અને આવી પડેલી આ યાતનાઓએ, 'ખરચ પ્રમાણે આવક કરો એ સૂત્ર અપનાવ્યું છે.' આ પ્રમાણે શાંતિદાતા આરોગ્યદાતા પ્રથમના સૂત્રને ફેરવી નાંખ્યું છે. પરિણામે અશાંતિ અને અતૃપ્તિ, દુઃખ અને થાક, ભય અને ચિંતાથી મગજ શકિત હણાવા લાગી છે.

સાદું ખાય, સાદું પીવે, સાદું પહેરે, સાદું ઓઢે, સાદું જીવન, સાદી લાગણીઓ, સાદા આવેશો, જ્યાં સુધી સાદાઇ હતી ત્યાં સુધી શાંતિ હતી. ગાઢ નિદ્રા હતી. જ્ઞાનતંતુ કે મગજના દરદો હતા નહિં. સ્ફુર્તિમય શરીર, શરીરના સર્વ ભાગોનો યોગ્ય વિકાસ, હસતો ચહેરો, આંખ ઉઘાડતાં બેઠા થવાની ઇચ્છા, ટુંકાણમાં ઓછી જરૂરિઆતે જીવનમાં સુખ ને શાંતિ ભરેલા હતા.

વરસો વરસ મોંઘવારી વધતી જાય છે. આરોગ્ય ઘસાતું જાય છે. ખરચા પૂરા થતા નથી. આને પહોંચી વળવા મગજને એટલી બધી મહેનત પડે છે કે, મગજના કિંમતી અવયવો શ્રમથી ઘેરાઇ જાય છે, શાંત નિદ્રા આવતી નથી. જેથી માનસિક, અને આધ્યાત્મિક શકિત પણ ક્ષીણ થવા લાગી છે, છતાં એ જરૂરિઆત ઘટાડવા યોગ્ય ભૂમિકા તૈયાર થતી જ નથી.

છેલ્લા બે પાંચ વરસથી તો મનુષ્યલોકના માનવે, દેવલોકના દેવો પાસે જવાની તૃષ્ણા ઉભી કરી દીધી છે, જેણે પુણ્ય સંચય કર્યો હોય, જેના શ્વાસોશ્વાસમાં કમળ સરખી સુગંધી વહેતી હોય, જેના આંખના પોપચા સ્થિર હોય, જે જમીનથી અધ્ધર ચાલી શકતા હોય. જેના દેહનો પડછાયો ન પડતો હોય, આવિ સ્થિતિ જેણે સુકૃત્યો કરી પુણ્ય સંચય કર્યો છે તે દેવોના વાસ ચંદ્ર, શુક્ર કે મંગળના સ્થાનમાં, મૃત્યુ લોકના માનવને માનવશરીરે જવાની તૃષ્ણા જાગી છે.

વિજ્ઞાનના નામે, વિનાશનાં સાધનો બનાવીને, અનેક નિર્દોષ પામર પ્રાણીઓનો વિનાશ સર્જીને, દુનિયામાં વેર–ઝેર, ઇર્ષા–અદેખાઇ વધારીને જીવ સૃષ્ટિને મૃત્યુની ભીતિથી ભડકાવીને, ભીષણ મોંઘવારી સર્જીને, ન મટે તેવા રોગો ફેલાવીને હિંસક આહાર વિહાર અને હિંસક વિચારણાઓ જન્માવીને સંયમી જીવનને ભૂલી ઉચ્ચ સ્થાનમાં જવું છે, આ કેવી રીતે શકય બને ?

શાસ્ત્રમાં તો ચારે દિશિ વિદિશિ, ઉંચે–નીચે આટલા ગાઉથી અધિક ન જવું તેવું દિક્ પરિણામવ્રત બતાવેલું છે, જે વ્રતથી વધતી જરૂરિઆત તરફ માણસને જતા અટકાવવાની ખૂબી રહેલી છે.

છતાંએ યોજનાઓએ તો માણસને જરૂરીઆતો વધારવા તરફ આકર્ષણ કરી દીધું છે. અને પરિણામે મગજ અને કરોડરજ્જુ કે જેનાં ઉપર પાંચે ઇન્દ્રિ–

યોની શકિત, સર્વ અવયવોની ગતિ જ્ઞાનશકિતનો આધાર, બુદ્ધિનું ઉત્પત્તિસ્થાન, શરીરની જીવનદોરી છે. આવું મગજ અનેક પ્રકારના નાના મોટા રોગોથી પરેશાન થઇ રહ્યું છે.

ઉપરાંત, મળમૂત્રના વેગને રોકવાથી, અતિશ્રમ, અજીર્ણ ઉપર ભોજન કરવાથી, ઇન્દ્રિયનિગ્રહ નહિં કરવાથી, હદ ઉપરાંત મગજમારીનું કામ કરવાથી, ક્રોધના આવેશથી, અતિ ચિંતાથી, અતિ સ્ત્રીસંગથી આંસુનો વેગ રોકવાથી, આત રુદનથી, ઉજાગરાથી, છીંક અને બગાસા રોકવાથી, તમાકુ, અફીણ ને દારૂના વ્યસનથી, શોક ભય અને ત્રાસથી, વિરૂદ્ધ આહાર વિહારથી મગજનાં રોગો ઉત્પન્ન થાય છે.

## સાદા અને સરલ ઉપચાર

(૧) ગાયના દૂધમાં વિકાસ અને પોષણના મહત્વના તત્વો હોવાથી મગજને રોગ રહિત રાખવા માટે પૂર્ણ પથ્ય ખોરાક દૂધ અવશ્ય લેવું જોઇએ.

(૨) ખાખરો, જેઠીમધ, હરડા, બેડા અને આમળા સરખા વજને લઇ ખાંડી વસ્ત્રગાળ કરી સવાર-સાંજ પાંચ આની ભાર લેવું. ઉપર એક કપ દૂધ પીવું આથી તંદ્રા, મગજની સુસ્તી અને શ્રમ મટે છે.

(૩) ઉપલેટ, આસગંધ, સિંધાલુણ, અજમોદ, જીરૂ, શાહજીરૂ, ત્રિકટુ, કાળીપાઠ અને શંખાવળી, આટલા ઔષધો સમાન ભાગે લઇ તેમાં અગ્યાર તોલા ઘોડાવજ નાંખી ખાંડી વસ્ત્રગાળ કરી બ્રાહ્મીના રસની ત્રણ ભાવના દઇ છાંયામાં સુકવી ઘુંટી ગાયના ઘી સાથે સેવન કરવાથી ઉન્માદ મટે છે. યાદશકિત બુદ્ધિ, કાવ્યશકિત, ધૈર્ય વધે છે, વિદ્યાર્થીઓને ઘણું ઉપયોગી છે.

(૪) **વ્યોમસપ્તકયોગ**—અભ્રક, લોહ, ત્રિફળા પીપર અને ગળો સમભાગે, ખાંડી વસ્ત્રગાળ કરી અડધા તોલામાં સવાર-સાંજ બે વાલ ઘી ગાયનું મિલાવી ચાટી જવું. સાંજનો ખોરાક હલકો પથ્ય ખીચડી અને દૂધ લેવું. સ્મૃતિ વધે છે. મગજની અસ્થિરતા મટે છે. બળ-કાંતિ, ઓજ અને આરોગ્ય વધે છે.

(૫) ભાંગરાનો રસ તોલો ૧ બત્રીસ દિવસ પીવો ખોરાકમાં દૂધ વધારે લેવું.

(૬) શીલાજીતનો પ્રયોગ, શીલાજીત તોલા અઢી ચંદ્રોદય, લોહ, અભ્રક, બંગ, હરડે, આમળા, શેમળાનો ગુંદર, પ્રત્યેક તોલો સવા, ખાંડીઘુંટી સાથે મેળવી વસ્ત્રગાળ કરી શીશીમાં ભરી લેવું, પહેલા મહિને સવારસાંજ એકેક રતિ બીજા મહિને બબે રતિ એમ દર મહિને એકેક રતિ વધારતા જવું, ધીરજ રાખી છ મહિના સેવન કરવાથી મગજના સર્વે રોગોને ફાયદો કરે છે.

(૭) સુવર્ણ, રૌપ્ય અને મૌકિતક, પણ મગજ રોગમાં ઘણાં જ હિતકારી છે.

(૮) સવાર-સાંજનું પ્રતિક્રમણ વિધિવત્ અવશ્ય કરવું. ગુણગણાલંકૃત ગણધર ભગવંતોએ બનાવેલા પ્રતિક્રમણમાં બોલાતા અમોઘ મંત્રાક્ષરોથી ભરેલા સુત્રો સાંભળવાથી રાત્રી અને દિવસભર કરેલી પાપની પ્રવૃત્તિઓનો પશ્ચાત્તાપ કરાવતું શ્રી વંદિતા સુત્ર અને ધ્યાનમગ્ન બનાવતા કાઉસ્સગ્ગો—કાઉસગ્ગ કરતી વખતે બધું ભૂલી જઇ એકાગ્ર થવાથી મગજને ઘણી જ શાંતિ ઉદ્દભવે છે આ અનુભવસિદ્ધ છે. છેવટ જિનેશ્વરદેવો પ્રત્યેના ભકિતભાવને ઓતપ્રોત કરતાં સ્તવનો અને વૈરાગ્યવાસિત સજ્ઝાયો, જે મધુર કંઠે ગવાતા હોઇ અનેક દુઃખો સહન કરી મહાન પદવી મેળવનાર, મહાપુરુષોના વૃત્તાંતો સુમધુર સંગીત દ્વારા સાંભળવાથી જ્ઞાનતંતુઓ ઉત્સાહિત બને છે. મગજ શાંતિ અનુભવે છે, પ્રતિક્રમણ કરી ઘરે જઇ સાંભળેલ સર્વ ક્રિયાઓ પર ભાવવાહી વિચારણા માણસને ગાઢ નિદ્રા બક્ષે છે. જ્યાં ગાઢ નિદ્રા છે ત્યાં મગજ તંદુરસ્ત છે. માટે મગજની શાંતિ માટે સાંજના પ્રતિક્રમણની ક્રિયા અવશ્ય કરવી જ જોઇએ.

*

# જૈનદર્શનનો કર્મવાદ

## પરમાણુ અને સ્કંધોની વૈજ્ઞાનિક વિચારણા

**અધ્યાપક : શ્રી ખૂબચંદ કેશવલાલ શાહ શિરોહી** (રાજસ્થાન)

જૈનદર્શનના કર્મવાદ અને પુદ્ગલવાદને સ્પષ્ટતાપૂર્વક ચર્ચતી આ લેખમાળા 'કલ્યાણ'માં વર્ષોથી ચાલુ રહી છે, જૈનદર્શનના પુદ્ગલોની તાત્વિક વિચારણા કરતાં લેખક આ લેખમાં પરમાણુ તથા સ્કંધો વિષે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જૈનદર્શનની માન્યતાઓની તલસ્પર્શી મીમાંસા અહિં કરે છે. આજના વિજ્ઞાનની શોધને અંગે જૈનદર્શન કેટ-કેટલું આગળ વધેલું છે, તે જાણવા માટે આ લેખ સર્વ કોઇએ વાંચવા જેવો છ. જેથી જૈન સિદ્ધાંતની સુસંવાદિતા પ્રત્યે શ્રદ્ધા વધુ સ્થિર થશે એ નિઃશંક છે.

❀

વિજ્ઞાનના ક્ષેત્રમાં પરમાણુ, પુદ્ગલસ્કંધ, સ્કંધનિર્માણ, પરમાણુની સૂક્ષ્મતા, મૌલિકતત્ત્વો વગેરે બાબતો પર અનેક આવિષ્કારો થયા છે તેમાંય પણ અણુની ચર્ચાઓ તો હવે પ્રાયઃ ઘરઘર પહોંચી ગઇ છે. અને હજુપણ તે વિજ્ઞાનને વિકસાવવા વૈજ્ઞાનિકો જોશભર પ્રયત્ન કરી રહ્યા છે. પરંતુ આ વિષયોની સ્પષ્ટતામાં જૈન–દર્શનની દૃષ્ટિએ વિજ્ઞાનક્ષેત્રમાં હજુ ઘણી જ અપૂર્ણતા છે. છતાં પણ વિજ્ઞાને સ્વીકારેલ પરમાણુ વગેરેની સૂક્ષ્મતા પર દૃષ્ટિપાત કરતાં જૈનશાસ્ત્રમાં કહેલ પરમાણુ, પુદ્ગલવર્ગણાઓ, સ્કંધો અને સ્કંધનિર્માણની અત્યંત સૂક્ષ્મતમતા અંગે જૈનદર્શનકારોની સર્વજ્ઞતા પર દ્રઢ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. અને પદાર્થવિજ્ઞાનની પૂર્ણતાનો સાચો ખ્યાલ જૈનશાસ્ત્રોમાંથી જ પ્રાપ્ત થઈ શકે છે એમ નિષ્પક્ષપાતપણે સ્વીકારવું પડે છે. વિજ્ઞાન એટલે પ્રકૃતિના અભ્યાસ મારફત અન્વેષણ. આ અભ્યાસ પ્રયોગાત્મક હોય. અને એ અભ્યાસ વધતો જાય તેમ જ્ઞાનમાં વધારો થાય.

વિજ્ઞાનનાં પ્રયોગસિદ્ધ એટલું જ સત્ય એમ કેટલાકો કહે છે. પરંતુ પ્રયોગશાળાઓની મર્યાદાઓ બહાર પણ સત્ય હોઇ શકે છે. ટુંકમાં પ્રયોગસિદ્ધથી અન્ય અસત્ય છે એમ કહેવું એ બરાબર નથી. જે વસ્તુ પોતાથી જાણી ન શકાય એ બધી જુઠી જ એવું વલણ અયોગ્ય જ છે. કારણ કે વિજ્ઞાન પરિવર્તનશીલ છે, જ્યારે સર્વજ્ઞ સિદ્ધાંતો સર્વાંગી અને સનાતન અપરિવર્તનશીલ છે. પદાર્થનાં સ્વરૂપને જાણવા સમજવામાં વૈજ્ઞાનિક આવિષ્કારોને જ સર્વસ્વ માનનારાઓએ સમજવું જોઈએ કે જેને તેઓ આવિષ્કાર કહે છે, તે આવિષ્કાર નહીં પણ અત્યાર સુધીની વર્તમાન વિજ્ઞાનની અલ્પજ્ઞતા અને અનભિજ્ઞતાનીજ સાબીતી છે.

કહે છે કે, ન્યૂટને ગુરુત્વાકર્ષણનો આવિષ્કાર કર્યો. તે આવિષ્કારનો અર્થ એવો નથી કે પૃથ્વીમાં આકર્ષણ ગુણ ન હતો અને ન્યૂટને તેને ઉત્પન્ન કર્યો. આકર્ષણગુણ તો જ્યારથી પૃથ્વી છે ત્યારથી મૌજુદ હતો. પરંતુ ન્યૂટનથી પહેલાંના કાળમાં વૈજ્ઞાનિક તે જાણતા ન હતા. એટલે એવા પ્રાકૃતિક નિયમની જાણકારીનું નામ જ આવિષ્કાર કહેવાયું. વૃક્ષના મૂળમાં પાણી સીંચવાથી આખા વૃક્ષમાં પાણી પહોંચી જાય છે, એવો પ્રાકૃતિક નિયમ હતો અને છે. પરંતુ સર જગદીશચન્દ્રબોઝે તેના કારણની જાણકારી પ્રાપ્ત કરી તે પણ વિજ્ઞાનનો એક આવિષ્કાર થયો.

એ પ્રમાણે દરેક આવિષ્કારો પર વિચાર કરીએ તો આવિષ્કારિત સર્વ બાબતો અંગે વિજ્ઞાનની ભૂતકાલીન અનભિજ્ઞતા જ સાબીત થાય છે પરમાણુ અંગે પણ તે રીતે જ સમજવું.

વર્તમાન વિજ્ઞાનની માન્યતા છે કે, પરમાણુવાદના આવિષ્કારક ઇસ્વી પૂર્વે ૪૬૦–૩૭૦માં થઈ ગયેલ ડેમોક્રેટસ છે. પરંતુ ભારતવર્ષમાં પરમાણુનો ઇતિહાસ તેનાથી પણ અબજો વર્ષ પૂર્વનો મળે છે. પરમાણુના વિષયમાં સુવ્યવસ્થિત વિવેચન જૈનદર્શનમાં સદાને માટે મળે છે. પરમાણુવાદની માનેલી હકિકત અંગે જૈનધર્મમાં થઇ ગયેલ ચોવીસે તીર્થંકરોનાં કથનમાં અન્યોન્ય લેશમાત્ર પણ ફેરફાર થવા પામ્યો નથી. એટલું જ નહિં પણ જૈનદર્શનની માન્યતાનુસાર પૂર્વે થઇ ગયેલ અનંત ચોવીસી તીર્થંકરોએ પણ પરમાણુવાદ એક સરખી રીતે જ કહ્યો છે. પ્રાકૃતિક નિયમ અંગે જૈનધર્મના કોઇ પણ તીર્થંકરનું કથન અન્ય તીર્થંકરના કથનથી લેશમાત્ર પણ ફેરફારવાળું નહિ હોતાં એક સરખું જ હોય છે અને રહેવાનું. એ જ જૈનશાસ્ત્રમાં બતાવેલ વસ્તુ સ્વરૂપના પૂર્ણાંશ સત્યની સાબીતીરૂપ છે. જૈનધર્મ પ્રાચીન અને શાશ્વત હોવાથી પરમાણુવાદનું અસ્તિત્વ પણ પ્રાચીન જ છે.

જૈનધર્મથી અજ્ઞાત માણસો કદાચ પોતાની અજ્ઞાનતાથી જૈનધર્મનો સંબંધ ભગવાન મહાવીર સ્વામીથી માની લે તો ભગવાન મહાવીર દેવનો જીવનકાળ પણ ડેમોક્રેટસથી એકસો કરતાં કંઈક અધિક વર્ષ પૂર્વનો હોવાથી ડેમોક્રેટસના જીવનકાળ પહેલાં પણ પરમાણુવાદનું અસ્તિત્વ જૈનદર્શનદ્વારા ભારતવર્ષમાં પ્રચલિત હતું. ડેમોક્રેટસના સમય પહેલાં પરમાણુવાદનો ખ્યાલ વિજ્ઞાનક્ષેત્રમાં નહીં હોવા માત્રથી તે ખ્યાલ જગતમાં કોઇને ન હતો એમ કહેવાની તો કોઈ હિંમત કરી શકે તેમ નથી જ.

પ્રયોગદ્વારા સમજાયેલ ડેમોક્રેટસને સમજાએલ પરમાણુ–પુદ્ગલનું સ્વરૂપ, ભગવાન મહાવીરદેવે ઉદ્‌ઘોષિત કરેલ સ્વરૂપ પ્રમાણુ આગળ એક સામાન્ય અંશ માત્રરૂપે હતું. ડેમોક્રેટસ પછી વૈજ્ઞાનિક ક્ષેત્રમાં તે વિષય અંગે કંઇક વિકાસ વૃદ્ધિ થવા છતાં પણ તેમાં કંઈ ત્રુટી નથી અગર તો વિજ્ઞાને હાલમાં માની લીધેલ માન્યતામાં પરિવર્તન થવાનું જ નથી એમ કોઇ કહી શકે તેમ નથી. કારણ કે વિજ્ઞાન ક્યારે ય પણ એક જ સ્થાન પર રહી શકતું નથી. જે નિયમોને સો વર્ષ પહેલાં ઠીક મનાતા હતા તેમાં આજે ઘણું જ પરિવર્તન થઈ ગયું છે. પ્રતિદિન નવા નવા નિયમોની શોધ થઈ રહી છે. અને નવા નવા તત્ત્વોનો પત્તો લાગી રહ્યો છે. માટે વિજ્ઞાનવેત્તા સ્વયં કહે છે કે, 'વિજ્ઞાન અપૂર્ણ છે અને સદા અપૂર્ણ રહેશે' અર્થાત્ ક્યારે ય પણ એવો સમય નહિં આવે કે જ્યારે મનુષ્ય એમ કહી શકે કે, 'મેં સર્વ વાત જાણી લીધી, હવે મારા ઉત્તરાધિકારીઓને કંઈપણ જાણવાનું શેષ રહ્યું નથી અથવા જે હું જાણું છું તે બધું પૂર્ણ–સત્ય જ છે.'

ડેમોક્રેટસે આ સંસારને દ્રશ્ય અને અદ્રશ્ય તમામ સંગઠિત પરમાણુઓના સંયોગ અને વિયોગના પરિણામ રૂપે જ સ્વીકાર્યો છે. પરમાણુ અંગેની પોતાની ધારણા પ્રદર્શિત કરતાં તેણે કહ્યું છે કે, 'સર્વ પદાર્થ પિંડ પરમાણુ સમુહથી જ બનેલ છે. અને જે અચ્છેદ્ય, અભેદ્ય અને અવિનાશી અંશ છે તેને જ પરમાણુ કહી શકાય.' પરમાણુની આ વ્યાખ્યા ડેમોક્રેટસથી માંડી અત્યાર સુધી વિજ્ઞાનક્ષેત્રમાં અસ્ખલિતપણે ટકી રહી છે. અને જેથી પોતે સ્વીકારેલ નિર્વિભાજ્ય પદાર્થ અંશ, પ્રયોગદ્વારા જેમજેમ સવિભાજ્ય અંશ તરીકે સાબિત થતો જાય છે તેમતેમ તે અંશની સંજ્ઞા ભલે ન બદલે પણ તે અંશને અચ્છેદ્ય–અભેદ્ય અને અવિનાશી તરીકેની માન્યતા છુટતી જાય છે અને છુટતી જશે. પરમાણુ પછી એલેકટ્રોન અને પ્રોટોન તથા પ્રોટોનમાંથી ન્યૂટ્રોન અને પોઝીટ્રોનની માન્યતા એ

તેનો સ્પષ્ટ પૂરાવો છે.

ભગવાન મહાવીરદેવ પણ પરમાણુને અવિભાજ્ય અચ્છેદ્ય, અભેદ્ય, અદાહ્ય અને અગ્રાહ્ય બતાવ્યો છે. પરંતુ વિશેષમાં બતાવ્યું છે કે તે ઈન્દ્રિયગ્રાહી અને પ્રયોગનો વિષય છે જ નહીં. જે અણુ ઉપર પ્રયોગ થઈ શકે તેને પરમાણુ કહી શકાય જ નહીં.

આ વ્યાખ્યા અનુસાર જૈનદર્શનને માન્ય પરમાણુ અખંડ હતો, છે, અને રહેશે. જ્યારે વિજ્ઞાને માની લીધેલ પરમાણુ તૂટી ગયો છે.

જૈનશાસ્ત્ર તો કહે છે કે, મનુષ્યકૃત કોઈ પણ ક્રિયા અને ગતિ પરમાણુમાં હોઇ શકતી જ નથી. મનુષ્ય તો ફક્ત અનંતપ્રદેશી સૂક્ષ્મ સ્કંધ ઉપર જ પ્રયોગ કરી શકે છે, એટલે પરમાણુ, એલેક્ટ્રોન, પ્રોટોન, ન્યુટ્રોન કે પોઝીટ્રોન એ સર્વ સત્ય પરમાણુઓથી સંઘટિત સ્કંધ જ છે.

જૈનશાસ્ત્રકારોએ અવિભાજ્ય તથા સૂક્ષ્મ અણુને પરમાણુ કહ્યો છે, અને સૂક્ષ્મ સ્કંધો જ ઇન્દ્રિય વ્યવહારમાં સૂક્ષ્મતમ લાગે છે તેવા સ્કંધોની ઓળખાણ 'વ્યવહાર પરમાણુ' તરીકેની બતાવી છે. વિજ્ઞાન ક્ષેત્રમાં પણ પ્રથમ જેને પરમાણુ મનાયો હતો, તેને વૈજ્ઞાનિકો હાલે સૂક્ષ્મતમ (અવિભાજ્ય) માનતા નહિ હોવા છતાં પણ વ્યવહારમાં તેની ઓળખાણ પરમાણુ શબ્દથી જ થાય છે. આ પરમાણુ (એટમ) અને એલેક્ટ્રોન આદિ કણો જૈનદર્શનની દૃષ્ટિએ તો વ્યવહાર પરમાણુ જ કહેવાય છે. એટલે વિજ્ઞાને માની લીધેલ પરમાણુમાં એકત્રિક બની રહેલી એલેક્ટ્રોન આદિ સૂક્ષ્મકણો પણ જૈનદર્શનની દૃષ્ટિએ તો અનંત પ્રદેશાત્મક સ્કંધ જ છે, વિજ્ઞાને સૂક્ષ્મકણો કરતાં જૈનશાસ્ત્રમાં માન્ય પરમાણુની અને વ્યવહાર પરમાણુ (સૂક્ષ્મ સ્કંધો)ની સૂક્ષ્મતા તો અનંતાનંત ગુણી છે. તે પ્રથમ વિચારેલ સોળ વર્ગણામાંના સ્કંધો તથા તે પ્રત્યેક સ્કંધોમાં સંમિશ્રિત બની રહેલ પરમાણુની દર્શાવેલ સંખ્યા ઉપરથી જ સમજી શકાય છે. વ્યવહાર પરમાણુ (સૂક્ષ્મસ્કંધો) અને તેની અંદર રહેલ પરમાણુ સમૂહની વિશાળ સંખ્યામાં અશ્રદ્ધા રાખનારે સમજવું જોઇએ કે જૈનદર્શનને માન્ય પરમાણુ કરતાં અનંતગુણ સ્થૂલ એવા વિજ્ઞાનિક પરમાણુની પણ કેટલી સૂક્ષ્મતા છે?

વિજ્ઞાન કહે છે કે, પચાસ શંખ પરમાણુઓનો ભાર ફક્ત અઢી તોલા લગભગ હોય છે. સીગારેટ લપેટવાના કાગળ અથવા પતંગી કાગળની જાડાઇ ઉપર એક પછી એક લાઇનસર ગોઠવવાથી એક લાખ પરમાણુ સમાઇ શકે. ધૂળની એક નાના કણમાં દશ પદ્મથી પણ વધુ હોય છે.

એક ગ્લાસમાં સોડાવોટર ભરવા વખતે જે નાની નાની બુંદ (પરપોટી) થાય છે તેમાંથી એક બુંદના પરમાણુઓની ગણત્રી કરવા માટે સંસારના ત્રણ અરબ વ્યકિતઓ ખાધા-પીધા-સુવા વિના લગાતાર પ્રતિ મિનિટે ત્રણસોની સંખ્યા પ્રમાણ પરમાણુઓ ગણતા જાય તો તે બુંદના પરમાણુઓની સમસ્ત સંખ્યાને ગણવા વડે સમાપ્ત કરતાં ચાર મહિના લાગે. પાતળા વાળને ઉખેડતી વખતે તે વાળની જડ ઉપર લોહીની જે સૂક્ષ્મબુંદ નીકળે છે તેને આણુવીક્ષણની તાકાતથી છ અગર સાત વ્યાસ પ્રમાણ વધારી જોવામાં આવે તો તે બુંદની અંદરના પરમાણુનો વ્યાસ ૧-૧૦૦૦ ઇંચજ હોઇ શકે છે એક અધોળ જેટલા હાઇડ્રોજનમાં ૧૬ ઉપર ૨૪ મીંડાં સંખ્યા પ્રમાણ પરમાણુ હોય છે.

## હવે સ્કંધ અંગે વિચારીએ:—

જૈન દર્શન અનુસાર પરમાણુની એકત્રિત અવસ્થા તે સ્કંધ છે. અમુક પરિમિત સંખ્યામાંજ એકત્રિત બની રહેલ પરમાણુસમુહને જ

સ્કંધ કહી શકાય એવું માની લેવાનું નથી. એકથી અધિક ગમે તેટલી સંખ્યા પ્રમાણુ પરમાણુનો એકીભાવ તે સ્કંધ કહેવાય છે. દરેક સ્કંધો સરખી સંખ્યા પ્રમાણુ પરમાણુવાળાજ હોય તેવું પણુ નથી. બેથી માંડી યાવત્ અનંત પરમાણુઓના એકીભાવરૂપ સ્કંધો વિવિધ પ્રકારના હોય છે અને તે દરેક પ્રકારમાં અનંતા સ્કંધો હોય છે. વળી એવા વિવિધ સ્કંધોના એકરૂપ મિશ્રિત થવાથી પણુ એક સ્વતંત્ર સ્કંધ કહેવાય છે. તેવી રીતે એક સ્કંધમાં એકીભાવ રૂપે સ્થગિત રહેલ પરમાણુસમૂહમાંથી એક કરતાં ગમે તેટલી સંખ્યામાં એકભાવ બની રહેલો અમુક પરમાણુ સમૂહરૂપ ટુકડો અલગ પડે તો પણુ તેને સ્વતંત્ર સ્કંધ કહેવાય છે.

સ્કંધના વિષયમાં વિજ્ઞાનનું માનવું પણુ આ રીતે જ છે. પરંતુ એક સ્કંધમાંથી તોડી તોડીને ટુકડા કરતાં કરતાં યાવત્ તે પદાર્થ સ્વસ્વરૂપમાં રહે ત્યાં સુધીના ટુકડાને જ સ્કંધ તરીકે સ્વીકારવાનું વિજ્ઞાનનું મંતવ્ય છે. જે પદાર્થનો અણુ કોઇ અન્ય પદાર્થ જાતિમાં પરિણુત થઈ જાય તે પદાર્થના અણુને વિજ્ઞાન સ્કંધ તરીકે સ્વીકારતું નથી.

જૈનદષ્ટિએ તો પદાર્થ સ્વરૂપના બદલવાની અપેક્ષા રાખ્યા વિના સ્કંધના ટુકડા કરતાં કરતાં યાવત્ બે ભાગ થઇ શકે ત્યાં સુધીના ટુકડાના સ્કંધ પણુ કહી શકાય છે. એટલે જ જૈનદર્શનને માન્ય સ્કંધસ્વરૂપ દ્વારા પદાર્થજ્ઞાન બહુજ સુંદર રીતે સમજી શકાય છે.

દરેક સ્કંધોમાં પરમાણુ સમૂહ વિવિધ સંખ્યામાં અને વિવિધ સ્વરૂપે હોવાથી સ્થૂલતા અને સૂક્ષ્મતાની દૃષ્ટિએ જૈન શાસ્ત્રમાં પુદ્ગલસ્કંધ છ પ્રકારના બતાવ્યા છે.

૧ છેદન–ભેદના તથા અન્યત્ર વહન થઈ શકે તેવા પુદ્ગલસ્કંધ "અતિસ્થૂલ" કહેવાય છે. જેમ કે ભૂમિ, પત્થર, પર્વત વગેરે.

૨ છેદન ભેદન થઇ ન શકે પરંતુ અન્યત્ર વહન થઇ શકે તેવા ઘૃત, પાણી, તેલ વગેરે "સ્થૂલ" કહેવાય છે.

૩ કેવલ ચક્ષુથી દૃશ્યમાનજ છાયા–તડકો વગેરે કે જેનું છેદન, ભેદન કે અન્યત્ર વહન ન થઈ શકે તેવા પુદ્ગલ સ્કંધોને "સ્થૂલ–સૂક્ષ્મ" કહેવાય છે.

૪ જે નેત્ર સિવાય ચાર ઈન્દ્રિયોનાજ વિષયભૂત એવા વાયુ તથા અન્ય પ્રકારના ગેસ વગેરેને "સૂક્ષ્મ–સ્થૂલ" કહેવાય છે.

૫ મનોવર્ગણુા, ભાષાવર્ગણુા, કાયવર્ગણુાનાં જે સૂક્ષ્મ પુદ્ગલ સ્કંધો કે જે અતીન્દ્રિય છે. તેને "સૂક્ષ્મ" કહેવાય છે.

૬ દ્વિપ્રદેશી વગેરે સ્કંધને "અતિસૂક્ષ્મ" કહેવાય છે.

સ્કંધની સ્થૂલતા અને સૂક્ષ્મતા વિજ્ઞાન ક્ષેત્રમાં ફકત ત્રણુ રીતે જ સમજાઈ છે. (૧) ઠોસ (૨) તરલ અને (૩) બાષ્પ. જૈનદર્શને કહેલ ઉપરોકત છ પ્રકારમાંથી આ ત્રણુ ભેદો અનુક્રમે પહેલા, બીજા અને ચોથા પ્રકારરૂપે કહી શકાય. ત્રીજા, પાંચમા અને છઠા પ્રકારના પુદ્ગલસ્કંધોનો તો વિજ્ઞાનને ખ્યાલપણુ નથી. તો પછી વર્ગણુાઓમાં બતાવેલ સ્કંધ સમૂહની સૂક્ષ્મતાનો તો ખ્યાલ કયાંથી હોય જ ? માટે વૈજ્ઞાનિકોએ કલ્પેલ સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્કંધ પણુ જૈનદર્શને દર્શાવેલ સૂક્ષ્મ સ્કંધ અનંતગુણો સ્થુલ છે. તેવા સ્થુલ સ્કંધોની સૂક્ષ્મતા પણુ કેવી છે તે બતાવતા વૈજ્ઞાનિક પ્રોફેસર "અન્ડેડે" અનુમાન કર્યું છે કે એક ઔંસ પાણીમાં એટલા સ્કંધ છે કે, 'સંસારનાં સમસ્ત સ્ત્રી, પુરૂષ અને બાળકો તેની ગણુત્રી કરવા લાગી જાય અને દરેક સેકન્ડમાં પાંચ પાંચની ગણુત્રીએ દિવસ અને રાત ગણુતાંજ રહે તો એક ઔંસપાણીના તમામ સ્કંધોની ગણુત્રી પૂર્ણ કરતાં ચાલીસ લાખ વર્ષ લાગે.'

આ ઉપરથી સમજી શકાય છે કે વિજ્ઞાનને માન્ય સ્કંધો પૈકી સૂક્ષ્મ સ્કંધોની સૂક્ષ્મતા સામાન્ય માણસને બુદ્ધિગમ્ય નહિ હોવા છતાં પણ વિજ્ઞાન પ્રત્યેના વિશ્વાસના આધારે જ દુનિયા સ્વીકારી લે છે, તો પછી જૈન શાસ્ત્રમાં બતાવેલ પુદ્ગલ વર્ગણાઓના સ્કંધો કે જે વિજ્ઞાનના સૂક્ષ્મ સ્કંધ કરતાં અનંતગુણ સૂક્ષ્મ છે તેની સૂક્ષ્મતામાં પણ શંકાને સ્થાન કેવી રીતે હોઇ શકે ?

હવે સ્કંધનિર્માણ અંગે વિચારતાં અનેક પરમાણુ પરસ્પર મળી સ્કંધરૂપે બનવામાં કે સ્કંધમાંથી વસ્તુનું નિર્માણ થવામાં જૈનદર્શનકારોએ તે નિર્માણ હેતુમાં પરમાણુઓનો સ્નિગ્ધત્વ અને રૂક્ષત્વ સ્વભાવ દર્શાવ્યો છે. જે આગળના લેખમાં વિસ્તૃત રીતે આપણે વિચારી ગયા છીએ.

અહીં વિજ્ઞાનમાં વૈજ્ઞાનિકોએ સ્કંધનિર્માણમાં પદાર્થના ઘન વિદ્યુત્ (પોઝીટીવ) અને રૂણ વિદ્યુત્ (નેગેટીવ) સ્વભાવને સ્વીકાર્યો છે. આમાં શબ્દભેદથી જૈનદર્શનની અને વિજ્ઞાનની વાતને કદાચ એક જ સમજી લઈએ તો વાંધો નથી.

વિજ્ઞાન કહે છે કે પરમાણુ અંદરનો ભાગ પોલો હોવાથી તોડી શકાય છે. પરમાણુ તોડવાથી બે ભાગમાં વહેંચાઇ જાય છે. ૧ નાભિ અને ૨ ઋણાણુ. આ પૈકી, નાભિ તે અતિ ભારે અને ઘન વિદ્યુતવાળો પરમાણુ વિભાગ છે. પરમાણુની નાભિ એકલકણ નથી. એ ઘનાણુ (પ્રોટોન) અને શુન્યાણુ (ન્યુટ્રોન) મળીને બનેલી છે. હાઇડ્રોજનની નાભિમાં એક જ કણ છે, અને તે ઘનાણુ (પ્રોટોન) છે. બીજાં તત્ત્વોની નાભિઓ ઘનાણુ અને શુન્યાણુના વિવિધ પ્રકારના મિલનથી બનેલી છે. ઋણાણુની સરખામણીમાં ઘનાણુ ખૂબ જ વજનદાર હોય છે. એક ઘનાણુનું વજન ૧૮૪૦ ઋણાણુના વજન બરાબર હોય છે. આવો વજનદાર ઘનાણુ ઋણાણુને પોતાના તરફ આકર્ષી લે છે, આ આકર્ષણ અસમાન વિદ્યુતભારનું છે. ઋણાણુમાં ઋણ વિદ્યુત હોય છે અને નાભિમાં ઘન વિદ્યુત હોય છે. આને કારણે નાભિ તે ઋણાણુને સતત ખેંચ્યા કરે છે. આ હિસાબે સમજી શકાય છે કે વિદ્યુત આકર્ષણને કારણે જ ઋણાણુઓ અને ઘનાણુઓ એક બીજાને ખેંચતા હોય છે.

ઘન વિદ્યુતવાળા અંશોને ઘનાણુ કહેવાય છે. એક પરમાણુના વિષયમાં પદાર્થને અનુસાર ઘનાણુની સંખ્યા વિવિધ પ્રકારની હોય છે. જેમ પ્રાણવાયુમાં ૮ ઘનાણુ હોય છે. આ આઠે ઘનાણુ તે ઘન વિદ્યુતવાળા એટલે જૈનદર્શનાનુસાર સ્નિગ્ધ સ્પર્શવાળા હોય છે. જેથી ઘનાણુ (પ્રોટોન), સ્નિગ્ધની સાથે સ્નિગ્ધનું ઉદાહરણ બની જાય છે. શુન્યાણુ (ન્યુટ્રોન) ને વિજ્ઞાન, ઘનાણુ અને ઋણાણુ એમ બે વિદ્યુત કણોનો બનેલો શુન્યાણુમાં ઘન વિદ્યુત (પોઝીટીવ) અને ઋણ વિદ્યુત (નેગેટીવ) એ બન્ને વિદ્યુતવાળા કણો એકીભાવરૂપે મળેલા હોવાથી જૈનદર્શનાનુસાર સ્નિગ્ધ અને ઋક્ષબંધનનું ઉદાહરણ શુન્યાણુ (ન્યુટ્રોન) બની જાય છે. કેવળ ઋણાણુઓના સમુદાયના પરિણામરૂપ ઋણાણુ (એલેકટ્રોન) તે ઋક્ષની સાથે ઋક્ષના બંધનનું ઉદાહરણ છે. ઋણ વિદ્યુતવાળા અંશોને ઋણાણુ કહેવાય છે.

આમાં ઘન વિદ્યુત (પોઝીટીવ) એ જૈનદર્શનની સંજ્ઞાનુસાર સ્નિગ્ધતા અને ઋણવિદ્યુત (નેગેટીવ)એ ઋક્ષતા કહી શકાય છે. એટલે જૈન દર્શને સ્નિગ્ધત્વ અને ઋક્ષત્વના નામથી અને વિજ્ઞાને ઘનવિદ્યુત અને ઋણ વિદ્યુતના નામથી પદાર્થના બે ધર્મોને જણાવ્યા છે.

વિજ્ઞાન કહે છે કે, દરેક ચીજ જુદી જુદી જાતના પરમાણુઓના પરસ્પર મિલન અને સંયોગથી બનેલી છે, પણ પ્રકાશ, ગરમી, વિદ્યુ વગેરેને પદાર્થ ગણવામાં આવતા નથી. એ તો શકિતઓ છે. પરંતુએ શક્તિઓ આ પરમા-

ણુઓના સંઘર્ષનીજ છે.

જૈનદર્શનમાં આ હકિકત અનાદિકાળથી માન્ય છે. વિજલી શું છે ? એ વિષયમાં જૈન દર્શનકાર કહે છે કે "स्निग्ध रूक्षत्वगुण निमित्तो विद्युत्"-સ્નિગ્ધ અને રૂક્ષ ગુણવાળા સ્કંધોના સંયોગથી વિજલી પેદા થાય છે. ડો. બી. એલ શીલે લંડનથી પ્રકાશિત પોતાના પુસ્તક Positive Science of Ancient Hindus માં સ્પષ્ટ લખ્યું છે કે, 'જૈનદર્શનકાર આ વાતને સારી રીતે જાણુતા હતા કે પોઝીટિવ અને નિગેટિવ વિદ્યુત કણોના મળવાથી વિદ્યુતની ઉત્પત્તિ થાય છે.'


**શ્રી વર્ધમાનતપની ૫૦ મી ઓળી**
**કે તેથી અધિક ઓળી કરનારને —**

**ભેટ મળે છે.**

**શ્રી વધમાનતપ માહાત્મ્ય** નામનું લગભગ ૪૦૦ પાનાનું પુસ્તક શેઠશ્રી **જેચંદભાઇ કેવળદાસ** અમદાવાદવાળા તરફથી ભેટ મળશે, પુસ્તક મંગાવવાની સાથે કેટલામી ઓળી ચાલે છે તે જણાવવું જરૂરી છે, સીરનામું પુરેપુરૂં લખશો. પુસ્તક મંગાવવાનું સ્થળઃ-

**કલ્યાણ પ્રકાશન મંદિર - પાલીતાણા**

**તમારી કિંમતી ફાઉન્ટનપેનનું**
**આયુષ્ય લંબાવતી ઉત્તમ શાહી**

**હ રિ હ ર**

**ફ્લ્યુડ :** કિંમતી પેન માટે ઉત્તમ છે.

**શાહી :** લખવા માટે સુંદર છે.

**સુંદર :** ઓફીસ વપરાશમાં કરકસરવાળો છે.

દરેક વેપારીને ત્યાં મળશે.

એજન્ટો તથા સ્ટોકીસ્ટો જોઇએ છે.

બનાવનાર : **હરિહર રીસર્ચ વર્કસ**

ઠે૦ માંડવી પોળ, અમદાવાદ.

**કવિપત્નીઃ** ટગર ટગર સામું શું જોયા કરો છો?

**કવિઃ** જોઉં અભરાઇ તારી,
દેખાય પુનમનો ચાંદ,
ચાંદી નથી ન દૂધ તોયે;
ઝગઝગાટથી અંજાય આંખ,
આ થાળી વાટકા અને ચમચાઓ,
રણુકે છે ઝાંઝર સમાન.
વાહરે ! **વાઘ છાપ વાસણુ તારાં,**
મારી કલ્પના જગાવ.

**કવિપત્ની :** હવે બસ કરો ! બસ કરો !
આ બધાં વાસણોની ખરીદ તો
મેં નીચેની દુકાનેથી કરી છે.

**પન્નાલાલ બી. શાહ**

GUARANTEED STAINLESS STEEL
TIGER BRAND
P. B. SHAH
BOMBAY-2

સ્પેશ્યાલીસ્ટ :
"ઈન્ડસ્ટ્રીયલ કેન્ટીન્સ"
૨૧, કંસારાચાલ
મુંબઈ—૨

મનવાંચ્છિત મેળવો...
અણુમોલ મંત્રપ્રયોગ સંગ્રહ

શ્રી
મંત્રસાર

કિ. રૂા. ૧/૫૦ ન. પૈ. પોસ્ટેજ ૭૫ ન. પૈ.

જેમાં

ઘંટાકર્ણ મહાવીર મંત્ર, વિધિ, સ્તુતિ સ્તોત્ર, માણિભદ્ર મંત્ર, વિધિ, છંદ લક્ષ્મિ પ્રાપ્તિ મંત્રો, ગ્રહશાંતિ મંત્ર, જાપ વિધિ, ગ્રહશાંતિ યંત્ર, મંત્રોનું મહત્વ, વગેરે

પ્રાપ્તિ માટે

શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

# મહામંગલ શ્રી નવકાર

સંપા૦ **શ્રી મૃદુલ**

જૈનસમાજમાં શ્રી નવકાર મહામંત્ર પ્રત્યે દિન-પ્રતિદિન શ્રદ્ધા વધતી જાય છે, જે શુભ ભાવિની આગાહી છે. નવકાર મહામંત્ર પ્રત્યે સમાજમાં સાત્ત્વિક તથા તથા તાત્ત્વિક શ્રદ્ધા પ્રગટે, સદ્ભાવ સ્થિર થાય, તથા આરાધના તથા ભક્તિભાવ વધે તે માટે 'કલ્યાણ'માં આજથી આ નવો વિભાગ શરૂ થાય છે. જેમાં શ્રી નવકાર મહામંત્રનો પ્રભાવ, તેનો મહિમા, તથા તેની આરાધના-સાધના માટે પ્રેરક, બોધક અને ભાવોલ્લાસક સાહિત્ય પીરસવામાં આવશે. સર્વ કોઇને અમારો વિનમ્ર આગ્રહ છે કે શ્રી નવકાર મહામંત્રને ઉપયોગી ચિંતન, મનન તથા અનુભવાત્મક ઉપયોગી સાહિત્ય અમારા પર મોકલતા રહે !

## મહામંગલ શ્રી નવકાર

પૂ. પંન્યાસજી શ્રી
કનકવિજયજી ગણિવર

### નમો અરિહંતાણં

**ન**રનાથ, સુરનાથ તથા અસુરનાથ શ્રી અરિહંત ભગવંતનું શરણુ સ્વીકારી પોતાનું શ્રેય સાધે છે.

**મો**હને હણી, જેઓએ અનંતજ્ઞાન, અનંતદર્શન અને ચારિત્ર પ્રાપ્ત કર્યું છે.

**અ**ર્ચન કરનાર ભવ્ય જીવોના જેઓ નાથ છે.

**રિ**પુભૂત-શત્રુભૂત કર્મસમૂહ જેઓનાં નામ-સ્મરણથી દૂર થાય છે.

**હં**સની જેમ જેઓએ સ્વપરના ભેદને પ્રગટ કરેલ છે.

**તા**રક એવા શ્રી અરિહંત ભગવંતો સર્વ-જીવોનું કલ્યાણ કરો.

**ણું**માં જેમ ત્રણ પાંખડાં ઉપર અનુનાસિક છે, તેમ જે શ્રી અરિહંત ભગવંત ત્રણ લોકની ઉપર બિરાજમાન છે.

### નમો સિદ્ધાણં

**ન**થી જન્મ, નથી જરા, નથી મરણ, નથી ભય કે જેમને નથી કર્મકલેશ તેવા સિદ્ધ ભગવંતોને મસ્કાર હો

**મો**ક્ષરૂપ અખંડ અનંત તથા અવ્યાબાધ શાશ્વત સુખધામમાં જેઓ બિરાજમાન છે.

**સિ**ત-ઉજ્જવલ આત્મગુણોની અનંત સમૃદ્ધિથી સમૃદ્ધ સિદ્ધોનું શરણુ હો !

**દ્ધા**રણ ગુણથી ભવ્ય જીવોને પોતાના આત્મ-ગુણોમાં ધારી રાખનાર.

**ણું**થી એ સૂચિત થાય છે કે, સિદ્ધભગવંતને નમસ્કાર કરનાર જીવો 'ણું'માં જેમ ત્રણ પાંખડાં છે, તેમ ત્રણ રત્ન દર્શન-જ્ઞાન તથા ચારિત્રને પ્રાપ્ત કરી, શૂન્ય બને છે, એટલે સંસારથી-કર્મપરંપરાથી શૂન્ય બની લોકના ઉર્ધ્વસ્થાને પહોંચે છે.

### નમો આયરિયાણં

**ન**ય-નિક્ષેપાથી યુક્ત જૈન સિદ્ધાંતના સારને દર્શાવનારા,

**મો**હમૂઢ આત્માઓને સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ આપનાર,

**આ**ચારોમાં સ્વયંરકત રહી, અન્ય ભવ્ય જીવોને પ્રેરણા આપનાર,

**ય**થાર્થ તત્ત્વોની પ્રરૂપણા કરી, માર્ગમાં જોડનાર,

રિષ્ટ-અર્થાત્ અમંગલોને ટાળી ભવ્ય જીવોનું મંગલ કરનાર.

યાતનાથી પીડિત આત્માઓને શાતા આપનાર શ્રી આચાર્ય ભગવંતોને નમસ્કાર હો !

ણું માં રહેલ ત્રણ પાંખડાં રૂપ ત્રિવર્ગ-રાગ-દ્વેષ તથા મોહને જીતનાર શ્રી આચાર્ય ભગવંતો શરણ હો !

## નમો ઉવજ્ઝાયાણું

નવતત્ત્વના સૂત્રદ્વારા જેઓ પ્રરૂપક છે, એવા ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર હો !

મોહમૂઢ આત્માઓને જેઓ શ્રી જિનેશ્વરદેવના સિદ્ધાંતનું પાન કરાવે છે.

ઉત્સવરૂપ ઉપાધ્યાય ભગવંતની સેવા જીવનને ઉજ્જવળ બનાવે છે.

વચનામૃતના રસથી ભવ્ય જીવોને બોધ આપનાર શ્રી ઉપાધ્યાય ભગવંતો છે.

જ્ઝાણ-ધ્યાનને યોગ્ય શ્રી ઉપાધ્યાય ભગવંતનાં શરણે ગયેલા ભવ્ય જીવોને જે શરણાગત વત્સલ છે.

યામિકની જેમ ભવાટવીમાં ભવ્ય જીવોને સહાય કરનાર રક્ષક છે.

ણું થી ત્રણ શક્તિઓના ત્રિતય જેવા કે, વિનય, શ્રુત તથા શીલ, ક્ષમા, ગાંભીર્ય તથા મધુરતા અને ધૈર્ય, સત્ત્વ તેમજ પરાક્રમ આદિથી જેઓ પરિવરેલા છે, તે ઉપાધ્યાય ભગવંતો સર્વનું શ્રેય કરો.

## નમો લોએ સવ્વસાહૂણું

નમસ્કાર કરનારા ભાગ્યશાલીઓનું જેઓ શ્રેય સાધે છે.

મોક્ષમાર્ગની આરાધનામાં જેઓ સદા સર્વત્ર ઉજમાલ છે.

લોકમાં રહેવા છતાં લોકોત્તર માર્ગના જેઓ સહાયક છે.

એક જૈનશાસનની નિષ્ઠા સિવાય કોઈની પણ નિષ્ઠા જેઓ સ્વીકારતા નથી.

સર્વ પ્રાણીઓને અભય આપનારા સાધુ ભગવંતોને નમસ્કાર હો !

વ્વ માં રહેલા બે વ થી એ સૂચિત થાય છે કે, જેઓ ભવ્ય જીવોને પાપથી વારે છે, ને ધર્મનું વરદાન આપે છે.

સાવદ્યના ત્યાગમાં જેઓ નિરંતર ઉજમાળ રહે છે.

હૂતિ-હોમરૂપ જેઓને જ્ઞાન, તપ તથા સંયમ છે, એવા સાધુ ભગવંતો કર્મરૂપી કાષ્ટોને બાળે છે.

ણું માં રહેલ ઉભી ત્રણ રેખાઓ રૂપ મન-વચન અને કાયાની ગુપ્તિથી જેઓ સર્વ જીવ્ય જીવોને મસ્તક પર ધારણ કરવા યોગ્ય છે.

## એસો પંચ નમુક્કારો

એક જ પંચપરમેષ્ઠિને કરાતો નમસ્કાર સંસારમાં ભવ્ય જીવોને શરણરૂપ છે.

સોહિ-શુધ્ધિ, શ્રદ્ધા તથા સદ્‌ભાવપૂર્વક જે પરમેષ્ઠિ ભગવંતને નમસ્કાર કરે છે, તે દુઃખ, કર્મ તથા કલેશની પરંપરા નાશ કરે છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કાર જ સંસારમાં સર્વ જીવોનો ઉદ્ધારક છે.

ચતુર્ગતિ રૂપ સંસારના પરિભ્રમણને ટાળવાનું સામર્થ્ય શ્રી પરમેષ્ઠી નમસ્કારરૂપ નવકારના પાંચ પદોમાં છે.

નમુક્કારો રૂપ નવકાર-નમસ્કાર મહામંત્ર શ્રી પંચપરમેષ્ઠીની શાશ્વતી સ્થાપના છે.

મુકિત પદની અભિલાષા રાખનાર આત્માઓએ શ્રી પંચ પરમેષ્ઠી તેનો નમસ્કાર તથા તેની સ્થાપના એ ત્રણ સ્વરૂપ આ મહામંત્રને હૃદયમાં સ્થાપવો જોઇએ.

**ક્કો** દ્વારા એ સૂચિત થાય છે કે, નમુક્કાર મહામંત્રની આરાધના કરનારે કષાયોની આધીનતા ટાળી, કાયાની તથા ઈંદ્રિયોના વિષયોની મમતા મૂકવી જોઇએ.

**રો**ર–દરિદ્ર તેજ આત્માઓ છે કે જે આત્માઓને પંચ પરમેષ્ઠી નમસ્કાર ભાવપૂર્વક સ્પર્શ્યો નથી.

## સવ્વ પાવ પ્પણાસણો

**સ**ર્વ કાલે સર્વત્ર ત્રણેય લોકમાં મંગલરૂપ આ પરમેષ્ઠી નમસ્કારરૂપ મહામંત્ર છે.

**વ્વ**માં રહેલા બે વકારથી એ સૂચિત થાય છે કે, પંચપરમેષ્ઠી પરમ શ્રેષ્ઠ સ્થાને રહેલા છે, એટલા જ માટે સર્વ જીવોના વલ્લભ–ઇષ્ટસ્થાન–મોક્ષમાં લઈ જવાનું વરદાન આ પરમેષ્ઠી નમસ્કાર છે.

**પા**પોને ટાળી આત્મામાં પાત્રતાને પ્રગટાવનાર પરમેષ્ઠી નમસ્કારનું ભવ્ય જીવો! તમે શરણુ સ્વીકારો!

**વ**રદાનરૂપ પંચ પરમેષ્ઠી નમસ્કાર ખરેખર સમસ્ત સંસારમાં સારરૂપ છે.

**પ્પ**માં રહેલ **પ** એમ સૂચવે છે કે, પરમ-સ્થાનરૂપ તથા **પ**વિત્રતમ શ્રી નમસ્કાર મહામંત્ર સિવાય ત્રણુલોકમાં અન્ય કોઇ તારક નથી.

**ણા**ણુ-જ્ઞાન, દર્શન તથા ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધના આ પરમેષ્ઠી નમસ્કારમાં રહેલી છે.

**સ**ર્વ જીવોને માટે સર્વકાલે, સર્વસ્થાને, સર્વ રીતે મહામંગલકારી જો કોઈ હોય તો આ પંચ નમસ્કારરૂપ નવકારમંત્ર છે.

**ણો**માં ચાર ઉભા પાંખડા એમ સૂચવે છે કે, પંચપરમેષ્ઠી પ્રત્યે જેને શ્રદ્ધા છે, તે ચારગતિ ટાળી, **ણો**માં રહેલા માથા પરના પાંખડાની જેમ તે જીવ પંચમગતિને પામે છે.

## મંગલાણં ચ સવ્વેસિં

**મં**ગલોમાં પરમ મંગલ પંચ પરમેષ્ઠી નમસ્કાર છે.

**ગ**ણી ન શકાય તેટલા અગણિત–અનંતગુણો પરમેષ્ઠી નમસ્કારમાં રહેલા છે.

**લા**ગેલાં રજ તથા કર્મસમૂહને ટાળી આત્માને નિર્મલ કરનાર આ નમસ્કાર છે.

**ણં**માં જેમ ત્રણ રેખાઓની ઉપર અનુનાસિક છે, તેમ નમસ્કાર મંત્ર ત્રણુ લોકના મસ્તક પર બિરાજમાન છે.

**ચ**રમ પુદ્ગલાવર્તમાં વર્તતો આત્મા જ આ નમસ્કાર મહામંત્ર પ્રત્યે શ્રદ્ધાભાવિત બને છે.

**સ**ર્વ પ્રકારના દ્રવ્ય તથા ભાવથી પરમેષ્ઠિ નમસ્કાર જેને સ્પર્શ્યો હોય, તેનો ઉદ્ધાર સુલભ છે.

**વ્વે** પદમાં રહેલા બે **વ** એમ સૂચવે છે કે, **વ** જેમ અંતસ્થ છે, તેમ પહેલા અર્ધા **વ** થી દ્રવ્ય તથા ભાવથી જેનાં અંતઃકરણમાં પરમેષ્ઠી નમસ્કાર સ્થાન પામે છે, તે આત્મા વ્વેમાં ઉંચે રહેલ માત્રાની જેમ ઉર્ધ્વગામી બને છે.

**સિં**ચન કરનારા પરમેષ્ઠી ભગવંતો આત્માની અનંતગુણરૂપી ફુલવાડીને નવપલ્લવિત કરે છે.

## પઢમં હવઈ મંગલં

**પ**રમ વંદનીય પરમેષ્ઠી નમસ્કાર સર્વ ભવ્ય જીવોને વંદનીય બનાવે છે.

**ઢ**ગરૂપ–સમૂહરૂપ બનેલા અનંતાનંત કર્મસમૂહને વિખેરી નાંખવાનું અચિંત્ય સામર્થ્ય પરમેષ્ઠી નમસ્કાર સૂત્રમાં રહેલું છે.

**મં**ત્રોમાં મહામંત્ર, યંત્રોમાં મહાયંત્ર, તંત્રોમાં મહાતંત્ર, વિદ્યાઓમાં મહાવિદ્યા, શ્રુતસ્કંધોમાં મહાશ્રુતસ્કંધ, મંગલોમાં મહામંગલ શ્રી પરમેષ્ઠિ નમસ્કાર સૂત્ર શિરોમણિ જયવંત વર્તે છે.

હર્ષપૂર્વક પ્રમોદભાવે પ્રીતિયુક્ત હૃદયે આ મહામંત્ર પ્રત્યે જો એક વખત શ્રદ્ધા પ્રગટી તો તેના અનંત સંસારનો અંત નિશ્ચિત છે.

વરિષ્ઠ–શ્રેષ્ઠ અને ઐશ્વર્યયુક્ત આ નવકાર મંત્રમાં અક્ષરે અક્ષરે ૧૦૦૮ વિદ્યાઓ રહેલી છે.

ઈતિ–મારી, મરકી, ઈત્યાદિ દ્રવ્ય ઉત્પાતો તથા રાગ, તથા મોહરૂપ ભાવ ઉત્પાતો નમસ્કાર મંત્રના સ્મરણથી ટળે છે.

મંગલોમાં પરમ મંગલરૂપ ભાવમંગલ શ્રી પરમેષ્ઠી નમસ્કાર સૂત્રમાં અણિમા, મહિમા, ગરિમા, લઘિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ તથા વશિત્વ એમ આઠ મહાસિદ્ધિઓ વસેલી છે.

ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ અને ધર્મકથાનુયોગ એ પ્રકારે ચારે અનુયોગોનો સાર અર્થાત્ સમસ્ત ગણિપિટકનો સાર શ્રી પરમેષ્ઠી નમસ્કારની સ્થાપનારૂપ શ્રી નવકાર મંત્ર છે.

લં શબ્દ જેમ એક ઉભી લીટીથી મથાળાને અડીને રહેલ છે. તેમ સમસ્ત ભવ્ય જીવો કેવલ નવકાર મંત્રના આલંબનથી સંસારના મસ્તક પર રહી, લના મથાળે રહેલા અનુસ્વારની જેમ સિદ્ધિસ્થાનમાં બિરાજમાન બને છે.

*

# અરિહંત

**શ્રી રમણલાલ ભોગીલાલ પરિખ ખંભાત**

નવકાર મંત્ર, ચૌદ પૂર્વનો સાર છે.

નમો અરિહંતાણં, નવકારમંત્રનો સાર છે.

અરિહંત, નમો અરિહંતાણંનો સાર છે.

આપણે નવકારવાળી ગણીએ છીએ. ત્યારે આપણા મનમાં કોઈ વિચાર આવે છે ખરા? આપણે આ વિચારોને જાણવાનો પ્રયત્ન કર્યો છે ખરો? આપણે નવકારવાળી ગણવા સાથે કામ છે. પણ મન શું કહે છે તે જોવાની પુરસદ નથી. મન વગર કરેલું કામ સારૂં થતું નથી. મન દઇને કામ કરો! તમારૂં કાર્ય સિધ્ધ થશે. નવકારવાળીમાં આપણે અરિહંતનો જાપ કરીએ છીએ. ત્યારે આપણા મનમાં, દુકાનના, ઘરના, ન્હાવા–ધોવાના, ખાવાપીવાના વિચારો આવે છે? તમો તપાસ કરો અને તમને માલુમ પડશે કે મન એક બાજુ અરિહંત ગણે છે અને બીજી બાજુ જે વિચારો આત્માનું અહિત કરનારા છે તે વિચારોને પોતામાં સ્થાન આપે છે. આથી જ આપણું ભલું થયું નથી.

આપણે અરિહંતનો જાપ કરીએ છે આત્માના હિત માટે, જ્યારે મન કરે છે આત્માનું અહિત. હવે આ અહિતમાંથી મનને બચાવી લેવા માટે આપણે પેલા વિચારો કાઢી નાંખવાની જરૂર નથી પણ તે સ્થાને અરિહંતના વિચારોને મૂકી દેવાના છે.

(૧) અરિહંત બોલ્યા એટલે શું વિચારશો? અરિ એટલે દુશ્મન. હંત એટલે હણનારા દુશ્મનો કયા? બહારના અને અંદરના. બહારના દુશ્મનો છે; ચોર, ભય, અગ્નિ, દરિદ્રતા, વ્યાધિ, ઈષ્ટવિયોગાદિ. અંદરના દુશ્મનો છે; ક્રોધ, માન, માયા, લોભ કર્મ આદિ. આ બંને દુશ્મનોનો જેમણે નાશ કર્યો છે એવા અરિહંતનો હું જાપ કરૂં છું. મારે પણ આ દુશ્મનોનો નાશ કરવો છે.

(૨) અરિહંત પરમાત્માની મૂર્તિ મારી સામે છે. એક અરિહંતને નમસ્કાર કરીને હું અનંતા અરિહંતોને નમસ્કાર કરી રહ્યો છું. તેમની મૂર્તિ કેટલી સુંદર છે? શત્રુંજય તીર્થ પર શ્રી આદિનાથ પ્રભુની મૂર્તિ કેવું હાસ્ય

ચેરી રહી છે? હું પણ તેની સાથે હતું. અને મારા કર્મોનો નાશ કરૂં.

(૩) અરિહંત પરમાત્માએ પોતાના ત્રીજા ભવમાં 'સવિજીવ કરૂં શાસનરસી'ની ભાવનાપૂર્વક વીશસ્થાનક તપ આરાધીને શ્રી તીર્થંકર નામ-કર્મ નિકાચિત કરીને શ્રી તીર્થંકર દેવના ભવમાં અનેક જીવોનો ભવસાગરમાંથી ઉદ્ધાર કરીને મોક્ષે અનંતા સુખમાં પહોંચાડયા. હું પણ અરિહંત બનીને (વિશ્વ કલ્યાણની ભાવનાપૂર્વક) ભવ્ય જીવોનો ઉદ્ધાર કરૂં.

(૪) ૪૦૦ અરિહંતનો જાપ કરવાથી એક ઉપવાસનું ફળ મળે છે. નમસ્કાર મહામંત્રના આરાધકે ૨૦૦૦ અરિહંતનો હંમેશાં જાપ કરવો. રોજ ત્રિસંધ્યાના અવસરે શકય હોય તો ૧૦૮ નવકારનો જાપ કરવો અથવા ઓછામાં ઓછો સ્વ-પર ભાવનાપૂર્વક ૧૨-૧૨ નો જાપ કરવો.

*

# શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ [ એક બહેનનો જાતિ અનુભવ ]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

શ્રી નમસ્કાર મહામંત્રનો પ્રભાવ અનાદિ-કાળથી એક સરખો જ રહેલો છે. નમસ્કાર-મહામંત્રના પ્રભાવથી અનેક પ્રકારની આધિ-વ્યાધિ ઉપાધિઓનો નાશ થવા ઉપરાંત આત્માનું એકાંતે કલ્યાણ થાય છે. ભાવ વિના પણ નમસ્કારમંત્રનું સ્મરણ આત્માને ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરાવે છે. તો પછી ભાવપૂર્વક કરેલા નમસ્કાર મંત્રના સ્મરણનું પુછવું જ શું?

વર્તમાનકાળમાં પણ નમસ્કાર મહામંત્રના અનેક દષ્ટાંતો આપણને જાણવા મળે છે. આવેલ આપત્તિઓનો વિલય થઈ ગયો હોય છે. ભયંકર રોગ શમી ગયા હોય છે. વગેરે વગેરે.

આવો એક બનાવ થોડા વર્ષો (લગભગ અઢારેક વર્ષ) પહેલા બનવા પામ્યો હતો. તે જાણવામાં આવતા આ નોંધ અનેકને શ્રદ્ધામાં સ્થિર કરનાર બનશે એ હેતુથી લખવામાં આવે છે.

ધોલેરા ગામના વતની શા. નટવરલાલ ગુલાબચંદ બાબરીયા વેપાર અર્થે પંચમહાલ જીલ્લાના દાહોદ ગામમાં રહે છે. તેમના ધર્મ-પત્ની સમતાબેન નામે છે. તે વખતે તેમને બે પુત્રો અને બે પુત્રીઓ હતી. સમતાબેનને બાલ્યવયથી શ્રી સમેતશિખરજી મહાતીર્થની યાત્રા કરવાના ઘણો ભાવ હતો, પણ સંયોગો અનુકૂળ નહિ હોવાથી યાત્રા કરી શકયા ન હતા. તે માટે તેઓ હંમેશાં નમસ્કારમંત્રનું સ્મરણ કરતા હતા.

એક વખતે તેમના ભાઈ દાહોદ આવ્યા ત્યારે તેમની સાથે કેસરીયાજીની યાત્રાએ ગયા. ત્યારે તેમના દિએર પોતાના બન્ને પુત્રો અને પુત્રીઓ પણ સાથે હતા. કેસરીઆજી ભગવાનના ભાવપૂર્વક દર્શન કર્યા તે વખતે પણ સમેતશીખરજીની યાત્રા કરવાની ભાવના ઉત્કટતાને પામી. વળી વિચાર આવ્યો કે 'જો મારૂં મૃત્યુ થઇ જાય તો મારી યાત્રા રહી જશે.'

તેમણે પોતાના ભાઈને વાત કરી કે 'ભાઈ! ઘણા વરસોથી શ્રી સમેતશિખરજીની યાત્રા કરવાની મારી ભાવના છે. તારા બનેવી દુકાનના કામમાંથી નિવૃત્તિ લઈ નીકળી શકે એમ નથી, માટે કોઇપણ રીતે મારી સાથે આવી મને શ્રી સમેતશિખરજીની યાત્રા કરાવ.'

ભાઈએ કહ્યું કે 'મારા બનેવી કહે તો હું તમારી સાથે આવું.'

આમ કરતા બધા ઈંદોર આવ્યા ત્યારે તેમના દિઅરને દાહોદ મોકલ્યા અને પત્ર લખવા ભલામણ કરી. નવકારમંત્રના પ્રભાવે બે દિવસ બાદ જવાબ આવ્યો તેમાં લખ્યું હતું કે 'મારા ભાઇ બહારગામ ગયા છે, તમે ખુશીથી સમેતશિખરજી યાત્રા કરી આવશો.'

પછી તે બધા ભાતુ વગેરે બનાવી સાંજની ગાડીમાં બેંડવા થઈ પારસનાથ સ્ટેશને ગયા. ત્યાંથી મોટરમાં મધુવન પહોંચ્યા. સમતાબેનને મનમાં થયા કર્યું કે 'કયારે સવાર થાય અને શ્રી પાર્શ્વનાથ ભગવાનને ભેટું.' બે દિવસનો થાક લાગેલો હતો હતો છતાં, ભગવાનને ભેટવાની તમન્નામાં તો થાક વિસરાઇ ગયો.

સવારમાં ત્રણ વાગતા બીજા યાત્રાળુઓ જવા તૈયાર થયા તે વખતે તેમની સાથે આ બેન તૈયાર થઇ ગયા. તે બાર જણા સાથે આ બહેન નીકળ્યા. ભોમિયાજીના દર્શન કરી આગળ ચઢવા લાગ્યા; થોડું ચઢયા હશે ત્યાં આ બહેનને શ્વાસ ચઢવા લાગ્યો. આગળ ચાલવું મુશ્કેલ લાગ્યું એટલે એક ઝાડ નીચે રહી ગયા અને નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા.

સાથેના બીજા યાત્રાળુઓને આગળ જવા કહ્યું. ત્યારે તે યાત્રાળુઓએ કહ્યું કે 'બહેન! આ રીતે આવા સ્થાનમાં તમોને એકલા મૂકીને અમારાથી ન જવાય.' ખૂબ આગ્રહ કરવાં છતાં કોઇ આગળ ગયું નહિ. બહેન તો નવકાર મંત્રનું સ્મરણ કરી રહ્યા હતા. ત્યાં કોઈ સંભવ નહિ એવો બનાવ બન્યો. કોઈ ડોળીવાળો ઉપરથી નીચે આવતો જોવામાં આવ્યો. તે નજીક આવ્યો એટલે એક ભાઇએ આ બહેનને કહ્યું કે 'તમે આ ડોળીમાં બેસીને આવજો.' ડોળીવાળા સાથે પૈસા નકકી કરી, બીજા યાત્રાળુ આગળ ચઢવા લાગ્યા.

અણધારી રીતે ડોળીની સગવડ મળતાં બહેનને ખૂબ આનંદ થયો, અને મનમાં થયું કે ખરેખર! નમસ્કાર મહામંત્રના પ્રભાવથી શાસનદેવે સહાય કરી.' ડોળીમાં બેસીને બહેને ઉપર ચઢવા માંડયું. ડોળીવાળાએ તે બહેનને બધી દેરીઓના દર્શન કરાવ્યા. બહેને બધે ઠેકાણે ખૂબ ભાવપૂર્વક ચૈત્યવંદન, દર્શન-આદિ કર્યા. તે વખતે જે ભાવ પ્રગટયો હતો તેવો ભાવ ફરીથી આજ સુધી પણ આવ્યો નથી. છેલ્લે શ્રી ચંદ્રપ્રભસ્વામીજીની ટુંકના દર્શન કરી મુખ્ય જળમંદિરમાં આવી શ્રી પાર્શ્વનાથભગવાનના ખૂબ ભાવપૂર્વક દર્શન કર્યા. પછી સ્નાન વગેરે કરી ભગવાનની પૂજા કરવા માટે તૈયાર થયા તે વખતે ભગવાનની પહેલી પૂજા કરવાની ભાવના થઇ, ઉછામણીમાં પ્રથમ પૂજાનો લાભ મળી ગયો. ઘણા જ ભાવપૂર્વક આનંદથી ભગવાનની પૂજા કરી, નીચે ઉતરવા લાગ્યા. તલાટી આવ્યા ત્યાં સુધી માત્ર યાત્રા-દર્શનના ભાવ રહ્યા હતા. બીજા કોઈ વિચારો મનમાં આવ્યા ન હતા.

તળાટીએ આવતા ભાતુ વાપરવા કહેવામાં આવ્યું ત્યારે તે બહેનને ખ્યાલ આવ્યો કે 'મારો નાનો બાબો તો નીચે મુકયો છે. તે રડતો હશે.' એકદમ નીચે આવી, ડોળીવાળાને પૈસા નકકી કર્યા હતા તે આપ્યા અને ઉપરથી એક રૂપીઓ બક્ષીસ આપી તેને ખુશ કર્યો. ધર્મશાળાએ આવતાં સાંજ પડી ગઇ હતી. જોયું તો બાળક તો ખીલખીલાટ હતું. કોઈ જાતની તકલીફ પડયું હોય તેમ લાગ્યું નહિ.

પછી તો ડોળીવાળો કયાંય જોવામાં આવ્યો ન હતો. કેવો નમસ્કાર મંત્રનો પ્રભાવ?

થોડા દિવસ ત્યાં રોકાઈ બીજીવાર પણ યાત્રા કરી હતી. પછી પાછા વળતા સ્ટેશન આવ્યા. કલકત્તાની ટીકીટ કઢાવી, થર્ડ કલાસમાં જગ્યા નહિ મળવાથી સર્વન્ટના ડબામાં બેસી ગયા. સહિસલામત કલકત્તા આવી ગયા. પણ કલકત્તામાં તોફાન ચાલતું હતું. એટલે ત્યાં નહિ રોકાતા સીધા મોગલસરા થઇને કાશી

આવ્યા. ત્યાં તેમના નાના પુત્રને ખુબ શરદી થઈ આવી, એકદમ ઠંડોગાર થઈ ગયો, જાણે પ્રાણપંખેરૂ ઉડી ગયું હોય તેવું લાગ્યું. બહેન તો નવકારમંત્રનું સ્મરણ કરવા લાગ્યા. રસ્તામાં એક વૈદ્યનું દવાખાનું જોવામાં આવ્યું વૈદ્યને બતાવતા વૈદ્યે તપાસીને દવા આપી, અને કહ્યું કે 'કંઈ ફીકર કરશો નહિ સારૂ થઈ જશે. સામાન્ય ઉપચારો કર્યા ત્યાં તો તદ્દન સારૂ થઇ ગયું.

બનારસથી ઉજ્જૈન આવવા નીકળ્યા. થર્ડ કલાસની ટીકીટ કઢાવી હતી, પણ થર્ડ કલાસમાં જગ્યા નહિ મળવાથી ઇન્ટર કલાસમાં બેસી ગયા. તે આખો ડબો સોલ્જરોથી ભરેલો હતો. થોડી વારે ટીકીટચેકરે સોલ્જરોને નીચે ઉતારી મૂક્યા. ગાડી ઉપડી એટલે પાછા બધા સોલ્જરો ડબામાં ચઢી ગયા. આખા ડબામાં આ બહેન તેના ભાઇ, બે પુત્રો, બે પુત્રી, અને એક બીજા હિન્દુભાઈ સિવાય બધા સોલ્જરો હતા. બહેનને ભય લાગવા માંડયો, ત્યાં નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી ગયા. નવકાર મંત્રના પ્રભાવે સોલ્જરો જાણે હિંસક મટી જાણે દયાળુ બની ગયા ન હોય તેમ કોઇ પણ જાતની તકલીફ કે મુશ્કેલી વગર ઉજ્જૈન આવી, દાહોદ પહોંચ્યા. પાંચસો રૂપીયા લઇને નીકળેલા ઘેર આવ્યા ત્યારે દશ રૂપીઆ બચ્યા હતા. શ્રી નમસ્કાર મંત્રના પ્રભાવે ખુબ બધી તકલીફો દૂર થઈ ગઈ અને સારી રીતે યાત્રા કરી, મનની ભાવનાને સફળ બનાવી.

શ્રી નમસ્કાર મંત્રનો પ્રભાવ જાણી, તેનો પૌદ્‌ગલિક સુખો માટે કદીય ઉપયોગ કરશો નહિ. પણ આત્માના કલ્યાણ માટે વધુ ન ગણી શકાય તો છેવટે ઓછામાં ઓછા સવાર બપોર અને સાંજે અવશ્ય બાર-બાર નવકારમંત્રનો જાપ કરશો. તથા ઘરની બહાર નીકળતાં, જતા કે આવતા શ્રી નવકાર મંત્રનું સ્મરણ ભુલશો નહિ. સર્વ જીવોનું કલ્યાણ થાઓ એજ શુભેચ્છા.


## સારાભાઈ નવાબ સંપાદિત શ્રીપાલને લગતાં ત્રણ પ્રકાશનો

**૧. ચિત્રમય શ્રીપાલ રાસ**

આ ગ્રંથમાં બસો ને અઢાર એકરંગી, ત્રિરંગી અને સોનેરી ચિત્રો પહેલી જ વખત ૧૪૪ ચિત્રો પ્લેટોમાં પ્રસિદ્ધ થાય છે, દરેક નકલ સુંદર ખોખામાં પેક કરેલ છે અને સુંદર કલાત્મક ચાર રંગમાં છાપેલ જેકેટ સાથે મૂલ્ય-પચ્ચીસ રૂપિઆ. શ્રીપાલને લગતો આવો સુંદર કલાત્મક ગ્રંથ પ્રથમ જ વખત પ્રસિદ્ધ થાય છે.

**૨. શ્રીપાલકથા** (પુસ્તકાકારે)

મૂલ્ય : ત્રણ રૂપિયા

શ્રી બૃહત્તપાગચ્છીય શ્રી ઉદયસાગરસૂરિજી શિષ્ય શ્રી લબ્ધિસાગરસૂરિજી વિરચિત સંસ્કૃત શ્લોકબદ્ધ પ્રતાકારે જુદા જુદા નવ વ્યાખ્યાનો વહેંચી દીધેલ છે. સુભાષિતો તથા અષ્ટમંગલની બેરંગી પાટલીઓ સાથે.

**૩. શ્રીપાલકથા** — (પુસ્તકાકારે) મૂલ્ય : ચાર રૂપિયા. પ્રાકૃત શ્રીપાલકથાનું અક્ષરશઃ ગુજરાતી ભાષાંતર ૧૩૧ ચિત્રો સાથે.

પ્રાપ્તિસ્થાનઃ- **સારાભાઈ મણિલાલ નવાબ**

માંડવીની પોળમાં છીપા માવજીની પોળ — અમદાવાદ

# રામાયણની રત્નપ્રભા

શ્રી પ્રિયદર્શન

[ 'કલ્યાણ' માટે ખાસ ]

**પૂર્વ પરિચય :** રાક્ષસવંશના સુમાલીના પૌત્રો તથા રત્નશ્રવા અને કૈકસીના પુત્રો દશમુખ, કુંભકર્ણ અને બિભીષણ ઘોર અરણ્યમાં જઈ વિદ્યાની સાધના એકાગ્રચિત્તે કરી રહ્યા છે. જંબૂદ્વીપના અનાદતદેવે પોતાના પરિવાર સાથે આ પરાક્રમી પુરુષોની વિદ્યાસાધનામાં અનેક પ્રકારનાં ઉપદ્રવો કરવા માંડયા, પણ સત્ત્વશાલી કુમારો ચલિત ન થયા. છેવટે રાવણને એક હજાર વિદ્યાઓ સિદ્ધ થાય છે, કુંભકર્ણને પાંચ તેમજ બિભીષણને ચાર વિદ્યાએ સિદ્ધ થાય છે. અનાદતદેવ પણ પરાક્રમી કુમારોની વિદ્યાસિદ્ધિથી પોતાના અપરાધો માટે મૂંઝાવા લાગ્યો. **હવે વાંચો આગળ :**

## ૫: દશમુખનાં લગ્ન

'પરાક્રમી ! ક્ષમા કરો.' બે હાથ જોડી મસ્તક નમાવી અનાદતદેવે ક્ષમા યાચી.

'એમાં ક્ષમા શાની માગવાની ? તમે તો ઉપકારી બન્યા !' રાવણે કહ્યું.

'એક તો તમને યમદૂત જેવી પીડાઓ આપી અને ઉપકાર ?'

'હાસ્તો !'

'તે કેવી રીતે ?'

'તમે આટલા ઉપદ્રવો ન કર્યા હોત તો આટલી ત્વરાથી વિદ્યાઓ સિદ્ધ જ ન થાત ! કહો, ઉપકાર ખરો કે નહિ ?'

રાવણ અને અનાદત હસી પડયા.

મહાન પુરુષોનાં હૈયાં ઉદાર હોય છે. ગુનેગાર જ્યાં પોતાના ગુનાનો એકરાર કરતો આવે છે ત્યાં જ મહાન પુરુષ ગુનેગારના ગુના માફ કરી દે છે. ગુનાને ગળી જાય છે...પોતાના હૃદયમાં પછી એના પ્રત્યે ઊંડો ઊંડો પણ તિરસ્કાર રહેતો નથી. ફરીથી પેલો ગુનેગાર નવો ગુનો કરે ત્યારે તેનાં જુના ગુના યાદ કરાવવાની બાલિશ ચેષ્ટા તે કરે નહિ.

મહાપુરુષો જુનાં પુરાણો ખોલીને વારંવાર ગુનેગારનો તિરસ્કાર ન કરે.

અને આવા મહાપુરુષો પ્રત્યે, પછી પેલો ગુનેગાર કેવો દાસાનુદાસ બનીને રહે ! મહાપુરુષ બનવાની આ શરત સ્વીકારે જ છૂટકો, કે બીજાના ગુના તમારા મગજમાંથી ભૂંસી નાંખવા પડશે...એવા ભૂંસી નાંખવાનાં કે એના લીસોટા પણ ન વરતાય !

રાવણને આ શરત સહજ રીતે જ વરેલી હતી.

પરિણામ એ આવ્યું કે પેલો અપરાધી દેવ રાવણનો ગુલામ બની ગયો ! તેનું હૃદય રાવણની ખેલદિલી પર ઓવારી ગયું.

'રાવણની...ઉદાર રાવણની...પરાક્રમી રાવણની હું સેવા શી રીતે કરું ? એવી સેવા કરું કે રાવણની સ્મૃતિમાંથી હું કયારે ય ન ભૂંસાઉં !'

અનાદત દેવને તત્ક્ષણ એક વિચાર સ્ફૂર્યો.

પરાક્રમીની વિદ્યાસિદ્ધિની આ ભૂમિને સ્વર્ગનો એક નમુનો બનાવી દઉં !'

સેવાના આ વિચારે દેવતા થનગની ઉઠયો. પોતાના દિવ્ય બળથી તરત જ ભીમારણ્યને એક નવલી નગરીમાં ફેરવી નાંખ્યું !

નગરનું નામ પાડયું સ્વયંપ્રભ.

નગરના મધ્યમાં એક આલિશાન મહેલ ઊભો કરી દીધો.

ત્રણે રાજકુમારોને સોનાના સિંહાસનો પર બેસાડી અનાદત દેવે દેવાંગનાઓના સમૂહ સાથે અદ્ભુત

ભક્તિનૃત્ય કર્યું.

રાવણને પ્રણામ કરીને ત્યારબાદ હવે જવાની રજા માંગી...જતાં જતાં તેણે રાવણને 'ચન્દ્રહાસ' ખડ્ગની સાધના કરી લેવાની સલાહ આપી દીધી.

દિગંતપર્યંત રાક્ષસવંશનો વિજયધ્વજ ફરકાવી દેવાની કામનાએ રાવણને પુનઃ સાધના માટે ઉત્સાહિત કરી દીધો.

ઉપવાસ સાથે જાપ-ધ્યાનનો એકાંતમાં પ્રારંભ કરી દીધો.

એક...બે...ત્રણ એમ છ દિવસના ઉપવાસ થયા.

છટ્ઠે દિવસે આકાશમાં એક ઝળહળતો પ્રકાશ-પૂંજ પથરાયો.

તરત જ દિવ્ય ખડ્ગ ધ્યાનસ્થ રાવણની સમક્ષ પ્રગટ થયું.

-ચન્દ્રહાસ ખડ્ગની સિદ્ધિ થતાં રાવણે ધ્યાન સમાપ્ત કર્યું, આંખો ખોલી. જુએ છે તો એકબાજુ વયોવૃદ્ધ સુમાલી મરક મરક હસતા આશીર્વાદ આપતા ઉભા હતા! એક બાજુ પિતા રત્નશ્રવા પરાક્રમી પુત્રને અનિમેષ દૃષ્ટિએ જોતા ઊભા હતા! બીજીબાજુ માતા કૈકસી દાસીઓથી વિંટળાયેલી પુત્રને આલિંગન આપવા ઉત્સુક થયેલી ઉભી હતી! રાવણે ઉભા થઇ વડિલોનાં ચરણમાં મસ્તક મૂકયાં. આશીર્વાદ ઝીલ્યા. સ્વજનો અને પરિજનોથી નૂતન સ્વયંપ્રભનગર ઉભરાઇ ગયું હતું.

ત્રણ સુશોભિત દિવ્ય રથો મહેલના દ્વારે ઉભા રહેલા હતા.

એકમાં દશમુખ રાવણ, બીજામાં પ્રચંડ કુંભકર્ણ અને ત્રીજામાં પ્રશાંત બિભીષણ આરુઢ થયા.

વાજિંત્રોના ગગનવ્યાપી સૂરો શરૂ થયા.
સ્ત્રીઓનાં મંગલગીતો ગવાવાં લાગ્યા.

આખા નગરમાં ત્રણે રાજપુત્રોનાં દર્શન કરવા વિદ્યાધર સ્ત્રી-પુરુષો કરોડોની સંખ્યામાં ઉભરાયા!

ધન્ય માતા!
ધન્ય પિતા!
ધન્ય કુમારો!
મહાન પરાક્રમી!
ગજબ ધૈર્ય!

મુખે મુખે કુમારોની ગુણસ્તુતિ ગવાવા લાગી. સુમાલી અને રત્નશ્રવાનાં હૃદયમાં હર્ષનાં મોજાં ઉછળવાં લાગ્યાં...હવે લંકાનું સ્વરાજ્ય હાથવેંતમાં લાગ્યું! ત્રણે કુમારોને જૂએ છે અને શેર શેર લોહી ઉછળવા માંડયું!

દિવસ આથમ્યો.

ત્રણે કુમારો કૈકસીની આસપાસ વીંટળાઇ વળ્યા.

ત્યાં તો કૈકસીની મુખમુદ્રા ગંભીર બની. નાના બિભીષણના મસ્તકે હાથ ફેરવતી ફેરવતી કૈકસી બોલી:

'બેટાઓ! હવે હું જગતમાં શ્રેષ્ઠ માતા બનીશ. દુશ્મનોને રણમાં તમારા હાથે રોળાયેલા જોઉં છું... ને મારી છાતી ગજગજ ફુલે છે!'

'મા! હવે તારા પુત્રોના પરાક્રમ તું જોયા જ કર. અલ્પકાળમાં જ તારી કામના પૂર્ણ કરીને અમે રહીશું.' દશમુખે કૈકસીનો હાથ પોતાના હાથમાં લેતાં કહ્યું.

'મને સો ટકા વિશ્વાસ છે બેટા! જાઓ હવે સુઇ જાઓ...મોડું થઇ ગયું છે. શાંતિનાથ ભગવાન તમારૂં રક્ષણ કરો!'

ત્રણે ભાઇઓ પોતપોતાના શયનખંડમાં પહોંચી ગયા; અને ભાવિના ભવ્ય મનોરથોમાં પરોવાઇ ગયા.

સ્વયંપ્રભનગરની શેરીએ શેરીએ.. બજારે બજારે... ચોતરે ચોતરે કુમારોની કીર્તિકન્યા રમણે ચઢી. નાના બાળકથી માંડીને વયોવૃદ્ધ પર્યંત દરેકના મુખે કુમારોના પરાક્રમની પ્રશંસા થવા લાગી.

આખો દિવસ ગીત-ગાન અને મહોત્સવમાં મહાલી સ્વયંપ્રભનગર નિદ્રાવશ થઇ ગયું.

એક માત્ર કૈકસીને નિદ્રા વશ ન કરી શકી.

કુમારોના પોતાના પાસેથી ગયા પછી કૈકસીએ પોતાના શયનખંડના દીવા ઝાંખા કરી દીધા અને પલંગ પર પડી. ઉંઘવા માટે પાસાં બદલવાં માંડયાં

પણ તે ઉંઘી ન શકી. પુત્રોની ચિંતામાં તે ઉંડી ને ઉંડી ઉતરતી ગઇ.

ત્રણે પુત્રો યૌવનના આંગણે આવીને ઉભેલા તેણે જોયા. તેના ચિત્તમાં તે કુમારોને યોગ્ય કન્યાઓની શોધે મોટી ગડમથલ ઉભી કરી દીધી હતી. પલંગમાં પડી પડી તે ઘણા વિદ્યાધર રાજાઓના મહેલોમાં લટાર મારી આવી. એક પછી એક સેંકડો વિદ્યાધર કન્યાઓ તેની આંખ આગળથી પસાર થઇ ગઇ પણ કુમારના રૂપ, કુળ અને પરાક્રમના માપકયંત્રથી માપતાં કોઇના પર પસંદગી ન ઉતરી તે ન જ ઉતરી!

કૈકસી ઉભી થઇ.

વસ્ત્રો બરાબર ઠીકઠાક કરી લીધાં.

દીવાઓને પુનઃ તેજસ્વી કર્યા.

રાત્રીની નિરવ શાંતિનો ભંગ ન થાય તે રીતે ધીમે પગલે તે શયનખંડમાંથી બહાર નીકળી.

એક પછી એક સોહામણા ખંડો વટાવી તે એક અતિ રમણીય શયનખંડની પાસે આવી પહોંચી.

શયનખંડના દ્વારે ઉભેલા ચોકીદારોને આંગળીના ઇશારે બાજુએ ખસેડી દીધા.

ચોકીદારોએ મસ્તક નમાવી મહારાણીને પ્રણામ કર્યા.

કૈકસીએ શયનખંડમાં પ્રવેશ કરી દ્વારો બંધ કરી દીધાં.

દ્વારોનો ખડખડાટ થતાં તરત જ રત્નશ્રવા પલંગમાં બેઠા થઇ ગયા.

'કોણ?'

'એ તો હું છું' કહેતી કૈકસી રત્નશ્રવાના પલંગ નજીક પહોંચી પાસેના દીવાની જ્યોતિને મોટી કરી.

કેમ અત્યારે?

'કહું છું.' બાજુમાં પડેલા ભદ્રાસન પર બેસતાં કૈકસીએ કહ્યું. ક્ષણવાર થાક ખાઇને કૈકસીએ વાતનો પ્રારંભ કર્યો.

'પ્રાણનાથ! કુમારો મહાન વિદ્યાસિદ્ધિ કરી આવી ગયા! નિર્વિઘ્ને મહાન કાર્ય થઇ ગયું.'

'હા દેવી, કુમારોનું પરાક્રમ તો દેવોને પણ ઇર્ષ્યા ઉપજાવે તેવું છે!'

'નગરમાં ચોરે ને ચૌટે કુમારોની જ પ્રશંસા થઇ રહી છે.'

'સાચી વાત છે, પરાક્રમીઓ જ પૃથ્વી પર પૂજાય છે.'

'હું તો પુત્રોને જોઉં છું ને શેર શેર...'

'લોહી વધે છે ખરૂં ને? હસતાં હસતાં રત્નશ્રવાએ વાકય પુરૂં કર્યું.

'હવે મારૂં સ્વપ્ન સિદ્ધ થશે.'

'કયું સ્વપ્ન?'

'લંકાના સ્વરાજ્યની પ્રાપ્તિનું.'

'ખરેખર પ્રિયે! હવે તો દુશ્મનોના માથે કાળનગારા બજી રહ્યા છે.' સહેજ મોટા અવાજે રત્નશ્રવાએ કહ્યું.

'પણ પુત્રોનાં લગ્ન નગારાં કયારે વગડાવવાના છે?'

'ઓહો...એ તો વિચાર જ નથી કર્યો!'

'એ માટે તો અત્યારે અહીં આવી છું...'

'ઠીક; કંઇ વિચાર કર્યો ખરો?'

'ઘણો વિચાર કર્યો. વિચારમાં ને વિચારમાં તો ઉંઘ પણ ઉડી ગઇ છે મારી?'

કોઇના પર પસંદગી ઉતરી?

'ના રે ના. મારા પરાક્રમી પુત્રોને યોગ્ય મને તો કોઇ કન્યા દેખાતી નથી.'

'તો પછી?'

'લ્યો, અમારે જ એકલાએ વિચારવાનું? કૃત્રિમ રોષ બતાવતી કકસી બોલી.'

'તો કન્યાઓ શોધવાનું કામ પણ મારે કરવાનું?' મજાક ઉડાવતા રત્નશ્રવાએ કહ્યું.

'હાસ્તો!'

'બંને જણાં હસી પડયાં.'

'પ્રાણપ્રિયે ! તું અને હું બહુ ચિંતા કરીએ તે વ્યર્થ છે.' કંઇક ગૂઢ રહસ્ય કહેવાની ભૂમિકા કરતાં રત્નશ્રવાએ કહ્યું.

'કેમ વારૂં ? પુત્રોના માટે માતાપિતાએ ચિંતા ન કરવી ?'

'કરવી જોઇએ પણ મર્યાદિત કરવી જોઇએ. ઉંઘ ઉડી જાય તેવી નહિ !'

'મને કંઇ સમજાયું નહિ.'

એ જ કે, તું અને હું ચિંતા કરીએ તે સહજ છે. પરંતુ પુણ્યશાળી આત્માઓની ચિંતા તેમનું પુણ્ય જ કરતું હોય છે. તારા પુત્રો પ્રબળ પુણ્યશાળી છે, તેમની ચિંતા તેમનું પુણ્ય કરી જ રહ્યું હશે. જો જે ને, અલ્પકાળમાં જ તેમનું પુણ્ય તેમને સુયોગ્ય કન્યાઓ ખેંચી લાવશે !'

'વાત તો સાચી છે પણ...'

'પણ શું ? ચિંતા તમને નથી છોડતી એમ ને ?'

'હા, એમ જ છે !'

'તમે તમારે ભગવાન શાંતિનાથનું ધ્યાન ધરતાં સુઇ જાઓ. ચિંતાડાકણ ભાગી સમજો !'

રત્નશ્રવાની પુણ્ય–પાપ પરની શ્રદ્ધાનાં વચનોથી કૈકસીનું મન ફોરૂં થઇ જ ગયું હતું. પુત્રોના મહાન પુણ્ય તરફ દૃષ્ટિ જતાં જ તેના હૈયામાં આનંદની લાગણી વ્યાપી ગઇ હતી.

પ્રસન્ન વદને કૈકસીએ પતિનાં વચનોને સ્વીકારી લીધાં.

રાત્રિ રત્નશ્રવાના સાન્નિધ્યમાં વીતાવી.

મનુષ્ય સુખ...સુખ ઝંખ્યા કરે છે. પણ બિચારો એવી ભ્રમણામાં અટવાઇ ગયો છે કે સુખની આછી રેખા પણ જોઇ શકતો નથી. 'શ્રદ્ધાવાન્ લભતે સુખમ્' સુખ માટે શ્રદ્ધા જોઇએ છે. પુણ્ય–પાપના સિદ્ધાંતો પરની શ્રદ્ધા સુખને લાવી આપે છે. પુણ્ય–પાપ પરની શ્રદ્ધાવાળો આત્મા બીજાને સુખનો માર્ગ ચિંધી શકે છે. આજે મનુષ્યસૃષ્ટિ દુઃખના દાવાનળમાં સળગી રહી છે તેનું આ એક જ કારણ છે કે મનુષ્ય પુણ્ય-પાપના સિદ્ધાન્તો પરની શ્રદ્ધાને વિસરી ગયો છે.

દુઃખી બને છે ત્યારે બીજાનો દોષ જુએ છે !

સુખી બને છે ત્યારે પોતાની હોંશીયારી માને છે!

પરિણામ એ આવે છે કે દુઃખી અવસ્થામાં બીજા પ્રત્યે તિરસ્કાર, દ્વેષ અને અરુચિની દુનિયા સર્જે છે. સુખી અવસ્થામાં અભિમાન, અહંકાર અને વ્યસનોની દુનિયાને રચે છે. બંને અવસ્થાઓમાં વાસ્તવિક સુખ–શાંતિને પામી શકતો નથી.

પુણ્યપાપની શ્રદ્ધાવાળો જ સાચું મનઃસ્વાસ્થ્ય પામી શકે છે.

દશમુખના પુણ્યબળે વૈતાઢ્ય પરના 'સુરસંગીત' નગરને ઢંઢોળ્યું.

સુરસંગીતનગરનો વિદ્યાધર રાજા મય, ચિંતાના સાગરમાં ડુબ્યો હતો.

મયરાજની રાણી હેમવતી.

હેમવતીની પુત્રી મંદોદરી.

મંદોદરી એટલે ગુણોની મૂર્તિ અને સૌન્દર્યની મૂર્તિ.

મંદોદરીના અંગેઅંગે યૌવનના અંકુરા ફુટયા.

તેનું યૌવન ફાટફાટ થવા લાગ્યું.

વૈતાઢ્યની ઉત્તરશ્રેણિ અને દક્ષિણશ્રેણિનાં અગણ્ય નગરોમાં મયરાજે મંદોદરીને અનુરૂપ વરની શોધ કરાવી પણ કોઇ વિદ્યાધરકુમાર મંદોદરીને અનુરૂપ ન મળ્યો, ત્યારે મયરાજ અને હેમવતીની ચિંતા નિરવધિ બની.

મયરાજનો વિષાદમગ્ન ચહેરો જોઇ મંત્રીશ્વરે પૂછયું.

'મહારાજા ! કેટલાક દિવસથી આપના મુખ પર આનંદ–ઉલ્લાસ દેખાતો નથી.'

'સાચી વાત છે મંત્રીશ્વર !'

'કઇ વાત–વસ્તુની ચિંતા આપને પીડી રહી છે તે કહી શકાય એમ હોય તો....'

'મંત્રીશ્વર ! તમારાથી શું છુપાવવાનું હોય ? પુત્રી મંદોદરીનો વિચાર મને અકળાવી રહ્યો છે. સારા ય વૈતાઢ્ય પર મંદોદરીને અનુરૂપ ભર્તાર મને

દેખાતો નથી.' મંત્રીની સામે જોતા મયરાજે કહ્યું.

રાજાની વાત સાંભળી મંત્રીના મુખ પર ચિંતા કે વ્યથા ન પથરાઈ. બલ્કે આનંદ અને ઉલ્લાસ ઉછળ્યો.

'મહારાજ ! ભલે ને વૈતાઢયગિરિ પર કોઈ સુયોગ્ય રાજકુમાર ન રહ્યો ! પૃથ્વી બહુરત્ના છે.'

'તમારા ખ્યાલમાં છે કોઈ ?'

'જી હા !'

'કોણ ?'

'રત્નશ્રવાનો પુત્ર. સુમાલીનો પૌત્ર દશમુખ.'

'એમ ?'

'હા જી. એક હજાર વિદ્યાઓ સિદ્ધ કરી છે. અગણિત વિદ્યાધરો અને દેવો તેના પરાક્રમ પર આફરીન બન્યા છે. મંદોદરી માટે દશમુખ જ સુયોગ્ય ભર્તાર મને લાગે છે.'

વૃદ્ધ મંત્રીશ્વરની વાત સાંભળી મયરાજ ચિંતાની સાગરની બહાર નીકળ્યો. તેના મુખ પર હર્ષની રેખાઓ અંકિત થઈ.

'તો પછી તૈયારી કરો સ્વયંપ્રભનગરે જવાની. હું મહારાણીનો અભિપ્રાય જાણી લઉં.'

'જેવી મહારાજાની આજ્ઞા.' કહી મંત્રીશ્વર પ્રયાણની તૈયારી માટે ઉપડી ગયા. રાજા ઝડપભેર અંતઃપુર તરફ ઉપડયો.

ઝડપથી મયરાજાને આવતાં જોઈ હેમવતી પણ ત્વરાથી સામે ગઈ.

'કેમ ? ઉતાવળા ઉતાવળા શા માટે !' હર્ષ–વિષાદની મિશ્ર લાગણીઓને અનુભવતી હેમવતીએ પૃચ્છા કરી.

'મહાદેવી ! મંદોદરીને યોગ્ય કુમાર મળી ગયો !'

'એમ ? કોણ ?'

'સુમાલીનો પરાક્રમી પૌત્ર દશમુખ. એક હજાર વિદ્યાઓ સિદ્ધ કરનાર, વિદ્યાધરોની દુનિયામાં હેરત પમાડનાર તે રાજપુત્રની કીર્તિ ચોમેર પ્રસરી રહી છે.'

'બહુ સરસ ! મારી મંદોદરી ભાગ્યશાળી તો ખરી !' હર્ષથી ધબકતા હૈયે હેમવતી બોલી.

'તો હવે સ્વયંપ્રભનગરે જવાની તૈયારી કરો... મહામંત્રીને મોકલીને નક્કી કરૂં છું. ક્યાં ગઈ મંદોદરી? અંતઃપુરમાં દૃષ્ટિ નાંખતાં મયરાજે પૂછ્યું.

મંદોદરી તો ક્યારની ય બારણાના ઓઠે માતા-પિતાનો વાર્તાલાપ સાંભળી રહી હતી. ભાવિજીવનના મીઠાં સ્વપ્નોમાં તે મહાલી રહી હતી. જ્યાં મયરાજે હાક મારી ત્યાં તરત જ અજાણી થઈને પિતાની સમક્ષ આવી.

'જા તારી માતાને તને એક વાત કહેવી છે.'

માતા–પુત્રીને મૂકી મયરાજ હસતો હસતો ત્યાંથી નિકળી ગયો.

હેમવતીએ પૂર્ણપ્રેમથી મંદોદરીને પોતાના ઉત્સંગમાં લઈ કહ્યું.

'બેટા ! હવે તૈયારી કરવાની છે.'

'શાની બા ?' જાણે કંઈ જાણતી નથી તેમ ઠાવકે મોંએ મંદોદરીએ કહ્યું:

'સાસરે જવાની !'

મંદોદરીનું મુખ લજ્જાથી લાલલાલ થઈ ગયું. તે કંઈ જ બોલી શકી નહિ.

'સુમાલીના પૌત્ર દશમુખ સાથે તારો વિવાહ થાય તો કેમ ?' પુત્રીની અનુમતિ છે કે નહિ, તે જાણી લેવા હેમવતીએ પૂછ્યું.

'મા ! એમાં મને શું પૂછવાનું ? તને અને મારા પિતાજીને જે યોગ્ય લાગે તેમ જ કરવાનું. તમે બંને જે કરશો તે મારા હિત માટે જ કરશો.'

મહામંત્રીએ ખાસ ખાસ રાજપુરુષોને લઈ સ્વયંપ્રભનગર તરફ પ્રયાણ કર્યું. અલ્પકાળમાં નગરના-દ્વારે આવી પહોંચ્યા.

ગગનગામી વિદ્યાધરોને કેટલીવાર લાગે !

અનાદતદેવે ભક્તિભાવથી રચેલા ભવ્ય નગરને નિહાળતા રાજપુરુષો સુમાલીની રાજહેલીએ આવી પહોંચ્યા.

દ્વારપાલે જઈ સુમાલીને સમાચાર આપ્યા.

'મહારાજા ! સુરસંગીતનગરના મહામંત્રી અંદર આવવાની અનુજ્ઞા માંગે છે.'

'ખુશીથી આવવા દો અંદર.'

મયરાજના મહામંત્રી રાજપુરુષોના મંડળ સાથે સુમાલીના ખંડમાં પ્રવેશ્યા.

સુમાલીએ યોગ્ય સ્વાગત કરી યોગ્ય આસનો આપ્યાં.

'કહો, કેમ પધારવું થયું ? મયરાજ આનંદમાં છે ને ?' સુમાલીએ આગમનના પ્રયોજન સાથે મયરાજની ખબરઅંતર પૂછી.

'વિદ્યાધરનરેશ મયરાજ સુખશાન્તિમાં છે. અને તેમણે એક માંગણી કરવા મોકલ્યા છે.' મંત્રીએ સ્પષ્ટ વાત કરી.

'જરૂર, કહો, શી માંગણી છે ? મારી બનતી શક્યતાએ માંગણી પુરી કરીશ.'

'અમારા મહારાજાની મંદોદરી નામે પુત્રી છે. રૂપે ને ગુણે પુરી. આપના પ્રતાપી પૌત્ર દશમુખ સાથે લગ્ન કરવા મયરાજ ઇચ્છે છે.'

મંત્રીની વાત સાંભળી સુમાલીને આનંદ થયો. તુરત જ રત્નશ્રવાને બોલાવી પૂછી લીધું.

સુમાલીએ મયરાજની માંગણીને સ્વીકારી.

એક બાજુ દશમુખને યોગ્ય કન્યા મળે છે જ્યારે બીજી બાજુ દુશ્મનોના અભેદ્ય કિલ્લારૂપ વૈતાઢ્યગિરિ પર એક મિત્ર રાજ્ય વધે છે ! સામાજિક અને રાજકીય, બંને ભૂમિકાએ આ કાર્ય સુમાલીને સુયોગ્ય લાગ્યું.

મયરાજનું મંત્રીમંડળ પહોંચ્યું સુરસંગીત નગરે. જઇને મયરાજ તથા હેમવતીને શુભ સમાચાર આપ્યા. તુરત રાજપુરોહિતને બોલાવી નજીકમાં જ લગ્નનું શુભમુહૂર્ત કાઢી આપવા મયરાજે કહ્યું.

રાજરોહિતે પણ શુભ દિવસ અને શુભ સમય જોઇ આપ્યો.

લગ્નમહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી. સ્વયંપ્રભનગરે સુમાલી તથા રત્નશ્રવાને પણ સમાચાર પહોંચાડી દીધા.

લગ્નનો દિવસ નજીક આવી પહોંચ્યો.

મંદોદરીને લઇ મયરાજ ભવ્ય આડંબર સાથે સ્વયંપ્રભનગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યા.

મહેમાનો માટે દિવ્ય મહાલયો નગરના બહાર ઉભા કરી દેવામાં આવ્યા હતા. આખું ય સ્વયંપ્રભનગર રાક્ષસવંશીય કલાકારોએ અલકાપુરીની હરિફાઇ કરે તેવું શણગારી દીધું હતું.

જ્યાં વિદ્યાદેવીઓ અને દેવો સાન્નિધ્યમાં હોય ત્યાં કઈ વાતની કમીના હોઇ શકે ?

મંગલમુહૂર્તે, દેશદેશના રાજેશ્વરોની હાજરીમાં પરાક્રમી દશમુખ રાવણનું મંદોદરી સાથે લગ્ન થઈ ગયું.

(ક્રમશઃ)

*


## દરેક નવાં પ્રકાશનો

### જેવાં કેઃ—

| | |
|---|---|
| નમસ્કાર નિષ્ઠા | નવકાર સાધના |
| આત્મ તત્ત્વવિચાર | મંત્રીશ્વર વિમળ |
| ત્યાગની વેલી | માતૃદેવો ભવ |

—: વગેરે દરેક નવાં પ્રકાશનો માટે

મળો યા લખો :—

**સેવંતિલાલ વી. જૈન**

શ્રી વર્ધમાન જૈન પાઠશાળા

પાંજરાપોળ, મુંબઇ-૪

# મનન માધુરી

**શ્રી વિમર્શ**

જૈનદર્શનની અનેક વાતોને વૈજ્ઞાનિક દષ્ટિયે સાત્વિક તથા રસમય શૈલીયે સમજાવતી આ લેખમાળા 'કલ્યાણ'નું અનેરૂં આકર્ષણ છે. સર્વ કોઈ આ લેખમાળાને નિયમિત વાંચતા રહે એ અમારો આગ્રહ છે.

⊙

**આ** જગતમાં જે કાંઈ સુખ છે. સુખના કારણભૂત જે કાંઇ શુભ પ્રવૃત્તિ–સત્કાર્યો થઈ રહેલાં છે, તે બધું તીર્થંકરદેવોને લીધે જ છે. જગતના જીવો જે કાંઇ સુખ મેળવી રહ્યાં છે, તેમાં ઉપકાર શ્રી તીર્થંકર ભગવંતોનોજ છે. સુખ પુણ્ય કર્મના ઉદયથી મળે છે. પુણ્ય બંધ શુભ પ્રવૃત્તિથી થાય છે. સત્પ્રવૃત્તિ શુભ અધ્યવસાયથી થાય છે હવે જીવને એ શુભ અંધ્યવસાય શાથી થાય ? અનાદિ કાળના અસદભ્યાસથી, મલીનવાસનાઓના જોરથી જીવ કુદરતી રીતે જ પાપ કરવાની વૃત્તિવાળો છે. એ સ્થિતિમાં એને ઉત્તમ શ્રેયપ્રવત્તિ કરવાની વૃત્તિ સહજ રીતે જાગે એવું છે જ નહિ. નિસર્ગ સમ્યક્ત્વવાળાને પણ પૂર્વ જન્મોમાં અધિગમ જોઇએ. સમગ્ર ભવચક્રમાં એક પણ અધિગમ વિના જ સમ્યક્ત્વ પામીને મોક્ષ જનારા જીવોની સંખ્યા મરૂદેવા માતાની જેમ વિરલ અને તેમને પણ સમવસરણની ઋદ્ધિના દર્શન રૂપી અધિગમ તો હતો જ. જીવ શ્રેયપ્રવૃત્તિ કરવા અધિગમથી જ પ્રેરાય છે. પાપ માટે આલંબનની જરૂર પડતી નથી. અથવા પાપના આલંબનોથી તો જગત ભરેલું જ છે. પુણ્ય ઉપદેશ વિના થતું નથી. ઉપદેશ માટે વચનની શક્તિ જોઇએ. સિદ્ધાતો અશરીરી છે. ઉપદેશ ન આપી શકે, ઉપદેશ અરિહંતો જ આપે. એઓ પોતાના વચનાતિશયને કારણે અનેક જીવોને ઉપદેશ આપી સત્પ્રવૃત્તિમાં જોડી શકે છે. જગતમાં મોક્ષમાર્ગ, અને એ માર્ગના પ્રતીકો–મંદિર, મૂર્તિ, ઉપાશ્રય, શાસ્ત્રો, સંઘ વગેરે પણ અરિહંતોના કારણેજ છે. માટે જગતમાં જે કાંઇ શુભ છે તે અરિહંતોના લીધે જ છે. અરિહંતપણાની પ્રાપ્તિની સામગ્રી પણ તીર્થંકરોજ આપે છે. તીર્થ અને તેના પ્રતીકો ઉપદેશ વિના સર્જાતા નથી. ઉપદેશ આપવા માટે જે પુણ્યબળ જોઇએ તે અરિહંતો પાસેજ છે. માટે આજે આપણે જે કાંઇ સાધના કરી શકીએ છીએ, સુખ મેળવી શકીએ છીએ, શાતાનો અનુભવ કરી શકીએ છીએ, એ બધાયમાં અરિહંતોનો ઉપકાર છે, એ સદા સ્મૃતિપથમાં રહેવું જોઇએ. આવડો મોટો જેમનો ઉપકાર છે તેમને ભૂલી જઇને, એનો સ્વીકાર ન કરીને કોઇપણ આત્મા ઉન્નતિના પંથે ગતિ કરી શકતો નથી. આત્મવિકાસના માર્ગે આગળ વધવા માટે સત્યના સ્વીકારની, ઉપકારી પ્રત્યે નમ્રતા અને કૃતજ્ઞતાભાવની, અનુપકારી અને અપકારી પ્રત્યે મધ્યસ્થતા, અને ઉદાસીનતા કેળવવાની પહેલી શરત છે, એ વિના કષાયમંદતા, અંતર્મુખતા તથા બીજા તેવા જ આધ્યાત્મિક સદ્‌ગુણોની પ્રાપ્તિ થતી નથી.

## સંપૂર્ણ અધઃપતન કેમ નહિ ?

**પ્રશ્ન**–આ જગત અધઃપતનને માર્ગે જતું દેખાય છે, છતાં તેનું (Total) સંપૂર્ણ અધઃપતન કેમ નથી થઇ જતું ? અંશે અંશે પણ શુભ ભાવનાઓ, શુભ પ્રવૃત્તિઓ ટકી રહે છે, એ શાથી ?

**સમાધાન**–શરીરમાં જ્યાં સુધી જીવ છે, ત્યાં સુધી એ શરીરમાં કોઇ ઠેકાણે બગાડો થાય છે કે

તુરત જ એને સુધારવાનું કાર્ય શરૂ થઇ જાય છે. ઘસારો લાગે કે તુરત એને પૂરી દેવા આખું યંત્ર કાર્ય કરતું રહે છે, કોઇ ઠેકાણે ઘા થયો કે લોહી વહી જતું અટકાવી દેવા લોહીના સફેદ રજકણો ત્યાં જમા થઈ જાય છે. જીવની હાજરી માત્રથી શરીરમાં સડો થતાં અટકી જાય છે. એ જીવ આ શરીરને છોડી દે કે તુરત શરીર ગંધાઈ ઉઠે છે. સંસારી અશુદ્ધ જીવની આટલી શુભ અસર છે, તો શુધ્ધ જીવોની અસર કેટલી માનવી? यथा पिंडे तथा ब्रह्मांडे । પોતાના પિંડમાં જેમ પોતાના અશુદ્ધ પણ જીવની આટલી સારી અસર પહેચે છે, તો સમગ્ર બ્રહ્માંડમાં કે જ્યાં અનેક શુદ્ધિ આત્માઓ, સિધ્ધ આત્માઓ, વિદ્યમાન છે, ત્યાં તેમની અસર કેમ ન પડે? જગત તદ્દન અધઃપતનને માર્ગે નથી ઘસડાઇ જતું તેનું કારણ શુદ્ધ સત્ત્વોની જગતમાં સદા કાળ હાજરી રહેલી છે, એટલે જ નમસ્કાર માહાત્મ્યમાં પણ કહ્યું છે કે,

**रजस्तमो बहिः सत्त्वातीतस्य परमेष्ठिन ।**
**प्रभावेण तमः पंके विश्वमेतन्न मज्जति ॥१॥**

પરમેષ્ઠીના પ્રભાવે આ વિશ્વ અજ્ઞાનરૂપ કાદવમાં ડૂબી જતું નથી.

## સમિતિ–ગુપ્તિ :

સમિતિધર્મ મહાસત્તાના કાર્યમાં સહાય કરે છે.

ગુપ્તિધર્મ મહાસત્તાના કાર્યમાં ડખલ કરતાં રોકે છે. કેવળી ભગવંતોને કેવળ સમિતિ જ હોય છે. વિચાર કરતાં તે બરાબર ઘટે છે. કારણ કે કેવળજ્ઞાન થયા પછી તેઓ જે કાંઇ કરે, તે ધર્મ મહાસત્તાને સહાયક જ હોવાનું.

**પ્રશ્ન**–જિનેશ્વરદેવને ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ કહેવા કે સ્વામી કહેવા?

**ઉત્તર**–તીર્થંકરદેવોની ભાવનાનુસાર કર્મપ્રકૃતિને વર્તવું પડે છે. કેમ કે કર્મપ્રકૃતિ જડ છે. તેના ઉપર પ્રભાવ ચેતનાશકિતનો છે. તીર્થંકરોની પ્રબળ ભાવનારૂપી ચૈતન્ય શકિતને વશ થઇને વિશ્વનો સ્વભાવ અધોગામી હોવા છતાં ઉર્ધ્વગામી બને છે. વિશ્વનો કુદરતી સ્વભાવ અધોગામી છે, તે ઉર્ધ્વગામી તીર્થંકરોની ભાવનાથી થાય છે, તેથી તીર્થંકરોનાં ચરણોમાં વિશ્વ પ્રકૃતિ પોતાની શ્રેષ્ઠ વસ્તુઓ ધરે છે અને તેમાંથી મુક્તિમાર્ગની રચના થાય છે.

જીવોનો અને પુદ્ગલોનો અનાદિ સ્વભાવ અધોગામી છે, પતનશીલ છે, વિકારોન્મુખ છે, છતાં જગતનું સર્વથા પતન થતું નથી અને એમાં પણ ભવ્યોને ઉત્થાનના માર્ગ મળી આવે છે, એમાં જિનેશ્વર અને એના ફળસ્વરૂપ ધર્મતીર્થનું સામર્થ્ય કામ કરે છે. જે થાય છે, તે સારાને માટે થાય છે, એ વિચાર ઇશ્વરકર્તૃત્વવાદને મળતો છે, પરંતુ ખરાબને પણ સારૂં કરવાનું સામર્થ્ય ધર્મમાં છે, એ વિચાર કર્મવાદ અને પુરુષાર્થવાદનો પોષક છે, બંને વચ્ચે રહેલું આ અંતર સૂક્ષ્મબુદ્ધિથી નક્કી કરવું જોઇએ.

## પુણ્ય પાપની સરખામણી :

પાપનું બળ વધારે કે પુણ્યનું?

મણ પાપ કરતાં કણ પુણ્યનું બળ વધારે છે. કારણ કે પુણ્યની સાથે વિશ્વની મહાસત્તા છે, સરકારનો એક નાનકડો સીપાઇ પણ ગમે તેવા મોટા માણસને પકડીને લઇ જઇ શકે છે. એમાં એને કોઇ રોકી શકતું નથી.

## સિદ્ધ ભગવંતો કાંઇ લાભ કરે કે નહિ?

અનાજની સાથે પારો મૂકો તો અનાજ સડતું નથી. પારાનું માત્ર અસ્તિત્વ જ છે, છતાં ત્યાં કોઇ જીવ જંતુ વાતાવરણમાં ઉત્પન્ન થઇ શકતાં નથી. તેમ લોકમાં સિદ્ધ ભગવંતોનું અસ્તિત્વ છે, જેટલા માત્રથી જગતમાં સડો, અશુદ્ધિ, અશુભવૃત્તિ અને પ્રવૃત્તિ અમુક પ્રમાણથી વધતાં અટકી જાય છે, એટલું જ નહિ પણ શુભ જડ જગતને પણ જીવોની ઉત્ક્રાંતિ તરફની જ ગતિ થાય છે, જીવોની ઉત્ક્રાંતિ થયા કરે એવી જ જડ જગતની પણ રચના બને છે, તેમાં પ્રબળ કારણ સિદ્ધોનાં અસ્તિત્વ અને

આલંબન સિવાય બીજું શું છે?

*બીજી વાત*–લોકરચના પણ સિદ્ધોના પ્રભાવની સાક્ષી પૂરે છે. સિદ્ધશિલા આખા વિશ્વની ઉપર છે. તે અત્યંત સ્વચ્છ, શ્વેત, નિર્મળ છે ત્યાંથી જેમ જેમ નીચે જઈએ તેમ તેમ નિર્મળતા, શુદ્ધતા ઘટતી જાય છે. ૭ મી નરક સુધી પહોંચતાં એકદમ અંધકાર છવાઈ જાય છે. સુખ પણ સિદ્ધોનું છે. તેના કરતાં એમની તદ્દન નજીક રહેલા અનુત્તર વિમાનવાસી દેવોનું ઉતરતું–એમ ઓછું થતાં થતાં ૭ મી નરકમાં એકલી અશાતા છે. અનાદિ રચના પણ આવા જ પ્રકારની હોવામાં સિદ્ધોનાં અસ્તિત્વ અને આલંબનની અસરને કારણ તરીકે કેમ ન માનવું?

## પર દ્રવ્યની અસર :

૧ જીવની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ છતાં સંસાર અવસ્થામાં તીર્છું કે અધો ગમન થાય છે, તે શાથી? કર્મદ્રવ્યની અસરને લીધેજ તેમ બને છે.

૨ સર્વ દ્રવ્યો વેર વિખેર થઇને અલોકમાં ફેંકાઈ કેમ જતા નથી? એમાં કારણ તરીકે ધર્મ–અધર્મ દ્રવ્યની અસર!

૨ સિધ્ધોની નિયત અવગાહના ચરમ શરીરના ૨–૩ ભાગ જેટલી જ કાયમ માટે રહે છે, તે કર્મદ્રવ્યની પૂર્વ અસરનું પરિણામ નહિ તો બીજું શું?

૪ સંસારી જીવની અવગાહના શરીર પ્રમાણ જ કેમ? અને લોકવ્યાપી કેમ નહિ? શરીર નામ કર્મનું બંધન તેનું કારણ છે.

૫ શુભ રાગ પૂર્વક થતાં ધર્મના અનુષ્ઠાનો, એ પરંપરાએ અક્રિયપદનો હેતુ થતાં હોય તો તેને કર્મબંધનકારક ક્રિયા કહેવાને બદલે કર્મક્ષયસહાયક ક્રિયા કે અક્રિયાજ કહેવામાં શું હરકત? ક્રિયાથી કર્મબંધ જ થાય પણ કર્મક્ષય ન જ થાય, એ નિયમ વાસ્તવિક રીતે અશુભ ક્રિયાને લાગે, શુભ અને શુદ્ધક્રિયાને એ નિયમ પરાણે કેવી રીતે લગાડાય?

૬ જેમ પારો પોતાની હાજરી માત્રથી અનાજને સડતું બચાવી લે છે, તેમ શુદ્ધિ સત્ત્વો પોતાની હાજરી માત્રથી દૃષ્ટાંતભૂત બનીને જગતને અશુદ્ધિથી બચાવી લઇ શુદ્ધિ તરફ લઇ જાય છે.

૭ તારનારની સંખ્યા સાગર જેટલી છે. તરનારની સંખ્યા બિંદુ જેટલી છે, સિદ્ધો પાંચમે અથવા મતાંતરે આઠમે અનંતે છે. મોક્ષ પામવાની લાયકાતવાળા સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્યો સંખ્યાતા. તરનારા જો અનંતા તારનારાની સન્મુખ રહે તો તરવા જેવું સહેલું કાર્ય બીજું એક પણ નથી. અસર લેવા માટે ખુલ્લું રહેવું પડે, ખુલ્લું રહેવું એટલે સાચી શ્રદ્ધા અને સમજણપૂર્વક શરણાગતિ કેળવવી. જો હું તેમના પ્રત્યે ભક્તિ–બહુમાનવાળો બનું, તેમની આજ્ઞા પાલનનેજ પરમકર્તવ્ય માનું, તેમનામાં મને ભવસાગરથી તારવાની અચિન્ત્ય શક્તિ રહેલીજ છે, એમ શ્રદ્ધા પૂર્વક અને કૃતજ્ઞતાપૂર્વક સ્વીકારવું.

## જગતમાં અત્યારે માત્ર બે જ દર્શન :

આજે જગતમાં માત્ર બે જ દર્શન રહ્યાં છે. એક વિજ્ઞાન અને બીજું જૈન. પરમાણુની વધઘટથી જુદા જુદા મૂળતત્ત્વો બને છે, એમ આજે વિજ્ઞાન કહે છે. પહેલાં વિજ્ઞાન એમ કહેતું હતું કે વિશ્વમાં મૂલતત્ત્વો ૨૨ કે ૨૩ જ છે. પછીથી એ સંખ્યા ૯૩ સુધી પહોંચી. એટલે મૂળદ્રવ્ય–જેની ઉત્પત્તિ બીજા કોઈ દ્રવ્યના સંયોગજન્ય ન હોય પણ સ્વયંસિદ્ધ હોય. આજે વિજ્ઞાનની એ માન્યતા નથી રહી. વિજ્ઞાન આજે કહે છે કે અણુમાં જે વિવિધતા આવે છે, તેનું કારણ એ અણુના ઘટક ઇલેક્ટ્રોન્સની જુદી જુદી સંખ્યા છે, પારાના અણુમાંથી એક ઓછો કરો તો એ સુવર્ણનો અણુ બની જાય છે. એ વાત જૈનદર્શન પહેલેથી જ કહે છે.

આ અનેકવિધ વિવિધતાવાળું દૃશ્ય જગત એ જુદી જુદી સંખ્યામાં પરિણામ પામેલાં પુદ્ગલ પરમાણુઓનું જ કાર્ય છે. મૂળમાં તો માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ છે. અમુક સંખ્યા સુધીના પરમાણુઓમાંથી કાર્મણ વર્ગણા બને છે. એમાં એક પરમાણુ વધ્યો

કે એ કાર્મણ વર્ગણા રહેતી નથી. ઔદારિક, વૈક્રિય આહારક આદિ વર્ગણાઓનું કારણ એના ઘટક પરમાણુઓની જુદી જુદી સંખ્યા છે. અનેક અખતરાઓ પછી વિજ્ઞાન એજ વાત જગત આગળ જુદી રીતે મૂકે છે.

'પંચ ભૂતમય આ જગત છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ વગેરેના અણુઓ જુદાં જુદાં જ છે. કોઇ કાળે પૃથ્વીના અણુ મટી જઇ જલના ન બને અને જલના અણુ પૃથ્વીના ન થાય. પૃથ્વીમાં ગંધ અને અગ્નિમાં રૂપ છે. વગેરે વાતો કરનાર દર્શનોનો વિજ્ઞાનવાદથી નિરાસ થઇ જાય છે. કણાદ કે અક્ષપાદ ગૌતમ વગેરેએ એ વાતોનું સમર્થન કરનારા મોટા મોટા ગ્રન્થો ભલે રચ્યા હોય, પણ એ બધી દલીલોને વિજ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણથી ઉડાવી દે છે. હાઇડ્રોજન અને ઓકસીજનના અણુઓને એકઠા કરીને પાણી બનાવી આપે છે. સ્કુલમાં ભણતા વિદ્યાર્થીઓ આગળ પણ આજે આ પ્રયોગ કરી બતાવાય છે. અને વિદ્યાર્થીઓ જાતે એ પ્રયોગ કરીને ખાત્રી કરે છે. આજે એ જમાનો છે. એ જમાનામાં દરેક પરમાણુઓ જુદાજ છે. એની સાબીતી માટે ૫૦ પાના ભરીને તર્ક કર્યો હોય એ કરનાર પછી ગૌતમ કે અક્ષપાદ હોય, પણ એ કોણ માને ? એટલે આજે બીજા દર્શનો તો આપોઆપ દૂર થઇ ગયાં છે. આપણી સામે આજે વિજ્ઞાનની દલીલો જ આવશે એટલે આપણે આપણી વાતો પણ વિજ્ઞાનની ભાષામાં કહેતાં શીખવું પડશે. તોજ તે લોકભોગ્ય બનશે.

❉


**એ નો ડા ઈ ઝ**

**એલ્યુમીનીયમ લેબલ્સ**

★ ફરનીચર ★ મશીનરી ★ રેડીયો

વગેરે અનેક ઉદ્યોગોને ઉપયોગી

-: વધુ વિગત માટે લખો :-

**એક્ષેલ પ્રોસેસ વર્કસ,**

ઇરલા, મુંબઈ-૨૪

## મહામંગલકારી શ્રી નવકાર મહામંત્ર અંગેનું સાહિત્ય પ્રકાશન

| | |
|---|---|
| નવકાર સાધના | ૧-૦૦ |
| નમસ્કાર નિષ્ઠા | ૧-૦૦ |
| પરમેષ્ઠિ નમસ્કાર | ૧-૨૫ |
| મહામંત્રની આરાધના (મુનિશ્રી અભયસાગરજી) | ૦-૭૫ |
| નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન | ૦-૭૫ |
| નમસ્કાર મહામંત્રનું દર્શન | ૦-૬૫ |
| નમસ્કાર રસ ગંગા | ૦-૫૦ |
| નમસ્કાર ગીત ગંગા | ૦-૬૨ |
| મહામંત્રની સાધના (મુનિશ્રી કુંદકુંદવિજયજી) | ૧-૦૦ |

### ઉપયોગી પ્રકાશન. પડતર કિંમતે

| | |
|---|---|
| જ્ઞાન ઝરણાં | ૧-૨૫ |
| સાગરનાં મોતી | ૦-૫૦ |
| સાધનાની પગદંડી | ૦-૫૦ |
| ભવના ફેરા | ૦-૭૫ |
| જીવનની દિશા | ૧-૨૫ |
| અરિહંતની ઓળખાણ | ૧-૨૫ |
| વર્ધમાન તપ આરાધકોનું આલ્બમ | ૦-૫૦ |

પોષ્ટેજ અલગ. સિલકમાં હશે ત્યાંસુધી મોકલાવાશે

### ભેટ મળશે.

ફક્ત પોષ્ટેજ પેકિંગ

| | |
|---|---|
| સંસ્કૃતિનો સંદેશ | ૦-૧૦ |
| ભ. મહાવીરદેવ | ૦-૨૦ |
| તપ અને તપસ્વી | ૦-૦૬ |
| ઉપરીઆળા તીર્થ | ૦-૦૮ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૦-૦૬ |
| સંસારનું ટૂંક ચિત્ર | ૦-૦૫ |
| આપણા રામાયણના ગ્રંથો અને તેની શૈલી | ૦-૦૫ |
| ચૈત્રી પુનમના દેવવાંદવાનો વિધિ | ૦-૦૮ |

**સોમચંદ ડી. શાહ**

જીવન નિવાસ સામે, પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]

# વિનાશનાં તાંડવ: [ માનસિક હિંસાના દારુણ વિપાકને દર્શાવતી ચાલુ કથા ]

પૂ. મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

પૂર્વનો સાર : મહર્ષિ શ્રી અભયરુચિ મુનિ હિંસાના દારૂણ વિપાકો સમજાવતાં પોતાના પૂર્વભવો મારિદત્તરાજાને જણાવી રહ્યા છે. સુરેંદ્રદત્તરાજા અને યશોધરા, એ-પુત્ર તથા માતા સાતમા ભવમાં કૂકડાઓ તરીકે જન્મે છે. ત્યાં કોટવાળના રક્ષણતળે તેઓ ઉછરતા. તેઓને પૂ. મુનિરાજ પાસેથી ધર્મ સાંભળવા મળે છે, પોતાના પૂર્વભવો સાંભલી તે જાતિસ્મરણ જ્ઞાન પામી ગુણધરરાજાના બાણથી મરી પોતાના જ પુત્ર ગુણધરરાજાને ત્યાં તે બન્ને પુત્ર-પુત્રી તરીકે જન્મે છે. ગુણધરરાજા શિકારે નીકળે છે, મુનિરાજ મળતાં અપશુકન માનીને તેમને કદર્થના કરે છે. ત્યાં રાજાનો બાલમિત્ર અર્હદ્દત્ત એ મુનિની ઓળખાણ કરાવે છે. રાજા મુનિ પાસે જઇ ધર્મોપદેશ સાંભળે છે, ને મુનિરાજને જ્ઞાની માની પોતાના પિતા, તથા દાદી કઇ ગતિમાં ગયા છે? તે વિષે પ્રશ્ન કરે છે.

હવે વાંચો આગળ :

## પ્રકરણ ૭ મું
## આરાધનાના માર્ગે

રાજન્ ! તારા પિતા અને દાદીના વૃત્તાંત સાંભળ. મનના વિચારો આત્માને ઘડીમાં નરકમાં લઈ જનાર તો ઘડીકમાં દેવલોકમાં લઈ જવામાં કારણુ બને છે. તારા પિતાને સંયમ લેવાની તીવ્ર ભાવના હતી. ખરાબ સ્વપ્ન આવ્યું તે સ્વપ્નને નિષ્ફળ કરવા તારી દાદીના આગ્રહથી લોટનો કૂકડો હણ્યો, તેથી તીવ્ર અનુબંધવાળું કર્મ બાંધ્યું.'

નયનાવલી તારી માતાએ ભોજનમાં ઝેર આપી નખ દબાવીને પ્રાણ લીધા. દુર્ધ્યાનમાં પડેલા યશોધર રાજા મરણ પામી મોર થયા. તારી દાદી પુત્રના આઘાતથી મરણ પામી કૂતરો થઈ તે બન્ને તારી પાસે આવ્યા. તારી નજર સમક્ષ કરૂણ રીતે મરણ પામી નોળીયો અને સર્પ થયા. ત્યાંથી મરી મત્સ્ય અને સુસુમાર થયા. સુસુમારને મરાવી તેનું માંસ આનંદથી તમે ખાધું. ત્યાંથી મરણ પામી તારી દાદી બકરી થઈ અને તારા પિતા તેનાજ ગર્ભમાં બકરો થયા. મોટો થતા ફરીથી તેજ બકરીમાં પોતાના વીર્યમાં બકરો થયો. તે બકરીને તેં બાણથી વીંધી નાખી, તેના બચ્ચાને તેં ઉછેરી મોટો કર્યો. બકરી મરી પાડો થયો. તે પાડાને તેં જ હણ્યો. પાડાનું માંસ ન રુચતા તારા પિતા બોકડાનું તેં માંસ ખાધું. ત્યાંથી બન્ને કારમી વેદના ભોગવતાં મરણ પામી બન્ને કૂકડો થયા.

જયાવલી સાથે કામક્રીડા કરતા તને શબ્દવેધીપણું બતાવવાનું મન થયું. અને બાણ છોડયું તેમાં તારા હાથેજ તારા પિતા અને દાદી કૂકડો થયેલા મરણ પામી જયાવલીના પેટમાં પુત્ર-પુત્રી રૂપે ઉત્પન્ન થયા. અભયરુચિ તે જ તારા પૂર્વના પિતા છે અને અભયમતી તે જ તારી દાદી છે. કર્મની ગતિ વિચિત્ર છે.'

આ સાંભળી રાજાનાં રૂવેરૂવાં ઉંચા થઈ ગયા. વિચારવા લાગ્યો; 'અહો હો સ્ત્રીઓનું ક્રૂરપણું, મૂર્ખાઈ કેવી છે. શાંતિના નિમિત્તે લોટના કુકડાના કરેલા વધે પણ મારા બાપ અને દાદીને આવા ભયંકર વિપાક આપ્યા. ત્યારે મારા હાથે સેકડો અને હજારો પ્રાણીઓનો નાશ થયેલો છે તો મારૂં શું થશે ? નકકી મારે નરકગતિમાંજ જવું પડશે. આમાંથી બચવા માટે મુનિવરને માર્ગ પુછું કે જેથી કોઈ રીતે નરકમાં જવાનું ન થાય.

મુનિવરે જ્ઞાનથી તેમનો અભિપ્રાય જાણીને કહ્યું. દુર્ગતિમાંથી બચવાનો ઉપાય શ્રી જિનેશ્વર ભગવંતોએ બતાવ્યો છે અને તે એક જ જિનેશ્વર ભગવાનના ધર્મનો સ્વીકાર કરવો, જગતના સઘળા જીવો પ્રત્યે મૈત્રી રાખવી, ગુણવાળા આત્માઓને જોઇ આનંદ પામવો, દુષ્ટ આત્માઓ પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો, અતિચાર લગાડયા વિના અહિંસા-સંયમ-તપનું પાલન કરવું. એ જ આત્માનો ઉદ્ધાર કરવાનો ઉંચામાં ઉંચો ઉપાય છે. ગમે તેવા પાપી કઠોર આત્મા પણ જિનેશ્વર ભગવાનના કહેલા ધર્મના પાલનથી આત્માનું શ્રેય સાધી શકે છે.

રાજાએ તુરત મંત્રીઓને આજ્ઞા કરી કે તમે કુમારનો રાજ્યાભિષેક કરો 'હું આ સુદત્ત મહર્ષિ પાસે દીક્ષા લઉ છું. મારા માટે કોઈ જાતનો ખેદ કરવો નહિ.'

મંત્રી વગેરે નગરમાં આવી અમને તે વાત જણાવી એટલે અમે આખુ અંતઃપુર આદિ નગરજનો સહિત ઉદ્યાનમાં આવી પહોંચ્યા. ગુણધર રાજા મુનિના ચરણમાં બેઠેલા હતા.

ત્યારે મેં કહ્યું કે, 'દાઢ ખેંચી લીધેલા સર્પની માફક, પાણીમાં ખૂંચાઈ ગયેલા હાથીની માફક અને પાંજરામાં પુરાયેલા સિંહની માફક રાજ્યથી વિમુખ બનેલા આપ આ શું કરો છો ?'

રાજાએ બધી વાત કરી. આ સાંભળી અમો બન્ને મૂર્છા ખાઇ નીચે ઢળી પડયા. ઉપચારો થતાં જાગૃત થયા. જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. સાક્ષાત્ બધું નજરે જોયું એટલે અમે ગુણધર રાજાને કહ્યું કે હે પિતાજી ! સર્પના જેવા ભયંકર ભોગોનું અમારે કાંઇ કામ નથી અમે પણ આપની સાથે દીક્ષા લઈશું.

પછી રાજાએ પોતાના ભાણેજ વિજયધર્મને રાજ્ય સોંપી રાજ્યાભિષેક કર્યો. જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવી ખૂબ દાન વગેરે આપી સુદત્ત મુનિવર પાસે અમે દીક્ષા લીધી.

મેં ગુરુભગવંતને વિનંતી કરી. પ્રભો ! નયનાવલી હજુ જીવે છે તો આપ ધર્મદેશના સંભળાવી તેનો ઉદ્ધાર કરો ને.

સુદત્ત મુનિવરે કહ્યું કે સૌમ્ય ! નયનાવલી ધર્મક્રિયાને અયોગ્ય છે કુકર્મના યોગે તેને ત્રીજી નરકનું આયુષ્ય બાંધેલું છે. એટલે મરણ પામી પાપના ફળો ભોગવવા ત્રીજી નરકમાં જતાં તેને કોઈ રોકી શકે તેમ નથી તેની માત્ર દયા ચિંતવવી. હાલ તેને ધર્મ રૂચે એમ નથી.'

અમે દીક્ષા લઇ સુંદર પ્રકારે તપ-સંયમની આરાધના કરતાં ગામોગામ વિચરતા અહીં આવ્યા છીએ. આજે અઠ્ઠમનું પારણું હોવાથી ગોચરી માટે ગામમાં આવતા હતા ત્યાં તમારા સેવકોએ અમને પકડી અહીં હોમવા લાવ્યા છે રાજન્ ! આ અમારૂં સ્વરૂપ છે. લોટનો કુકડો મારવાથી અમે આટલું દુઃખ અનુભવ્યું તો હજારો જીવોને પ્રત્યક્ષ હણનાર તમારૂં શું થશે, તે તમે જ વિચાર કરી જોશો. અમારે તો જીવન કે મરણ બન્ને તુલ્ય છે. આત્મા કદીએ મરતો નથી.'

આ વૃત્તાંત સાંભળી રાજા મારિદત્ત બોલ્યો; 'પ્રભો આપને ઓળખ્યા નહિ. મારા અપરાધ માફ કરો. જયાવલી મારી સગી બેન થાય. ગુણધરરાજા મારા બનેવી થાય અને તમે બંને મારા ભાણેજ થાઓ. વળી ગુણધર મહર્ષિ અહિં કયારે પધારે તેની રાહ જોતો હતો, તે મારા રાજ્યમાં પધાર્યા છે તેની મને અત્યારે જ ખબર પડે છે.'

મહર્ષિ ! હું દેવી ભક્તોથી હિંસાને માર્ગે વળ્યો. મદિરાથી બુદ્ધિ ભ્રષ્ટ કરી મારિદત્તરાજાએ પછી સઘળા પશુઓને છોડી મુકયા. રાજા પ્રતિબોધ પામ્યો. શ્રાવકધર્મ સ્વીકાર્યો. હિંસાનો સદંતર ત્યાગ કર્યો. મુનિની વાણીથી દેવી પણ પ્રતિબોધ પામી અને પ્રગટ થઇ લોકોને કહ્યું કે

'તમો જો મારા ભકત હો તો જીવહિંસા કરશો નહિ. ધર્મ કરનારની હું રક્ષા કરીશ.'

ગુણધર રાજર્ષિ અંતે એક મહિનાનું અનશન કરી સઘળા કર્મો ખપાવી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. કઠોર કર્મો પણ તે જ ભવમાં ચારિત્ર અને તપથી ક્ષય થઇ ગયા. ચારિત્રનો મહિમા અજોડ છે.

શ્રી અભયરુચિ મુનિ અને શ્રી અભયમતી સાધ્વી નિર્મળ ચારિત્ર પામીને આઠમાં દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવીને મનુષ્યપણું પામી બન્ને મોક્ષે ગયા.

(સમાપ્ત)

વાંચકો સમજી શકયા હશે કે લોટના કૂકડાની હિંસા કરવાથી રાજા યશોધર કેવી કેવી વિટંબના પામ્યો. તો આપણા જીવનમાં પણ આવી રીતે કોઈ જીવહિંસા જાણે કે અજાણે ન થઇ જાય તેની સાવચેતી રાખવી. બીજાને પણ જીવહિંસાથી વારવા પ્રયત્ન કરવો. હિંસાત્મક દવાઓ, ઇજીકશનો હોય તેનો જરાયે ઉપયોગ ન કરવો, કેમ કે શરીરના મોહને વશ બની તેવી દવાઓ વગેરે વાપરવાથી તે હિંસાના આપણે ભાગીદાર થઇએ છીએ અને તેના ફળો અવશ્ય ભોગવવા પડે છે.

જીવ હિંસા જાતે કરવાથી, કરાવવાથી કે પ્રેરણા કરવાથી, તેમાં સહાય વગેરે કરવાથી આત્મા અશુભ કર્મથી બંધાય છે અને દુ:ખી થાય છે.

વર્તમાનમાં જે ભારત સરકાર મત્સ્યહિંસાને મત્સ્ય ઉદ્યોગ નામ આપી જે હિંસા વધારી રહી છે, આધુનિક કતલખાના વધારી મુંગા નિરપરાધી જીવોની હિંસા કરી રહી છે તે માટે આપણી જેટલી શકિત હોય તે શકિત વાપરીને તે હિંસાઓ અટકે તે માટે પ્રયત્ન કરવો આત્મા માટે અત્યંત લાભદાયી છે. ભારત સરકારને સદ્બુદ્ધિ સુઝે અને કારમી હિંસાથી અટકે અને સાચી અહિંસાનો ભારતમાં પ્રચાર કરે. સૌ કોઇ જીવહિંસાનો ત્યાગ કરી પરમસુખના-મોક્ષસુખના ભોકતા બનો એજ શુભેચ્છા.

★


## જુજ નકલો છે. જલદી મંગાવી લેશો

| ગ્રંથાંક: | નામ | કિંમત |
|---|---|---|
| १ | मौन एकादशी कथा पद्य | ०-१-० |
| ९ | प्रतिक्रमणरद वृत्ति | ०-६-० |
| ११ | पिंडविशुद्धि सटीक | १-१२-० |
| १३ | विविध प्रश्नोत्तर भा. २जो બુક ભેટ | १-०-० |
| १५ | लघु प्रवचन मूल | ભેટ |
| १६ | आवश्यक नि. दी. भा. १ लो | ३-८-० |
| ३३ | पर्युषणाष्टान्हिका व्याख्यान संस्कृत | ભેટ |
| ૩૭ | તપ વિધિ સંગ્રહ બુક | ૦-૬-૦ |
| ४५ | पाइअकहा संग्गहो प्रत | २-०-० |
| १४ | सुव्रत ऋषि कथा સંસ્કૃત | ભેટ |
| २ | यवराजर्षि कथा ,, | ०-२-० |
| ૫૧ | મહાપંથનો યાત્રી બુક | ૨-૪-૦ |
| ४९ | आवश्यक क्रियाना सूत्रो मूल સા. સાધ્વી માટે | ભેટ |
| ३२ | पिंडविशुद्धि भाषासह प्रत | ભેટ |
| ૩૫ | પંચપ્રતિક્રમણ સૂત્ર વિધિસહ બુક | ૧-૦-૦ |
| ૪૭ | પલમાં પાપને પેલે પાર ,, | ૦-૪-૦ |
| ૫૦ | સકલાગમ રહસ્યવેદી ,, | ભેટ |
| ५६ | ओघनिर्युक्तिसटीक प्रत યોગ્ય સ્થલે ભેટ અને | ૧૦-૦-૦ |
|  | પર્યુષણાદિ શ્રુતપૂજા બુક | ભેટ |

પોસ્ટેજ તથા પેકીંગ ખર્ચ જુદો

— લખો —

**શ્રી વિજયદાનસૂરીશ્વર જૈન ગ્રંથમાલા**

C/o. શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાલા

કાલુપુર રોડ — મુ. અમદાવાદ ૧

# જ્ઞાન ગોચરી

શ્રી ગવેષક

## સંપત્તિ તથા સત્તાનું પ્રદર્શન

જવાહરલાલજીએ તાજેતરમાં એવું કહ્યું કે, 'ભારતનો કહેવાતો ઉપલો વર્ગ જે રીતે પૈસાની છોળો ઉરાડે છે તેથી એશ આરામની નકામી વસ્તુઓ પાછળ દેશનો પૈસો બરબાદ થાય છે. એ જાતની ચીમકી આપી એમણે એવું પણ કહ્યું કે સંપત્તિનું આવું પ્રદર્શન ખરાબ વસ્તુ છે.

## દો દિન કા સુલતાન

જવાહરલાલજીની વાત ખોટી નથી. પરંતુ ધન સંપત્તિનું અને ઠસ્સાનું પ્રદર્શન આપણા ગૌરવમાં વધારો કરશે એવી માન્યતા એકલા ધનવાનોની છે એવું નથી. સામાન્ય સ્થિતિનો માણસ પણ ઉશ્કેરાઈને અને ખેંચાઈ-તણાઈને દો દિનકા સુલતાન બનવાનું ચૂકતો નથી.

## અસંસ્કારિતાનું લક્ષણ

આવી બધી માન્યતાઓથી જેવા રીતે લોકો મુકત નથી તેવી જ રીતે ગવર્નર સાહેબો, પ્રધાનો અને અમલદારો પણ મુકત નથી. જવાહરલાલજી આ બધું જુએ છે તથા જાણે છે. ગાંધી યુગની સાત્વિક અને શક્તિશાળી સાદાઇ આજે દેખાતી નથી. કોઈ બહારનો માણસ આજે આપણો આ બધો ઉપલો ભપકો જોઈને જો ચાલ્યો જાય તો માને નહિ કે આ દેશ પંચાણું ટકા ગરીબ કીસાનોનો છે.

પૈસાનું પ્રદર્શન કરવું એ જેમ મનુષ્યની અસંસ્કારિતાનું લક્ષણ છે તેવી જ રીતે સત્તાનું પ્રદર્શન કરવું તે પણ અસંસ્કારિતાનું લક્ષણ છે. પૈસો અને સત્તા સમાજવાદી સમાજમાં લોકોના હિતને અર્થે છે. લોકોને આંજી નાખવાને અર્થે નથી. એ વસ્તુ આપણે ત્યાં હજી સમજાઈ નથી. અને જો સમજાઈ હોય તો પછી સમજેલી વાતને આચારમાં મૂકવાની શકિત આપણે ધરાવતા નથી.

## પ્રધાનો ગીરફતાર થયા છે

પ્રધાનોના બંગલાઓની બહાર બંદૂકધારી સીપાહીઓ આપણે જોઈએ ત્યારે આપણે શું માનવું ? પ્રધાનો શું ગીરફતાર થયા છે? એમના એ બંગલા શું મધ્યયુગના ઠાકોરના કોઇ કિલ્લાઓ છે ? આ બધા પ્રધાનો શું લોકોના નથી ? લોકો શું તેમના નથી ? બ્રિટનમાં, સ્વિટ્ઝરલેન્ડમાં, ફ્રાન્સમાં કોઈ પણ લોકશાહી દેશમાં પ્રધાનોના ઘર આગળ બંદૂકધારી સીપાહી જોયા છે ?

હું એમાં પ્રધાનોનો દોષ જોતો નથી. પ્રધાનો પણ પરંપરાગત જડ રૂઢિના ભોગ બનેલા છે. હું માનું છું કે એમને કોઈને એ વસ્તુનો વિચાર કરવાનો વખત જ નથી મળ્યો. સમાજવાદી લોકશાહીમાં આ વસ્તુ કઢંગી લાગે છે એ સમજવા માટે આપણું ચિત્તતંત્ર હજી કેળવાયું નથી.

## લોકશાહી અને ફોટોશાહી

લોકો તો બાળકો જેવા છે. બાળકોને ફટાકા અને રોશનીમાં સ્વર્ગ દેખાય, પરીઓની દુનિયા દેખાય, એ સ્વાભાવિક છે. પરંતુ જે મનુષ્યોની પ્રૌઢ બુદ્ધિનો વિચાર કરીને જેઓને પ્રધાનપદનું સંપ્રદાન કરવામાં આવ્યું હોય

તેમણે તો લોકોની રુચિને સમાજવાદી લોકશાહી અનુસાર કેળવવામાં પોતાનો ફાળો આપવો જોઇએ. તેમના ફોટાઓ છાપાઓમાં નહિ છપાય તેથી તેમની મહત્તાને આંચ આવવાની નથી, ફોટા પડાવવાનો પ્રધાનોને વધુ પડતો શોખ હોય છે એવું હું માનતો નથી. હું એમ પણ માનતો નથી કે છાપાંના માલિકોને આ બધા ફોટા પાડવાનો શોખ હોય છે. હું એમ તો જરૂર માનું છું કે, પ્રજા પોતાના તેર નવા પૈસા આ બધા ફોટા જોવા માટે ખરચતી નથી.

આટલા બધા ફોટા છાપ્યા તથા છપાવ્યાથી મનુષ્યોની કે એમના કર્તવ્યની જો મહત્તા અંકાતી નથી તો એ પ્રવૃત્તિને મિથ્યા પ્રવૃત્તિ નહિ તો બીજું શું નામ આપવું ? દરેક વસ્તુ એની મર્યાદાથી અને સપ્રમાણતાથી શોભે છે. જે વસ્તુ કોઇક વખત જોવાથી સારી લાગે તે વસ્તુ તેના અતિરેકથી પોતાની શોભા ગુમાવી બેસે છે.

## મોહ નિદ્રાનાં ઉદાહરણો

જવાહરલાલજીની વાત સર્વથા સાચી છે. મોહનું સામ્રાજ્ય પ્રજામાં જ ફેલાયું છે અને બીજે નથી ફેલાયું એવું નથી. મનુષ્યો તથા તેમની સંસ્થાઓ (સંસ્થાઓમાં સરકારો આવી જાય છે.) જ્યારે મોહમાં સરી પડે છે ત્યારે આત્મદ્રષ્ટિ ગુમાવે છે.

રાજકારણમાં પણ જ્યારે સિદ્ધાંતરૂપી ભ્રાંતિના સ્વરૂપે મોહદ્રષ્ટિ પેસી જાય છે. ત્યારે દુઃખના દિવસો આવે છે. હિંદી ચીની ભાઇ ભાઈ છે એની ના નથી પરંતુ એની આતશબાજી કરવી, પ્રદર્શનો કરવાં અને એ રીતે મૈત્રીરૂપી સંપત્તિનું પ્રદર્શન કરવું, અને પછી ભ્રમમાં પડી મોહના ભોગ બનવું એમાં રાગના અતિરેક સિવાય કાંઇ નથી. હિંદી ચીની જો ભાઈ ભાઈ છે. તો હિંદી અમેરિકી શું ભાઈ ભાઈ નથી? સંપત્તિ જેમ રૂપિયાની છોળો ઉરાડયાથી મપાતી નથી તેમ મૈત્રી પણ આવી આવી ઉર્મિલતાઓથી મપાતી નથી. જે શકિતનો ઉપયોગ આપણે શાંત સંગઠિત રક્ષણ અર્થે કરવાનો હોય તેને આમ વેડફી દેવી તેમાં, અને ફટાકા-આતશબાજી વગેરેમાં લોકોના ખર્ચાતા દ્રવ્યમાં તાત્વિક દષ્ટિથી કાંઇ જ ફરક નથી આખરે પ્રશ્ન તો એક જ છે—આપણે શકિત વેડફી નાખીએ છીએ.

**યશોધરા મહેતા**

*

## રૂપની રાણીઓનો બનાવટી ચળકાટ

જાતીય સ્વચ્છંદ જ્યાં પરાકાષ્ટાએ પહોંચ્યો છે એ અમેરિકાનાં એક સ્વમાનશીલ મહિલા ત્યાંની જાહેર પ્રજાને અપીલ કરતાં જણાવે છે. કેઃ 'હું તમારી પત્ની છું, બહેન છું, મિત્ર છું માતા છું. મારું સર્જન એ માટે થયું છે કે હું દુનિયામાં સૌમ્યતા, સુંદરતા, પ્રેમ અને આશ્વાસન આપી શકું. પરંતુ હું જોઈ રહી છું કે, મારા અસ્તિત્વનો ઉદ્દેશ પાર પાડવાનું મારે માટે ઉત્તરોત્તર કઠિન બનતું જાય છે....જાહેરખબરવાળાઓ ને સિનેમાવાળાઓ મારી બીજી બધી વિશેષતાઓ અને ગુણોને ભૂલાવી દઈ મારો ઉપયોગ કેવળ કામોત્તેજના માટે જ કરી રહ્યા છે.'

આપણા દેશમાં પણ આ સ્વચ્છંદ વધુ ને વધુ ફેલાતો જતો હોઈને તે પરાકાષ્ટાએ પહોંચે તે પહેલાં જ તેને અંકુશમાં લાવવો જરૂરી છે, નહિતર તેના વિપરીત પરિણામો સમાજે ભોગવ્યે જ છૂટકો. સિનેમા એ આજના શહેરી જીવનનો એક સર્વસામાન્ય શોખ બની ગયો છે. પરતું જગતના સીને-ઉદ્યોગમાં બીજે નંબરે આવતા આપણા આ ઉદ્યોગના સૂત્રધારોએ આજ સુધી પ્રજાને શું આપ્યું છે? અપવાદ રૂપ બે-પાંચ ચિત્રોને બાદ કરીએ તો કેવળ કાલ્પનિક

ચોકઠાંઓમાં જડેલો શૃંગાર ! ભક્તિચિત્રોમાં યે શૃંગારિકતાનું પ્રાધાન્ય ખરૂં જ ! ! ચિત્રોમાં અને એનાં પોસ્ટરોમાં જુદાં જુદાં કામોત્તેજક પોઝ માટે પોતાના દેહનો યથેચ્છ ઉપયોગ કરવા દેનાર સીને-નટીની નાણાંભૂખ એથી કદાચ સંતોષાતી હશે, પરંતુ સામે પક્ષે પ્રેક્ષક સમુદાયમાં એ એથી યે વધુ ભયંકર જે ભૂખ જગવે છે એનો એ વર્ગને કદાચ ખ્યાલ સરખો નહિ હોય.

ઈટલીમાં તાજેતરમાં ભરાઈ ગયેલા એક આંતરરાષ્ટ્રીય સમારોહમાં ઈટાલિયન જુવાનોએ આ ભૂખનો સારી પેઠે ખ્યાલ આપી દીધો છે. જુદીજુદી વિખ્યાત નટીઓનાં એમણે ભરબજારે કપડાં ઊતરાવ્યાં અને બીજી પણ અનેક કુચેષ્ટાઓ કરી. એ એ જ નટીઓ હતી જેમણે પરદા પર કામોદ્દીપક ચેષ્ટાઓ વડે જુવાન માનસમાં વાસનાઓના અંગાર પેટાવેલા. આ દેશમાં ખુદ અમદાવાદ સ્ટેશન સીને-નટી નસીમની અહીંના જુવાનિયાઓએ કેટલાંક વર્ષ પર કરેલી દુર્દશા હજુ ઘણા નહિ ભૂલ્યા હોય. પરંતુ નટીઓની આવી કામોદ્દીપકતાનું સામાન્ય સ્ત્રીસમાજમાં પણ વેશભૂષા અને વ્યવહારમાં અનુકરણ થતું જોઈએ છીએ ત્યારે આપણા સામાજિક સ્વાસ્થ્યનું ભવિષ્ય ચિંતા પ્રેર્યા વિના રહેતું નથી.

આપણે ત્યાં ચિત્રપરદે ચાલતી નટનટીઓની વણઝાર જુઓ. રૂપાળાં પૂતળાં સિવાય બીજી કોઇ પણ યોગ્યતા એમનામાં જણાય છે ખરી ? પ્રજા પણ જાણે બાળક જેવી હોય તેમ એ રૂપાળાં પૂતળા પ્રત્યેની મુગ્ધતાથી મુક્ત થવા નથી પામી. રૂપેરી રોશનીનાં એ પતંગિયા સ્વચ્છંદપૂર્વક જીવતાં અને વિલાતાં રહ્યાં છે. જેમના અવસાન બદલ પ્રજામાં શોક કે દુ:ખની લાગણી થયા એવાં નટનટી કદાચ બેપાંચ મળે તો પણ એટલું સદ્ભાગ્ય ! બાકી તો પ્રેક્ષક જનતા એક પતંગિયું વિલાતાં તરત બીજા પતંગિયા પર પોતાનું લક્ષ કેન્દ્રિત કરવાની.

સીને-નટ-નટીઓના જીવનમાં, ખરૂં જોતાં એમના ચિત્રોના નિર્માતાઓ અને એ ચિત્રોની જાહેરખબરો પર પોષાતાં છાપાંઓએ ઊભા કરેલા કૃત્રિમ ઝળકાટ સિવાય વસ્તુત: કશી જ પ્રેરકતા કે તેજસ્વિતા નથી હોતી. રૂપરાણીઓ અને રૂપભમરાઓની એ એક અલગ જ જમાત છે. જેમાં રૂપના સોદા સાવ સ્વાભાવિકપણે ચાલતા હોય છે. પરંતુ એ રૂપપ્રદર્શન જ્યારે જાહેરમાં થવા પામે ત્યારે તે પર અંકુશ અનિવાર્ય બને છે. સીને સ્ટુડીઓની બહાર મૂર્તિમંતરૂપે, કચકડાની પટી પર કે રંગબેરંગી પોસ્ટરો પર જ્યાં પણ એ રૂપપ્રદર્શન મર્યાદા ઓળંગતુ લાગે ત્યાં તરત જ તે સામે પગલા લેવામાં નહિ આવે તો આ નિર્લજ્જતા એક સામાજિક ચેપ બની જશે.

સીને નટ-નટીઓનો કૃત્રિમ ઝળકાટ દૂર કરવામાં અખબારો અને સરકાર પણ મહત્ત્વનો સાથ આપી શકે. એટલું સારૂં છે કે નરગીસને 'પદ્મશ્રી' બનાવ્યા પછી બીજી કોઇ નટીને એ રીતે સંમાનિત કરવાનો ઉત્સાહ સરકારે નથી દર્શાવ્યો. પરંતુ નટનટીઓનાં ક્ષુલ્લક જીવન જ જેમની આજીવિકાનું માતબર સાધન છે એવાં સીને જગતનાં અનેક ફરફરિયાંનું શું ?

**શ્રી અશોકહર્ષ (ઘોષ-પ્રતિ ઘોષ)**

*

## જીવનને ગતિશીલ રાખો !

પાણી પર્વતમાંથી નીકળી ઝરણા તથા નદીના રૂપમાં ફેરવાઈ જાય છે તેનો પ્રવાહ કોઇ પણ જગ્યાએ અટકે ત્યારે તે વરાળ બની ઉડી જાય છે, પણ તેની ગતીમાં ફેર નથી પડતો, તેવી જ રીતે જીવન જીવવા માટે મનુષ્યે પણ પાણીના પ્રવાહ જેવું ગતીશીલ રહેવું જોઇએ.

# મમન અને ચિંતન

સં૦ ડો૦ શ્રી વલ્લભદાસ નેણશીભાઇ—મોરબી

## સંસારની સમસ્યા.

યાદ રાખો કે આ સંસાર અનેક ખામીઓથી ભરેલો છે, કાચા સૂત્રના તાર જેવો છે. મહા મુશ્કેલીથી સૌભાગ્યવશાત્ એક બે ખામીઓની પૂર્તિ થયા છતાં નવી નવી અનેક ખામીઓ સામે આવીને ઉભી રહે છે. હાય–હાયની હોળી સદાને માટે હૃદયને બાળતી જ રહે છે. જીવનભરમાં સર્વ ત્રુટીઓની પૂર્તિ થઈ શકતી જ નથી અને દુઃખ કોઇ હાલતમાં મટતું જ નથી. પછી ભલેને તે ચક્રવર્તી રાજા હોય.

સમ્રાટ પણ ચાહ–ચિંતા–શોક–મોહ અને તૃષ્ણાથી દીન અને દરિદ્રી જ રહે છે, એ જ સંસારનું અસાર સ્વરૂપ છે. માટે ખામીઓની પૂર્તિની પંચાતમાં પડશો નહીઃ આત્મચિંતનમાં રાજી રહો. જે પરિપૂર્ણ, એક રસ, અખંડ, આનંદઘન, સનાતન સર્વગત તત્ત્વ છે, જે તમામ સંસારનું આદિ–મધ્ય અને અંત છે. જે સર્વાધાર, સર્વાત્મા; સર્વમય અને સર્વાધિષ્ઠાન વસ્તુ છે તેજ આપણો આત્મા છે. તેને નહી જાણવાના પરિણામે જ સર્વ ખામીઓ કષ્ટ આપી રહેલ છે. તેના પરમાનંદ લાભથી વંચિત રહીને જ જીવ અનેક પ્રકારના દુઃખ ભોગવી રહેલ છે માટે એ આત્મતત્ત્વની ધ્રુવા સ્મૃતિ પ્રાપ્ત કરો. તે આત્માનો સાક્ષાત્કાર કરવાથી કોઇ ત્રુટીનો અનુભવ થશે નહી. ચાહ–ચિંતા, અને અહંતા–મમતાનો સર્વ બખેડો શાંત થઇ જશે કાંઈ લેવા દેવાની ઈચ્છા રહેશે નહી.

ચાહ ગઈ, ચિંતા ગઇ, મનવા બેપરવાહ,
જાકો કછુના ચાહિયે, સો હે શાહન શાહ..

સંસાર સમુદ્ર જે અતિ દુસ્તર છે તેને શી રીતે તરી જવાય? કામ–ક્રોધ વગેરે હિંસક પ્રાણીઓથી તે ભરપુર છે અને તેમને જોઈને પ્રાણી માત્રને ઘણો ભય પેદા થાય છે. વાસનાઓરૂપી મોટાં મોટાં મોજાઓ તેમાં ઉત્પન્ન થયા જ કરે છે અને તેને લીધે નાના પ્રકારના કર્મોના ધક્કા વાગે છે. આ સમુદ્રને તરી જવાનો એક જ ઉપાય છે અને તે એ છે કે તમારે શ્રી પ્રભુના નામરૂપી નૌકામાં બેસી જવું.

## સંપૂર્ણ શાંતિ.

પરમાત્મા શાંતિના અગાધ સાગરરૂપ હોવાથી જે પળે આપણે પરમાત્માની સાથે આપણું ઐક્ય અનુભવીએ છીએ તે પળે આપણા તન મનમાં શાંતિનો પ્રવાહ વહેવા લાગે છે. કારણ કે જ્યાં શાંતિની સાથે એકતા સધાય ત્યાં શાંતિ રેલાવી જ જોઇએ. આ પ્રમાણે દૈવી અંતઃકરણવાળા બનવું અને પ્રભુમય જીવન અને યથાર્થ શાંતિ છે.

ચારે બાજુએ નજર ફેંકતા આપણને જણાય છે કે લાખો સ્ત્રી–પુરૂષો ચિંતામાં ડૂબી રહેલાં છે. અને શાંતિરૂપી વાયુનો તેમને સ્પર્શ પણ થતો નથી. મનથી–શરીરથી તેમજ બાહ્ય સ્થિતિથી કંટાળી તેઓ શાંતિ મેળવવા અનેક સ્થળે ફરે છે, અને કદાચ સમગ્ર પૃથ્વીનું પર્યટન કરે છે તો પણ તેમનો સર્વ પ્રયત્ન વ્યર્થ જાય છે. એથી તેમને શાંતિ મળતી પણ નથી અને મળવાની પણ નહિ કારણ કે જે સ્થળમાં તે નથી ત્યાં તેઓ તેને શોધે છે. શાંતિનું સ્થાન તો અંતરમાં જ છે અને જો અંતરમાં શાંતિ ન શોધાઈ તો બીજે કોઇ સ્થળે તે મળી શકવાની નથી.

શાંતિ બાહ્ય પદાર્થોમાં કે જગતમાં નથી પણ પોતાના આત્મામાં જ રહેલી છે. તેને

બહારથી મેળવવાને માટે આપણે ગમે તેટલા માર્ગો લઇએ. પ્રયત્ન કરીયે, નાના પ્રકારના ભોગ ભોગવીએ અને જગતના દરેકે દરેક સ્થળમાં ખોળીએ તો પણ તે આપણને મળનાર નથી, કારણ કે જ્યાં તે છે જ નહિ ત્યાંથી તે કેવી રીતે મળી શકે? એને માટે તો મનુષ્ય જે પ્રમાણમાં પોતાના બાહ્ય ભોગની ઇચ્છા અને વાસનાઓને સંયમમા રાખી અંતરાત્માના આદેશ પ્રમાણે વર્તે છે, તેટલા જ પ્રમાણમાં તે સત્ય-આનંદ અને યથાર્થ શાંતિ અનુભવી શકે છે. એમ કરવાને બદલે મનુષ્યો જેટલા પ્રમાણમાં વાસનાઓના આદેશ પ્રમાણે વર્તે છે તેટલા પ્રમાણમાં તેઓ અધિક રોગી-દુઃખી અને અસંતોષી જ બને છે.

## સુખ અને શાંતિ.

જેમ ઝાંઝવાના જળથી તૃષા છીપવાનો સંભવ નથી. તેમ અસ્થિર પદાર્થોથી તૃપ્તિ અને સુખનો અસંભવ છે. સુખ અને તૃપ્તિ તો સ્થિર વસ્તુથી જ મળી શકે છે. આ દેહાદિ સંસાર તો ચલાચલીનો મેળો છે. કોઈ જન્મે છે, કોઇ મરે છે. કોઈ હસે છે, તો કોઇ રડે છે કોઇ લે છે તો કોઇ આપે છે, છતાં મૂઢ પુરુષ અસ્થિર પદાર્થોને સ્થિર માની તેનાથી સુખ લેવા માટે દોડે છે. ઠોકર ખાય છે, રડે છે, બૂમો પાડે છે, તો પણ મનોરથ પૂર્ણ થતા નથી અને હાથ ઘસતો રહી જાય છે. એ જ મોટું આશ્ચર્ય છે.

વિવેકી સાધક પુરુષ પોતાના દેહ સહિત સર્વ પદાર્થોને ક્ષણભંગુર સમજી તેમાં આસક્ત થતો નથી. જે સમયે વિવેકી પુરુષને સર્વ આત્મામય જ જણાઈ જાય છે તે વખતે તે કયા કારણોથી કોને જુએ? અભેદ દૃષ્ટિવાળા પ્રાજ્ઞ પુરુષને શોક અને મોહ શી રીતે થઇ શકે? અભેદ દૃષ્ટિવાળા મનુષ્ય નિર્ભય છે. તેનામાં સ્વભાવથી જ સમતા-શાંતિ, વૈરાગ્ય, નિશ્ચિન્તતા, શમ-દમ તિતીક્ષા, વિવેક, સંતોષ, ક્ષમા, દયા વગેરે દિવ્ય ગુણો આવી જાય છે જેનાથી સંસારની નિવૃત્તિ થઇ જાય છે અને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

જેમ મેલું દર્પણ યથાર્થ પ્રતિબિંબ ગ્રહણ કરી શકતું નથી તેમ અશુદ્ધ અંતઃકરણમાં પરમાનંદ આત્મ ચૈતન્યનો સાક્ષાત્કાર થતો નથી. વિષય ભોગમાં આસકત અંતઃકરણ અશુદ્ધ છે અને તેનાથી અનાસકત શુદ્ધ છે. પ્રચુર અભ્યાસશીલ દોષ દૃષ્ટિથી જ મન ભોગમાંથી વિરકત થાય છે માટે સાધકે વારંવાર ભોગમાં દોષદૃષ્ટિ કરવી જોઇએ.

ખાવાપીવાની વસ્તુઓ શુધ્ધ અને સાત્ત્વિક હોવી જોઇએ. મિતાહાર, અને સંયમપૂર્વક તેનો ઉપયોગ કરવો જોઇએ.

સચ્ચારિત્ર, શાંત, સંયમ, અને સદાચારયુકત જીવન, દીર્ઘ આયુ અને વિપુલ યશ મેળવી શકે છે.

## સુખની ચાવી.

Some fellow travels the world in search of happiness. Wher it is within the reach of eneryone. A contented mind confers happiness, upon all. Happiness does not consiot in things but in moughts.

સુખ પૌદ્ગલિક વસ્તુ કે બાહ્ય માન સન્માન પ્રાપ્તિમાં નથી. મોટા રાજમહેલમાં વસનારને સુખે ઉંઘ આવતી નથી. સુખ તો અંતરનો વિષય છે. વિચારનો વિષય છે. અંતર-માનસનો વિષય છે. પ્રાપ્તિના આનંદ કરતાં ત્યાગનો આનંદ વધારે જબરો છે. લેતાં આવડે તો આ સુખ પ્રત્યેક પ્રાણીને સહેલાઈથી મળી શકે તેમ છે. તેમાં શરત એક જ છે કે પોતાની વર્તમાન સ્થિતિમાં સંતોષ માનવો. સાદું જીવન જીવવાના કોડ સેવવા અને વિચારધારા ઉચ્ચ રાખવી.

સુખનો આધાર મનના વલણ ઉપર છે.

સંતોષ સમાન સુખ નથી અને લોભનો છેડો નથી. અંદર શાંતિ ન હોય તો દોડાદોડી આખી જીંદગી સુધી કરવામાં આવે તેમાં કાંઈ વળે તેમ નથી. જેમ તૃષ્ણા વધારે તેમ માનસિક દરિદ્રતા વધારે એ સમજાય તેવી વાત છે.

સંતુષ્ટ મન રાખવું એ મોટો યોગ છે, અને દક્ષતાથી પ્રાપ્ત થઈ શકે તેવો સીધો-સરલ એનો માર્ગ છે. કુશળ માણસ એ સંતોષદ્વારા પારાવાર સુખ મેળવે છે.

## સેવા વૃત્તિ :

માણસ કેટલું ભલું કરે છે એ એક બાબત એના સાચાપણાનો મુદ્દામ પુરાવો છે અને તેજ બાબત ખાસ ઉપયોગી છે.

ખરી વાત એ છે કે બહુ ઉંડી ચર્ચામાં ઉતરવાની કે ઝીણવટ સ્વીકારવાની વાત જવા દો. આખી દુનિયાના ધનને ઘર ભેગું કરવાના વલખાં માંડી વાળો. પોતે મોટા જ્ઞાની છો એમ ધારવાની કે માનવાની વાત છોડી દો. આમ બને તેટલું અને બને તેટલાનું ભલું કરો. યાદ રાખો કે કરેલી સેવા જરૂર કામ આવવાની છે. ખરી રીતે ખાધું તે ખોટું છે અને ખવરાવ્યું તેજ ખરૂં ખાધું છે. ખાવા પીવા વડે જીવન તો કાગડા કુતરાં પણ પૂરૂં કરે જ. અન્યને માટે જીવન એજ સાચું જીવન છે, એમાં સંતોષ છે, એમાં આયંદે મોજ છે. વર્તન વગરનું જ્ઞાન ભલે થોડો વખત ભભકો દેખાડે, કદાચ એ અન્યને આંજી પણ દે, પણ જીવનયાત્રામાં એને સારૂં સ્થાન નથી. સાચી વાત સેવાની છે. સાચી વાત પરોપકારની છે. સાચી વાત સ્વાર્થને ભૂલવાની છે, સાચી વાત પારકાને પોતાના માનવાની છે. એવું જીવન સફળ છે, સધન છે, સપરિણામી છે, જીવવા યોગ્ય છે. કુશળ મનુષ્ય હૃદયથી બને તેટલું અન્યનું ભલું જ કરે.

## વિદ્યા.

તમે ગમે તેટલા વિદ્વાન થાઓ પણ જ્યાં સુધી તમારા હૃદયમાં ઇશ્વરભક્તિનો ઉદય ન થાય, જ્યાંસુધી તેની પ્રાપ્તિ કરવાને તમે ઉત્સુક ન થાઓ, ત્યાંસુધી તમારી બધી વિદ્વતા ફોકટ છે. વિવેક, વૈરાગ્ય, વગરના મિથ્યા પાંડિત્યથી કશો લાભ નથી. પંડિતો હજારો ગ્રન્થો ભણે અને સારાં સારાં વ્યાખ્યાન કરે, પણ તેમનું ચિત્ત તો કાંચન અને કામિનીમાં જ પરોવાયલું હોય છે. ગીધ ભલેને આકાશમાં ઉંચે ઉડે, પણ નજર તો તેની ઉકરડા ઉપર જ હોય છે.


જે વિદ્યા વડે આત્માભિમુખતાની પ્રાપ્તિ થાય તેનું નામ વિદ્યા—'સા વિદ્યા યા વિમુક્તયે !'

વાંચવા કરતાં મનન શ્રેષ્ઠ છે અને મનન કરતાં અનુભવ શ્રેષ્ઠ છે. ગુરુને મોઢેથી અથવા સાધુ પુરુષોને મોઢેથી અધ્યાત્મ તત્ત્વ સાંભળ્યાથી તે હૃદયમાં સારી રીતે ઠસી જાય છે.

અગ્નિ કાષ્ટમાં જરૂર છે એવું જે જાણે છે તેનું નામ જ્ઞાની.

પણ એ કાષ્ટમાંથી અગ્નિ ઉત્પન્ન કરીને તે વડે રસોઈ કરીને જે જમે છે, તેનું નામ વિજ્ઞાની.

તેજ રીતે જીવનમાં જ્ઞાનને ઉતારે તે સાચા વૈજ્ઞાનિક છે.



# સંસાર ચાલ્યો જાય છે!

'કલ્યાણ'ની ચાલુ ઐતિહાસિક વાર્તા

વૈદરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામી

**વહી ગયેલી વાર્તા :** ઋષિદત્તા પોતાના આશ્રમમાં પુરુષવેષે રહે છે. કાવેરીના રાજા સુંદરપાણીએ રથમર્દન નગરીમાં હેમરથરાજા પાસે પોતાની પુત્રીના લગ્ન યુવરાજ કનકરથ સાથે કરાવવા પ્રતિનિધિમંડળને વિનંતિ કરવા મોકલેલ છે, યુવરાજ અનિચ્છાયે કેવલ પિતાના સંતોષ ખાતર મૌન રહે છે, ને હર્ષ પામીને પ્રતિનિધિમંડલ પાછું વળે છે. યુવરાજ પોતાના પરિવાર સાથે કાવેરીનગરી ભણી રાજકુમારી રૂક્મણીના પાણિગ્રહણને માટે નીકળે છે, શોકમગ્ન યુવરાજ ઋષિદત્તાના વિરહથી અસપ્રન્ન રહે છે પ્રયાણ કરતાં ઋષિદત્તાના નિવાસસ્થાને યુવરાજનો રસાલો આવે છે. પુરુષરૂપે રહેલ ઋષિદત્તાનો મેલાપ થતાં યુવરાજ કનકરથ પ્રસન્ન થાય છે, ને આગ્રહપૂર્વક તે નવા મિત્રને સાથે આવવા કહે છે. ઋષિદત્ત એ કબૂલે છે. **હવે વાંચો આગળ :**

## પ્રકરણ ૨૫ મું

## ભાંગેલું હૈયું

એક રાતના વિસામાં પછી યુવરાજ કનકરથની જાનનો પ્રવાસ શરૂ થયો.

પુરુષવેશમાં રહેલી ઋષિદત્તા વહેલી સવારે ઉપવનમાં આવેલા શ્રી જિનેશ્વર ભગવંતના પ્રાસાદમાં જઇ આવી હતી. તેણે શ્વેતકૌશેયની ધોતી, આછા ગુલાબી રંગનું ઉત્તરીય અને લીલા રંગનો કમરબંધ ધારણ કર્યો હતો. તે એક પ્રિયદર્શક નવજવાન સમી લાગતી હતી. મોતીની પંક્તિ જેવા તેના દાંત અને નિર્દોષ છતાં ભાવપૂર્ણ નયનો સર્વ માટે આકર્ષણરૂપ બની ગયા હતાં. ઋષિદત્તાએ પોતાના દીર્ઘકેશ જટા માફક બાંધ્યા હતા.

ગઇરાતે ઘણે મોડે સુધી કનકરથે પોતાના હૈયાને વીંધી રહેલી દર્દની વાત પોતાની પ્રિયતમાના ભાઇ પાસે કરી હતી. એ વાતો અને સ્વામીના હૈયામાં રહેલો એ નો એ મધુર પ્રેમધ્વનિ સાંભળીને ઋષિદત્તાને રૂપપરાવર્તિની વિદ્યામાંથી નિવૃત્ત થવાનું મન પણ થઇ ગયું હતું, પરંતુ એમ કરવા જતાં યુવરાજ ફરી વાર પાછા વળે અને એમની સાથે જીવનબંધનનાં સ્વપ્ન સેવી રહેલી રૂક્મણી નિરાશ બનીને કદાચ આત્મહત્યા કરી બેસે. આવા ભ્રમના લીધે તેણે પુરુષવેશમાં જ રહેવું ઉચિત માન્યું.

ઋષિદત્તાના મિલનથી યુવરાજના ચિત્તનો વિષાદ કંઇક હળવો થઇ ગયો હતો કારણ કે ઋષિદત્તાને જોઇને તેને પોતાની પ્રિયતમા સ્મરણે રમતી હતી. યુવરાજને આ રીતે પ્રસન્નચિત્ત જોઇને તેનો સમગ્ર રસાલો આનંદમાં આવી ગયો હતો.

પ્રવાસ સહુ માટે કલ્લોલ ભર્યો બની ગયો.

નિયત કરેલા સમયે સહુ કાવેરી નગરીના પાદરમાં પહોંચી ગયા અને મહારાજા સુંદરપાણિએ યુવરાજ કનકરથનું ભાવભર્યું સ્વાગત કર્યું.

રાજા અને પ્રજા વચ્ચે પિતાપુત્ર જેવો સંબંધ હોય છે ત્યારે રાજના નાના મોટા પ્રત્યેક કાર્યને પ્રજા પોતાનાં જ કાર્ય માનતી હોય છે. રાજા પ્રજા વચ્ચે એકતા ન હોય તો પ્રજા કદી અંતરનો સહકાર આપતી નથી અથવા જે કંઇ સાથ આપે છે તે કેવળ ભયને વશ થઇને જ આપતી હોય છે. પ્રજાના પ્રાણભર્યા

સહકાર વગર રાજ્યનાં કોઇ પણ કાર્ય સફળ કે સુંદર બની શકતાં નથી. કદાચ એ કાર્ય પાછળ કરોડો સુવર્ણમુદ્રાઓ બિછાવવામાં આવી હોય તો પણ એ કાર્યો કેવળ નામનાં જ પુરવાર થતાં હોય છે.

કાવેરીનગરીનો રાજા પોતાની પ્રજા પ્રત્યે અપાર મમતા રાખતો હતો. તેનું સૂત્ર હતું 'પ્રથમ પ્રજા પછી સુખ.' આવા આદર્શના કારણે યુવરાજ કનકરથના સામૈયાની શોભાયાત્રામાં કાવેરીનગરીની તમામ પ્રજા સાગરની ભરતી માફક આવી ચડી હતી. લોકોએ સ્વચ્છાએ પોતાના ભવન અને હટ્ટ શણગાર્યાં હતાં. બજારો શણગારી હતી અને ઉત્તમ વસ્ત્રાલંકારો પણ ધારણ કર્યા હતા.

શોભાયાત્રા ઘણી જ ભવ્ય હતી.

એક હાથી પર યુવરાજને બેસાડવામાં આવ્યા હતા અને અન્ય શાનદાર રથોમાં યુવરાજના મિત્રો, મંત્રી, જાનૈયા વગેરેને બેસાડવામાં આવ્યા હતા.

રાજાનું વાદ્યમંડળ, રાજાનું નર્તકીદળ, રાજાનાં વિવિધ સૈન્યદળો, રાજાનાં વિવિધ પ્રકારનાં વાહનો, હસ્તિસેના, અશ્વસેના, રથસેના વગેરેથી શોભાયાત્રા ખૂબ જ ખીલી હતી, આ ઉપરાંત ક્રમબદ્ધ ચાલતા નાગરિકો સાથે મહારાજા સુંદરપાણિ અને કાવેરીના યુવરાજ સુવર્ણપ્રભ પણ પગે ચાલતા હતા. નગરશેઠનો ભવ્ય રસાલો, અન્ય ભાયાતોના રસાલા અને નગરજનોનો ઉમંગ આ બધાથી યુવરાજ કનકરથની શોભાયાત્રા અતિ ભવ્ય, પ્રેરક અને આનંદપ્રદ બની હતી.

શોભાયાત્રામાં સર્વ માટે એક અનોખું આકર્ષણ હતું. ચૌદ બળદની જોડીઓથી ચાલતા એક વિશાળ વાહનમાં રાજાનું નર્તકીમંડળ વિવિધ નૃત્યો કરતું હતું.

મહારાજા સુંદરપાણિએ યુવરાજ કનકરથ અને તેના રસાલા માટેની વ્યવસ્થા પણ ઘણી ઉત્તમ પ્રકારની કરી હતી.

રાજભવનની બાજુમાં જ એક બીજો રાજમહેલ હતો. તે રાજમહેલને તમામ પ્રકારની સામગ્રીથી સજ્જ બનાવવામાં આવ્યો હતો અને રાજમહેલ યુવરાજ કનકરથના ઉતારા માટે નક્કી કર્યો હતો.

એની આજુબાજુના બીજાં ભવનોમાં યુવરાજ સાથેના જાનૈયાઓના ઉતારાની વ્યવસ્થા કરી હતી અને રાજમહેલના ભવ્ય ચોગાનમાં અનેક તંબુઓ નાખીને જાનના નોકરો–ચાકરો માટેના ઉતારાનો પ્રબંધ કર્યો હતો.

યુવરાજ કનકરથની સરભરાનો સઘળો ભાર મહામંત્રીના પ્રમુખપણા નીચે રચવામાં આવેલ એક સમિતિએ લીધો હતો અને સમિતિના દરેક સભ્યો દરેક રીતે જાગૃત રહેતા હતા.

યુવરાજ કનકરથની શોભા યાત્રા નગરીની મુખ્ય બજારોમાંથી નીકળીને જ્યારે રાજભવન પાસે પહોંચી ત્યારે રાજકન્યા રૂક્ષ્મણી પોતાની પ્રિય સખીઓ સાથે જેની મૂર્તિ મનમાં છપાઇ ચૂકી હતી તે સ્વામીના દર્શન કરવા નગરશેઠના મકાનનાં ઝરૂખે ઊભી હતી.

સુવર્ણના અલંકારોથી અને રત્નજડિત અંબાડીથી શોભતો ગજરાજ નજીક આવ્યો ત્યારે રૂક્ષ્મણીએ અંબાડી પર બેઠેલા કનકરથને ઘણા જ ઉમળકા ને ભાવ સાથે જોયો.

કનકરથના ગળામાં લીલમ વજ્રનો કંઠો હતો અને તે સર્વનું લક્ષ્ય ખેંચી રહ્યો હતો. બંને ભુજાઓમાં શોભતા બાજુબંધ, મસ્તક પરનો મુગટ, સાત સેરની મુક્તામાળા, રત્નમંડિત કુંડલ, આછા ગુલાબી રંગનું ઉત્તરીય, લીલા રંગની ધોતી, પીળારંગનું કૌશેય કમરપટ્ટક ! રથમર્દન નગરનો યુવરાજ સર્વની પ્રશંસા ઝીલી રહ્યો હતો.

રાજકુમારીની બાજુમાં ઉભેલી નગરશેઠની કન્યાએ મૃદુ સ્વરે કહ્યું: 'રાજકુમારી, જીત તમારી થઇ છે.'

'હું સમજી નહિ...'

'સમજવા છતાં ન સમજાય એનું નામ પ્રેમ. યુવરાજ કનકરથ કેટલા નયન મનોહર છે ? તમારા તરફ એમની દૃષ્ટિ પડી લાગતી નથી !'

રૂક્ષ્મણી શરમાઇ ગઇ...પણ શરમનો ભાવ

છૂપાવી શકાતો નથી. એ ભાવ આકર્ષક લાલીના રૂપમાં વદન પર ખીલી નીકળે છે.

ગજરાજ ઝરૂખા પાસે આવી પહોંચ્યો.

પ્રિયતમને નિહાળવામાં તલ્લીન બનેલી રૂક્ષ્મણી હાથમાંની પુષ્પમાળા ફેંકવી ભૂલી ગઇ. એક સખીએ તરત કહ્યું: 'સખી, આ પુષ્પમાળા...'

સ્વપ્નમાંથી જાગ્રત થઇ હોય તેવા ભાવે રૂક્ષ્મણીએ માળા તરફ જોયું અને તરત સ્મરણ થતાં કંઇક ધ્રુજતા હાથે ને થડકતા હૃદયે માળા ખુલ્લી અંબાડી પર ફેંકી.

માળા યુવરાજના ગળામાં ન પડતાં પગ પાસે પડી. પણ યુવરાજે ઉંચી નજર ન કરી. કારણ કે માર્ગમાં ઘણી માળાઓ, ફુલોની વૃષ્ટિ થયા જ કરતી હતી.

હાથી આગળ વધ્યો.

એક સખીએ કહ્યું: 'યુવરાજનો ચહેરો ઉદાસ જેવો કેમ લાગે છે?'

બીજી સખીએ તરત ઉત્તર વાળ્યો:

'પ્રવાસનો શ્રમ અને શોભાયાત્રાનો શ્રમ....!'

હાથીની પાછળ જ એક સુવર્ણનો ખુલ્લો રથ હતો. એ રથમાં તાપસકુમારી પુરૂષવેશે બેઠી હતી. આ નયનમધુર નવજવાન પ્રત્યે સહુની દૃષ્ટિ સ્થિર હતી. સહુને એમ થતું હતું કે આ કોણ હશે? કામદેવના અવતાર સમો આ નવજવાન શું યુવરાજનો બંધુ હશે? પણ યુવરાજને કોઇ ભાઇ તો છે નહિં. શું એનો મિત્ર હશે? કેટલો સુકુમાર લાગે છે? નયનો કેટલાં તેજસ્વી અને મરમાળાં છે?

રાજકુમારીની એક સખી આ નવજવાનને ધારી ધારીને જોઇ રહી હતી. તે બોલી: 'સખી, આ કોણ હશે?'

પણ રાજકુમારીનું ધ્યાન એ તરફ જાય તે પહેલાં જ રથ આગળ વધી ચૂકયો હતો.

અને શોભાયાત્રા પુરી થઇ ત્યારે સંતોષ, આનંદ અને પ્રસન્નતાથી ભરલા હૈયે રૂક્ષ્મણી ઝરૂખામાંથી અંદર ગઇ.

બે દિવસ આનંદ અને મસ્તીભર્યા વાતાવરણમાં વિદાય થયા. જાનમાં આવેલા પ્રત્યેક માણસોને મહારાજા સુંદરપાણિનો આદર સત્કાર ઘણો જ ભવ્ય લગ્યો. રાજવીએ મહેમાનો માટે દરેક પ્રકારની વ્યવસ્થા કરી હતી. પાણી માગે ત્યાં દૂધ હાજર થાય એટલી કાળજી રાખવામાં આવતી હતી અને જાનૈયાના મનોરંજન માટે રાજ્યના નર્તકવૃંદ ઉપરાંત નગરીની સુપ્રસિદ્ધ નર્તકી શ્રીલેખા પણ ભાગ લઇ રહી હતી. દેવી શ્રીલેખાનાં નૃત્યો જોઇને સહુના મનમાં એમ જ થયું હતું કે નૃત્ય એ અંતરના ભાવોને જાગૃત કરનારૂં એક મહાજ્ઞાન છે.

ત્રીજે દિવસે ઘણા જ દબદબાપૂર્વક કનકરથે રાજકન્યા રૂક્ષ્મણીનું પાણિગ્રહણ કર્યું.

આ પ્રસંગે મહારાજા સુંદરપાણિએ દાનની સરિતા વહાવી દીધી હતી. કોઇ પણ યાચક અસંતોષી જણાતો નહોતો. હજારો ગાયો, સુવર્ણના અલંકારો, વસ્ત્રો વગેરેનું દાન બ્રાહ્મણોને કરવામાં આવ્યું. અને કન્યાને પણ બહુમૂલ્ય અલંકારો, દાસીઓ, ગાયો, વસ્ત્રો, સુવર્ણમુદ્રાઓ વગેરે વિપુલ પ્રમાણમાં આપ્યાં.

સારીયે નગરીમાં મહારાજાની ઉદારતાનાં યશોગાન ગવાવા માંડયા અને યુવરાજ કનકરથની સુંદરતાના વખાણ થવા માંડયાં.

લગ્નવિધિ વખતે કનકરથે પોતાના નવા મિત્ર તાપસકુમારને બાજુમાં જ રાખ્યો હતો. યુવરાજને કલ્પના પણ નહોતી કે જેને પોતે મિત્ર માનીને સત્કારી રહ્યો છે તે અન્ય કોઇ નહિ પોતાની જ પ્રિયતમા છે! પણ કેવી રીતે ઓળખે? ઋષિદત્તાનું વેશપરિવર્તન કૃત્રિમ નહોતું. મંત્રસિદ્ધ હતું.

અને આ લગ્નોત્સવ નિહાળીને ઋષિદત્તાના ચિત્તમાં જરાયે ઇર્ષ્યા કે વિભાવ ઉત્પન્ન નહોતો થયો. તેનું ચિત્ત તો વધારે પ્રસન્ન અને હર્ષ પ્રફુલ્લ બન્યું હતું. કારણ કે પોતાનો જ પ્રિયતમ જો આ પત્નીના યોગથી સુખી થાય તો એનાથી બીજું ઉત્તમ શું હોઈ શકે?

કનકરથનાં ગળામાં રૂક્ષ્મણીએ જ્યારે સુંદર અને સૌરભથી છલકતાં પુષ્પોની માળા પહેરાવી ત્યારે ઋષિદત્તાના નયનો હર્ષથી સજળ બની ગયા. એનું મન એ વખતે પોકારી ઉઠયું. 'રૂક્ષ્મણી સદાય સુખી રહે. એના જીવનને કદી કોઇપણ પ્રકારના વહેમની ચિનગારી ન અડકે!'

ગોધુલિક સમયે લગ્ન હતાં. પરંતુ બીજો વિધિ પુરો થતાં રાત્રિના બીજા પ્રહરની બે એક ઘટિકાઓ વ્યતીત થઇ ચૂકી હતી.

લગ્નવિધિ પૂર્ણ થયા પછી કુળદેવીના મંદિરે નવદંપતિ ગયાં અને ત્યારપછી બંને સર્વ વડિલોને પગે લાગીને મહેલમાં ગયાં.

કનકરથના હૈયામાં આ લગ્ન અંગે કોઈ ઉત્સાહ નહોતો. પરંતુ માતાપિતાની આજ્ઞા ખાતર તે આજ રૂક્ષ્મણીને પરણ્યો હતો.

નવદંપતિ માટે નિર્મિત થયેલા રાજમહેલમાં ગયા પછી રૂક્ષ્મણી પોતાની સખીઓ સાથે ઘણા જ સંકોચભર્યા હૃદયે છતાં અનેક આશાઓના સુમન સાથે શણગારેલા શયનાગારમાં ગઇ.

કનકરથ પોતાના મિત્રો સાથે વાતો કરવા રોકાઇ ગયો.

મધ્યરાત્રિ વીતી ગઇ હતી એટલે દરેક મિત્રો યુવરાજને વધાઇ આપીને પોતપોતાના ઉતારે વિદાય થયા. ઋષિદત્તા પણ યુવરાજને આશીર્વાદ આપીને પોતાના ખંડમાં ચાલી ગઇ.

યુવરાજ કનકરથ શયનાગારમાં દાખલ થયો ત્યારે રૂક્ષ્મણી પોતાની એક સખી સાથે વાતો કરી રહી હતી. યુવરાજને આવતાં જોતાં જ તેની સખી રાજકન્યાના ગાલ પર એક ટાપલી મારીને અને 'સંભાળજે' એમ ધીમા સ્વરે કહીને બહાર નીકળી ગઇ. જતી વખતે તેણે શયનાગારનું દ્વાર અટકાવી દીધું.

યુવરાજ કનકરથે લજ્જાયુકત વદને એક આસન પર સંકોચ સાથે બેઠેલી પત્ની સામે જોયું. ત્યારપછી તેણે એક ત્રિપદિ પર પડેલા સુવર્ણના થાળમાં પોતાનો મુગટ મુકયો. ગળામાં ધારણ કરેલા અલંકારો પણ મૂકયા.

રૂક્ષ્મણીના ચિત્તમાં તો અનેક તરંગો ઉડી રહ્યા હતા. સ્વામી આવશે અને બાહુપાશમાં ઝકડશે. એ વખતે કેવી મીઠી વેદના થશે, હું કશું બોલી પણ નહિ શકું, વગેરે અનેક કલ્પનાઓ તેણે કરી હતી.

કનકરથના મનમાં જુદા જ વિચારો રમતા હતા. તેને એમ થતું હતું કે રાજકન્યાએ મારી સાથે જ લગ્ન કરવાનો અભિગ્રહ કરીને પોતાના જીવનને ભારે દુઃખ વચ્ચે ધકેલી દીધું છે. વાસ્તવિક પરિસ્થિતિનો ખ્યાલ એને આપવો જ જોઇએ. જો ન આપું તો એક આશાભરી નારીના પ્રાણને છેતર્યો ગણાય.

રૂક્ષ્મણીના મનમાં થતું હતું, સ્વામીને કેવી રીતે મારા કરવા, કેવી રીતે હૈયા સરસા લેવા, હૈયામાં ભરેલો પ્રેમ કેવા શબ્દો વડે વ્યકત કરવો?

પરંતુ લજ્જાનો ભાર માત્ર નયનો પર નહોતો.. જીભ પર અને અધર પર પણ હતો.

યુવરાજે કંઇક દર્દભર્યા છતાં મીઠા સ્વરે કહ્યું: 'દેવી..'

રૂક્ષ્મણીનું મસ્તક લજ્જાના ભારથી વધારે નીચું નમી પડયું.

કનકરથે સામેના એક આસન પર બેસતાં કહ્યું: 'દેવી! હું એક વાતની ક્ષમા માગી લઉં છું.'

ક્ષમા! અપરાધ વગર ક્ષમા? અને સ્વામી પત્ની પાસે ક્ષમા માગે? રૂક્ષ્મણીએ કંઇક આશ્ચર્ય સાથે સ્વામી તરફ નજર કરી.

'જીવનમાં અભિનય એ મોટામાં મોટો દોષ છે. એવો દોષ મારા હાથે થઇ ગયો છે. તમારા અંતરમાં મારા પ્રત્યે આવી શ્રદ્ધા અને ભકિત કેમ જાગી હશે? એ પ્રશ્નનો ઉત્તર હજુ પણ હું શોધી શકતો નથી. જો તમે આવું વ્રત ન લીધું હોત તો....'

'સ્વામી, પ્રથમ મારી એક પ્રાર્થના સ્વીકારો...' રૂક્ષ્મણી ભાવાવેગથી બોલી ઉઠી.

વાણી મધુર હતી, રૂપ મધુર હતું, યૌવન મધુર હતું, નયનો મધુર હતા અને પળ પણ મધુર હતી.

યુવરાજ બેપળ સુધી નવવધૂ સામે જોઇ રહ્યો.. માત્ર એનું પોતાનું હૃદય ભાંગેલું હતું, જીવનની કોઇ મધુરતા એનામાં રહી નહોતી. તે એક આસન પર બેસતાં બોલ્યો: 'કહો.'

'સ્વામી, આપ મને બહુમાનથી ન બોલાવો.'

યુવરાજ કશું બોલ્યો નહિં. માત્ર રૂક્ષ્મણી સામે જોઈ રહ્યો.

રૂક્ષ્મણીએ કહ્યું: 'પ્રિયતમ, આપને કલ્પનાયે નહિ હોય. પરંતુ પહેલીવાર મેં આપની છબી જોઇને મારી પસંદગી વ્યકત કરી હતી ત્યારથી આજપર્યંત મારા હૃદયમનમાં આપ જ બિરાજી રહ્યા છો. અને આપ જ્યારે અડધે રસ્તે પાછા વળ્યા છો એ સમાચાર જાણ્યા ત્યારે તો મારા જીવતરની તમામ આશાઓ ભાંગી ને ભુકકો થઇ ગઇ. મારા માતા-પિતાએ મને સમજાવવાનો ઘણો પ્રયત્ન કર્યો પરંતુ આપના સિવાય કોઇને હયાના દેવ તરીકે ન સ્વીકારવા એવો મેં દૃઢ નિશ્ચય કર્યો હતો. મારા પિતાને મેં મારી પ્રતિજ્ઞાની વાત કરી અને....'

'પણ હું તો એક તાપસ કન્યા સાથે પરણી ગયો હતો. એ સમાચાર જાણ્યા પછી પણ આ નિશ્ચયને...'

સ્વામીને પોતાના કરવા ઈચ્છતી રૂક્ષ્મણી ભોળા ભાવે તરત આછા હાસ્ય સાથે બોલી ઉઠી:' નાથ, મારો નિશ્ચય તો અટલ હતો. હું આજન્મ કુંવારી રહેત. પરંતુ મારા પ્રેમના બળે મને એક સુલસા નામની યોગિની મળી ગઈ.'

'સુલસા નામની યોગિની? યુવરાજને આશ્ચર્ય થયું.

'હા. અમારી નગરીની બહાર જ રહે છે. મંત્ર-સાધનામાં મહાન છે. તેણે મારૂં દર્દ જોઇને મને સહાય કરવાનું વચન આપ્યું અને તે આકાશ માર્ગે આપની નગરીમાં પહોંચી.'

'પછી તેણે શું કર્યું ?'

ભોળા હૃદયની રૂક્ષ્મણીને ખબર નહોતી કે આ વાત કરવાનું પરિણામ શું આવશે? તેણે સહજ ભાવે સુલસા સાધ્વીએ રથમર્દન નગરીમાં જે કંઇ કર્યું હતું તે જણાવ્યું.

આ વાત સાંભળીને કનકરથનો ચહેરો કંઇક ક્રોધયુકત ગંભીર બની ગયો. વાત સાંભળી લીધા પછી તે આસન પરથી ઉભો થયો અને બોલ્યો: 'દેવી, તમે મોટામાં મોટા અન્યાયનો સહારો લીધો છે.' હું તમને એ જ વાત કહેવા માગતો હતો કે મારૂં હૃદય, મન સર્વસ્વ મેં મારી પ્રિયતમાને જ અર્પણ કરેલું હતું. કેવળ મારા માતાપિતાને સંતોષ આપવા ખાતર મારે અહીં પરણવા આવવાનો અભિનય કરવો પડયો છે. પણ તમે આ વાત કહીને ઋષિદત્તા પ્રત્યેની મારી શ્રદ્ધાને વધારી મુકી છે. એક નિર્દોષ અને કોમળપ્રાણ નારીના લોહી વડે આપે મને પ્રાપ્ત કર્યો છે. આ દોષનું કોઇ પ્રાયશ્ચિત હોઇ શકે નહિ. તમે મને આ વાત ન કરી હોત તો હું અંધકારમાં જ અટવાયેલો રહેત. પણ હવેથી તમારે એક વાત સમજી લેવાની છે કે તમે કનકરથ સાથે લગ્ન નથી કર્યાં. કનકરથનાં નિર્જીવ મડદાં સાથે.'

વચ્ચે જ રાજકન્યા આછી ચીસ સાથે બોલી ઉઠી: 'સ્વામી. મને ક્ષમા કરો. મારા હૈયામાં આ રીતે ઇર્ષાનું કોઇ વિષ નહોતું. સુલસા સાધ્વીએ તો માત્ર આપનું મન મારા તરફ વળે અને મને સ્વીકારો એવું કરી આપવાનું કહ્યું હતું.'

'રૂક્ષ્મણી, જેના પ્રાણમાં કાંઇ આશા, કોઇ ઉમંગ કે કોઈ લાગણી જ ન રહી હોય તે નિષ્પ્રાણ જ ગણાય છે. હું તારા ચહેરાના ભાવપરથી સ્વીકારું છું કે તેં જે કંઇ કર્યું છે તે અલ્પ બુદ્ધિનું પરિણામ છે અથવા લાગણીના અતિરેકનું પરિણામ છે. તારા હૃદયને હું વધારે વેદના આપવા નથી ઇચ્છતો... કારણ કે વેદના પીનારાઓ અન્ય કોઇને વેદના આપી શકતા નથી. રથમર્દન નગરીની તું યુવરાણી જ રહીશ મારી ધર્મપત્ની પણ રહીશ. પરંતુ કેવળ લોકનજરે. તેં જે કંઇ કર્યું છે તે તો ક્ષમ્ય બની શકશે. પરંતુ મારો અપરાધ કદી ક્ષમ્ય બની શકશે નહિ. મને

પુરેપુરો વિશ્વાસ હતો કે ઋષિદત્તા સર્વથા નિર્દોષ છે છતાં હું એના મૃત્યુને રોકી શકયો નહિં. મારા કર્તવ્યને બજાવી શકયો નહિ. મારા આ મોટામાં મોટા અપરાધનું પ્રાયશ્ચિત મારે જ કરવાનું રહેશે. તું નિશ્ચિંત રહે.'

આટલું કહી યુવરાજ ઉભો થયો અને શયનાગારમાં આંટા મારવા માંડયો.

આજ પહેલી રાતે જ રૂક્ષ્મણીને આવી કારમી પળો મળશે એવી તેણે કલ્પના સરખી યે નહોતી કરી તે ઉભી થઇ ગઇ અને વિચારમગ્ન દશામાં આંટા મારતા સ્વામી પાસે જઈ તેના બન્ને ચરણ પકડી લેતાં બોલી: 'નાથ.'.

'દેવી, હું તારો દોષ નથી જોતો, તું આરામ કર. સૂઈ રહે.'

'આપ ?'

કનકરથ હસ્યો અને હસતાં હસતાં બોલ્યો: 'જે દિવસથી ઋષિદત્તા ગઇ છે...તે દિવસથી નિદ્રાએ મારી સાથે રૂસણું લીધાં છે. અને મને નિદ્રામાં નહિ પણ જાગવામાં આનંદ મળે છે. તું સૂઇ જા. તારે એક વાત કદી ભૂલવાની નથી કે આપણે કેવળ દુનિયાની નજરે જ પતિપત્ની છીએ.'

રૂક્ષ્મણીની આંખમાંથી આંસુ ખરી રહ્યાં હતાં.. રૂપ અને યૌવનની સુરખી જાણે કરમાઇ ગઇ હતી. તેણે સકરુણ નજરે સ્વામી સામે જોયું.

યુવરાજે રૂક્ષ્મણીના બંને હાથ વચ્ચેથી પોતાના પગ છોડાવીને કહ્યું: 'રૂક્ષ્મણી, હું બહાર ચાલ્યો જઉં તે બરાબર નહિં ગણાય. તું દુરાગ્રહનો ત્યાગ કરીને શય્યામાં સૂઇ જા. મારી ચિંતા કરીશ નહિ.'

આટલું કહીને યુવરાજ કનકરથ એક આસન પર બેસી ગયો.

સાથે આવેલા તાપસપુત્રના સહવાસથી તે કંઇક આનંદમાં આવી ગયો હતો પણ આજ આ બધું યાદ કરીને તેનું ચિત્ત વ્યથિત બની ગયું હતું.

રૂક્ષ્મણીના હૃદયને ભારે આઘાત લાગ્યો. પણ તે બીજું શું કરી શકે? તે ફુલની ચાદર બિછાવેલી શય્યા પર ન ગઇ; ત્યાં ને ત્યાં બેસી રહી. એનું હૈયું રડી રહ્યું હતું.

કનકરથ ઋષિદત્તાની મધુર સ્મૃતિઓ યાદ કરતો બેસી રહ્યો.

અને પ્રાત:કાળે તે બહાર નીકળી ગયો.

રૂક્ષ્મણીએ પોતાની સખીને આ વાત કહી અને સખીએ તરત મહાદેવી વાસુલા પાસે જઇને આ વાત જણાવી.

આ વાત સાંભળીને દેવી વાસુલાને ભારે દુ:ખ થયું. તેમણે મહારાજાને વાત કરી અને મહારાજા તરત જ યુવરાજ કનકરથ પાસે આવ્યા.

એ વખતે કનકરથ સ્નાનાદિથી નિવૃત્ત થઈ, તાપસકુમાર સાથે વાતો કરતો બેઠો હતો. પોતાના પુજ્ય શ્વસુરને આવેલા જોતાં જ કનકરથ એકદમ ઉભો થઈ ગયો અને નમન કરતાં બોલ્યો: 'પધારો.'

મહારાજાએ એક આસન પર બેઠક લેતાં કહ્યું: 'આયુષ્યમાન, મારી પુત્રી વતી હું આપની ક્ષમા માગું છું. અમને આ અંગેની કશી માહિતી નથી.. થોડીવાર પહેલાં જ રૂક્ષ્મણીની સખીએ સઘળી વાત કહી ત્યારે અમને ખબર પડી. યુવરાજ રૂક્ષ્મણીએ ગંભીર ભૂલ કરી છે એનો મારાથી ઇન્કાર થઇ શકે એમ નથી. પરંતુ આ ભૂલનું આવું પરિણામ આવશે તેવી તેની સમજશકિત નહોતી. હું અત્યારે જ સુલસા યોગિનીને બોલાવું છું અને તેણે કરેલા આવા ખતરનાક કાર્યની શિક્ષા કરું છું.

યુવરાજે કહ્યું: 'મહારાજ, આપની કન્યાનો હું કોઈ દોષ જોતો નથી. એણે તો લાગણીવશ બનીને જ સુલસાની સહાય લીધી છે. પણ ખરો દોષ તો મારો છે. એનું પ્રાયશ્ચિત મારે કરવાનું છે.'

'મહારાજકુમાર, આપનો પણ કોઇ દોષ નથી. કર્મસંયોગે જે બનવાનું હતું તે બની ગયું છે. ગુનેગારને હું જ શિક્ષા કરીશ. સુલસાનો આજ ને આજ શિરચ્છેદ થશે.'

# કાલની ઉપયોગિતા

પૂ. મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજ

'કલ્યાણ'માં અત્યાર અગાઉ આરાધનામાં દક્ષિણાયનકાલની ઉપયોગિતા અંગે આ લેખક મુનિરાજશ્રીનો એક લેખ પ્રસિદ્ધ થયેલ. તેના અનુસંધાનમાં દિવસ–રાત્રિની ચાર સંધ્યાઓ તથા ચૈત્રી અને આસોની શાશ્વતી ઓળીની આરાધનામાં કાલની ઉપયોગિતા અંગે ટુંકમાં અહિં જણાવાયું છે. જેથી જૈનશાસનના સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક કાર્યમાં કાલ, સ્વભાવ, ભવિતવ્યતા, કર્મ અને પુરુષાર્થરૂપ પાંચ કારણો જે માન્યા છે, તેમાં કાલની ઉપયોગિતાનો કાંઇક અંશે સર્વ કોઈ આરાધકોને ખ્યાલ આવે !

*

આ વિશ્વમાં રહેલ સર્વ પ્રકારના પદાર્થો જીવસૃષ્ટિને નિરંતર જાણે–અજાણે સહાય કરી જ રહ્યાં છે તેમાં પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વનસ્પતિની સહાય સર્વ કોઈ સમજી શકે છે. લોકોત્તર દૃષ્ટિએ પણ ધર્માસ્તિકાય સર્વને ગતિમાં સહાય કરે છે. અધર્માસ્તિકાય સ્થિતિમાં સહાય કરે છે. આકાશાસ્તિકાય અવગાહ આપે છે, પુદ્ગલાસ્તિકાયની સહાય તો સર્વને પ્રત્યક્ષ છે છે, પરંતુ કાળની શી ઉપયોગિતા છે? તે આ લેખમાં વિચારવાનું છે.

મનુષ્યલોકમાં કાળની વ્યવસ્થા સૂર્ય–ચંદ્રની ગતિથી થાય છે. તેથી આપણને જે દિવસ–રાત્રિ, મીનીટ–કલાક, તિથિ–વાર, પક્ષ–માસ, ઋતુ કે અયન, વર્ષ કે યુગ, ઉત્સર્પિણી–અવસર્પિણી વગેરેની વ્યવસ્થા જોવા મળે છે તેમાં નિયામક આ કાળ–સમય જ છે; તદુપરાંત લૌકિક કે લોકોત્તર પર્વોની વ્યવસ્થા પણ તિથિ કે વારની સાથે જ સંબંધ રાખે છે. વળી સવાર–સાંજની સંધ્યાએ ધર્મસ્થાનોમાં જે પૂજા–આરતી, ધૂપ–દીપ, આવશ્યકાદિ થાય છે તેમાં પણ બંને સંધ્યા–સમયનો જ પ્રભાવ છે. આ સિવાય સૂર્યોદય પહેલાં બ્રાહ્મમુહૂર્તમાં મહાપુરુષો કે સાધુ-સંતો રોજ વહેલા ઉઠીને જે સ્વાધ્યાય-મંત્રજાપ કે ધ્યાનાદિ કરે છે, જેના પ્રભાવે તે સમયે સર્વત્ર શાંતિ આનંદ–ઉલ્લાસાદિ છવાઇ જાય છે અને અને બીજા આરાધકો કે સાધકોને પણ તે સમયે પ્રશાંત વાતાવરણમાંથી અદૃશ્ય સહાય અને ઉચ્ચ પ્રકારના ભાવો–વિચારો સ્ફુરે છે, તેમાં પણ આ કાળ કે સમયની સહકારિતા માનવી જોઇએ.

સૂર્યાસ્તની સંધ્યાએ ઉત્તમ પ્રકારના પશુ-પંખી પણ બહારથી પાછા આવીને સુખ–શાંતિનો અનુભવ કરે છે. ખેતરમાં કામ કરનાર ખેડુત કે

---

અત્યાર સુધી મૌન ભાવે સાંભળી રહેલા તાપસકુમારે યુવરાજ સામે જોઇને કહ્યું: 'મિત્ર, હું કંઇ સમજ્યો નહિં.'

યુવરાજે ટૂંકમાં ગઇ રાતે રૂક્ષ્મણીએ કહેલ વાત કરી.

તાપસકુમારના ચહેરા પર પ્રસન્નતાનો ભાવ ઝબકી ઉઠયો તેણે કહ્યું: 'મિત્ર, રાજકન્યા નિર્દોષ છે. એણે કોઇ સખી કે દાસીના કહેવાથી સુલસાનો આશ્રય લીધો લાગે છે. તમારે હવે મનમાં કશું ન રાખવું જોઇએ.'

મહારાજાએ કહ્યું: 'યુવરાજશ્રી, હું સુલસાને બોલાવું છું. એને સાંભળ્યા પછી શું કરવું તે આપણે વિચારીશું.'

થોડીવાર પછી મહારાજા વિદાય થયા અને સુલસા યોગિનીને બોલાવવા માટે તરત રથ મોકલ્યો.

( ક્રમશઃ )

કારીગરો પણ કામ પતાવીને સ્વસ્થાને આવીને શાંતિનો અનુભવ કરે છે તેથી કુદરતમાં પણ વાતાવરણ પ્રસન્ન હોય છે. સવાર-સાંજની સંધ્યા ઉપરાંત મધ્યાહ્નની સંધ્યાએ ઇષ્ટદેવનું વિધિપૂર્વક પૂજન, વિજયમૂહુર્તમાં પ્રતિષ્ઠાદિના માંગલિક કાર્યો અને મધ્યરાત્રિએ પણ ઉચ્ચપ્રકારના ધ્યાનાદિ પ્રશસ્ત માન્યાં છે. આ ચારે સંધ્યાએ પ્રાયઃ સુષુમ્ણાનાડી ચાલતી હોય છે તેથી તે પ્રસંગે સહેલાઇથી શુભકાર્યમાં એકાગ્રતા શુભભાવનાદિ થઈ શકે છે. આર્યભૂમિમાં અને ઉત્તમ પ્રકારની આસ્તિક પ્રજામાં તો સનાતન કાળથી આ ચારે સંધ્યાએ ઉચ્ચ પ્રકારની આધ્યાત્મિક ક્રિયાઓનું જ આચરણ ચાલતું આવે છે જે આજે પણ જોવા-જાણવા મળે છે. જેનું કાંઇક વર્ણન અત્રે થઈ ગયું છે.

આ સિવાય જે ચૈત્રી અને આસો સુદી ૭ થી ૧૫ની શાશ્વતી બે ઓળી અને પર્યૂષણા તથા ત્રણ ચતુર્માસ સબંધી એ છ અઠ્ઠાઇઓની રચના પણ કાળથી જ થાય છે. તેમાંય ચૈત્રી અને આસો માસની બે અઠ્ઠાઈઓને વિશિષ્ટ પ્રકારની માની છે તેથી તેનો પણ કાંઈક વિચાર અત્રે થાય તો તે ઉચિત છે.

આ બન્ને ઓળીઓના કાળને જ્યોતિષમાં લક્ષણોપેત વિષુવકાળ કહ્યો છે એટલે કે લગભગ બાર બાર કલાક દિવસ અને રાત્રી હોય છે. એથી જેટલું કાર્ય દિવસે થાય તેટલું જ કાર્ય રાત્રે પણ થઇ શકે તેવી વ્યવસ્થા કાળે કરી આપી છે જો કે દિવસના અને રાત્રિના કાર્ય જુદાં જુદાં હોય છે પણ તે બન્ને પ્રકારના કાર્યો જીવન જીવવા માટે સમાન આવશ્યક છે.

ચૈત્રી ઓળીમાં વસંત અને આસોની ઓળીમાં શરદૃઋતુ પોતાના પૂર્ણ વૈભવ સાથે આવે છે. આ બે ઓળીમાં જે નવપદજીનું આરાધન તથા દેવ-દેવીઓનું પૂજનાદિ થાય છે તે પણ કાળનો જ પ્રભાવ માનવો રહ્યો. વસંતમાં વનરાજી ખીલે અને શરદમાં જલાશયો ભરાઈ જાય તે પણ આ કાળનો જ પ્રભાવ કહી શકાય.

આ ઉપરાંત કલ્યાણક પર્વો કે આરાધ્ય તિથિઓની આરાધના, વર્ષગાંઠ કે વાર્ષિક પર્વોની ઉજવણી. યૌવન-વૃદ્ધાવસ્થાદિનો જે વ્યવહાર થાય છે તે બધો કાળનો જ પ્રભાવ છે. આ રીતે કાળની ઉપયોગિતાનો સ્વીકાર કરીને ધર્મ કે પુણ્યના ભંડારો ભરવા હોય તો ભરી શકાય તે માટે નીચે મુજબના નિયમો અવશ્ય પાલન કરવા યોગ્ય છે.

(૧) સવાર-સાંજ દેવદર્શન-ગુરુવંદન અને શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ.

(૨) મધ્યાહ્નને વિસ્તારથી દેવ-પૂજન તથા બાર નવકારનું સ્મરણ.

(૩) મધ્યરાત્રિએ કે રાત્રે ઉંઘ ઉડી જાય ત્યારે અથવા જ્યારે નિદ્રા પૂર્ણ થાય ત્યારે નવકાર ગણવા પૂર્વે 'खामेमि सव्वजीवे सव्वे-जीवा खमन्तु मे, मित्ती मे सव्वभूएसु, वेरं मज्झ न केणइ' અને નવકાર ગણ્યા પછી शिवमस्तु सर्वजगतः, परहितनिरता भवन्तु भूतगणाः, दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखी भवतु लोकः એ બે શ્લોકો વિચારીને બોલવા.

(૪) પાંચ-દસ કે બાર મોટી તિથિએ વિશેષ પ્રકારે દાન-શીલ-તપ અને ભાવાદિ ચાર કે અનિત્યત્વાદિ બાર પ્રકારની ભાવના રૂપ ચારે ધર્મોનું પાલન કરવું.

(૫) બન્ને શાશ્વતી ઓળીનું આરાધન બને તો સમૂહગત-વિધિપૂર્વક ઉત્તમ પ્રકારના સ્થાવર અને જંગમ તીર્થની છાયામાં કરવું.

આ રીતે નિયત સમયે ઉપરોક્ત નિયમોનું શક્ય આરાધન કરનાર સર્વને ઉત્તમ પ્રકારના લાભનો ગુણાકાર થાય તે આજે બુદ્ધિવાદ કે અણુશકિતના યુગમાં સારી રીતે સમજી શકાય તેમ છે તેથી તેનો વિસ્તાર કર્યા વિના વિરામ પામવું એજ હિતાવહ છે. सुज्ञेषु किं बहुना ?

# સમાચાર સાર

**ખંભાતથી અમદાવાદ**–પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવરે પોતાના શિષ્ય–પ્રશિષ્યો પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજ આદિ પરિવારની સાથે ખંભાતથી ચૈત્ર સુદિ ૪ ના વિહાર કર્યો. ખંભાતનો સંઘ તેઓશ્રીને વળાવવા દૂર સુધી આવેલ. ૫ ના નાર પધારતાં નાર સંઘે ભકિતપૂર્વક સામૈયું કરેલ. સોજીત્રા, ડભોઇ થઇ પૂ. શ્રી માતર પધાર્યાં હતા. સુદિ ૮ ના તેઓશ્રીનું વ્યાખ્યાન થયેલ. સુદિ ૮ની સાંજે માતરથી વિહાર કરી, નાયકા, નવાગામ થઇ સુદિ ૯ ના બારેજા પધારેલ. ત્યાં વ્યાખ્યાન થયેલ. સુદિ ૧૧ના તેઓશ્રી અમદાવાદ જૈનજ્ઞાનમંદિર ખાતે પધાર્યાં હતા. ત્યાં તેઓશ્રીનાં પ્રવચનો દરરોજ થતાં. નવપદ ભગવંતના એક એક પદ પર તેઓશ્રી મનનીય તથા પ્રેરક પ્રવચનો આપતા. દિન–પ્રતિદિન શ્રોતાઓની સંખ્યા વધતી હતી. ચૈત્ર સુદિ ૧૦ના દિવસે બપોરના ૨ વાગ્યે ભ. શ્રી મહાવીર દેવના જન્મકલ્યાણક પર તેઓશ્રીએ લગભગ બે કલાક સુધી મનનીય પ્રવચન આપેલ. અમદાવાદ ખાતે સ્થિરતા કરવાની વિનંતિ હતી. પણ શંખેશ્વરજી બાજુ વિહાર કરવાનો હોવાથી વિનંતિનો સ્વીકાર થઇ શકયો નથી. ચૈત્ર વદિ ૧ ના દિવસે ડોશીવાડા–કસુંબાવાડાના સંઘની વિનંતિથી પોળમાં પૂ. મહારાજશ્રી સપરિવાર ડાહ્યાભાઇ દલપતભાઇ સંપૂરીના ઘેર પધાર્યાં હતા, મંગલાચરણ કર્યું હતું. પૂ. મહારાજશ્રી પોળમાં પધારતાં તે નિમિત્તે તેઓના તરફથી અષ્ટાપદજીની પૂજા ઠાઠથી ભણાવાઇ હતી. ને પોળમાં ઘર દીઠ શેર શેર મીઠાઇ વહેંચી હતી. પૂ. મહારાજશ્રી શા વીરચંદ લખમીચંદના ઘેર પધાર્યાં હતા. ને માંગલિક સંભળાવેલ. પોળમાં પધારતાં ગહુંલિઓ તેમજ જ્ઞાનપૂજન થયેલ.

ચૈત્ર વ. ૨ ના તેઓશ્રીએ જ્ઞાનમંદિરથી વિહાર કરતાં સંઘ વળાવવા આવેલ. પૂ. મહારાજશ્રી સાબરમતી પધારતાં વ્યાખ્યાન થયેલ. ત્યાંથી તેઓશ્રી વિહાર કરી, અડાલજ, ટીંટોડા, પાનસર, ભોયણી, રાંતેજ, શંખલપુર થઇ વદિ ૧૦ નાં શંખેશ્વરજી પધાર્યાં છે. બાલમુનિરાજશ્રી શાંતિભદ્રવિજયજી મહારાજે વિહારમાં ૨૪ મી ઓળી પૂર્ણ કરી છે, ને ચૈત્ર વદિ બીજથી તેઓએ એકાંતરા આયંબિલો શરૂ કર્યા છે.

**શંખેશ્વર**–પૂ. મુનિરાજશ્રી આનંદઘનવિજયજી મહારાજના વરસીતપના પારણા નિમિત્તે માલીયા જૈન સંઘ તરફથી ત્રણ દિવસનો મહોત્સવ રાખવામાં આવેલ. રોજ આંગી, પૂજા, ભાવના, વગેરે સુંદર થયું હતું. વૈશાખ શુદિ ૩ના રોજ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવેલ. પૂ. આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ આદિ મહારાજ સાહેબો આદિની નિશ્રામાં મહોત્સવ ઉજવાયો હતો.

**મુંબઇ**–ચૈત્ર શુદિ ૧૩ના રોજ ચરમતીર્થપતિશ્રી મહાવીર ભગવાનના જન્મકલ્યાણકનો મહોત્સવ સર્વ સંપ્રદાયો સાથે રહી ઉજવ્યો હતો. મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજશ્રીએ સુંદર પ્રવચન તે અંગે આપ્યું હતું. અન્ય વકતાઓએ પણ પ્રવચન કર્યાં હતાં, ઉત્સાહ અને ઉલ્લાસના વાતાવરણ વચ્ચે સમારોહ ઉજવાયો હતો.

**લુણાવા**–(મારવાડ) પૂ. ઉપાધ્યાયજી ધર્મવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં શ્રી નવપદ ઓળીનું આરાધન સુંદર રીતે થયું હતું. ઓળીની આરાધના કરનારની સંખ્યા ૧૨૫ની હતી. ચાતુર્માસ માટે પૂ. ઉપાધ્યાયજીને વિનંતિ કરવામાં આવી છે. જો કે બીજા ઘણા ગામોની વિનંતિ છે પણ અત્રેના સંઘની વિનંતિનો સ્વીકાર થવા સંભવ છે. ચૈત્ર શુદિ ૧૩ ના શ્રી મહાવીર જન્મકલ્યાણક ઉજવવામાં આવેલ. પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજનું રોજ વ્યાખ્યાન ચાલુ છે.

**નડિયાદ**–પૂ. આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના સમુદાયનાં સાધ્વીશ્રી પદ્મલતાશ્રીજી પાસે શીહોર નિવાસી શ્રી ધીરજલાલ મણિલાલની સુપુત્રી શ્રી હર્ષાબેને ફાગણ વદિ ૭ના રોજ પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજના વરદહસ્તે ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. જેઓનું નામ હર્ષપદ્માશ્રીજી રાખવામાં આવેલ છે. વરસીદાનનો ભવ્ય વરઘોડો ચડયો હતો. શ્રી કંચનબહેન મણિલાલ તરફથી લાડુની પ્રભાવના થઇ હતી. જૈન પાઠશાળા તરફથી એક અભિનંદન મેળાવડો શ્રી ડીસ્ટ્રીકટ જજ સાહેબના પ્રમુખસ્થાને યોજાયો હતો. એ અવસરે રૂા. ૧૦૧ શ્રી કંચનબેન મણિલાલ તરફથી અને રૂા. ૫૧ શ્રી ધીરજલાલ મણિલાલ તરફથી જૈન પાઠશાળાને મળ્યા હતા.

**સુરેન્દ્રનગર**–મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજની અધ્યક્ષતામાં શ્રી મહાવીર જન્મકલ્યાણક ઉજવાયેલ. સવારના વરઘોડો નીકળ્યો હતો. ત્યારબાદ ઉપાશ્રય ખાતે મુનિરાજ કસ્તુરસાગરજી મહારાજે વ્યાખ્યાન આપ્યું હતું. બાદ પેંડાની પ્રભાવના થઈ હતી. આંગી, પૂજા, ભાવના વગેરે થયેલ. અત્રેથી મહારાજશ્રી વરસીતપના પારણાના શુભ પ્રસંગે સુદામડા પધાર્યા છે. ત્યાં મહોત્સવ સુંદર રીતે ઉજવાયો હતો.

**ભીનમાલ**–(મારવાડ) પંન્યાસજી ચિદાનંદવિજયજી મહારાજ આદિ સાદડીથી વિહાર કરી જુદા–જુદા ગામોએ વિચરતા અત્રે ચૈત્ર શુદિ ૭ના પધાર્યા હતા શ્રી સંઘની વિનંતીથી શ્રી નવપદ ઓળીનું આરાધન કરાવવા રોકાયા હતા. પૂ. મતિવિજયજી મહારાજે શ્રીપાલ રાજાના રાસનું વાંચન કર્યું હતું. શ્રી મહાવીર ભગવાનના જન્મકલ્યાણકની ઉજવણી પણ સુંદર રીતે થઈ હતી. પૂજા, અંગરચના, ભાવના વગેરે થયું હતું.

**કપડવણજ**–ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામી જન્મકલ્યાણક પ્રસંગે સવારમાં બેન્ડ સાથે વરઘોડો નીકળેલ. પૂ. મુનિરાજશ્રી પ્રબોધસાગરજી મહારાજે પ્રવચન કરેલ. શ્રી મંગલદાસ ભુરાભાઇ તેલી તરફથી સાકરતું પાણી રાખેલ. બપોરે પૂજા રાખવામાં આવેલ. રાત્રે શ્રી મીઠાભાઇ ગુલાબચંદના ઉપાશ્રયે શ્રી રમણલાલ શંકરલાલ ગાંધીના પ્રમુખપદે મેળાવડો યોજવામાં આવેલ. શ્રી હરગોવીંદભાઇ માસ્તરે સુંદર વકતવ્ય કર્યું હતું. ઇનામો પ્રમુખશ્રીના હસ્તે વહેંચાયાં હતાં. પ્રમુખશ્રીએ રૂા. એકાવન ઇનામમાં આપવા જાહેર કર્યા હતા.

**લોનાવલા**–ચૈત્ર શુદિ ૧૩ ના દીને શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણકની ઉજવણી થઇ હતી. વરઘોડો, પૂજા, આંગી, ભાવના વગેરે થયું હતું. શ્રી છોટાલાલભાઇ માસ્તરે શ્રી મહાવીર સ્વામીના જીવન પ્રસંગો વર્ણવ્યા હતા. લાડુની પ્રભાવના થઇ હતી. ઓળીનું આરાધન પણ સુંદર રીતે થયેલ.

**ઝરીયા**–ઝરીયા જૈનપાઠશાળા પંદર દિવસથી શરૂ થયેલ છે. ૭૦ અભ્યાસકોની સંખ્યા છે. શિક્ષક તરીકે શ્રી સેવંતિલાલભાઈ કામગિરિ સારી બજાવે છે. ચૈત્ર શુદિ ૧૩ના ભ. શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણકની ઉજવણી થઈ હતી, અભ્યાસકોને રૂા. ૨ાા નું કટાસણું શ્રી દેવસીભાઇ માણેકચંદ શેઠ તરફથી વહેંચાયું હતું.

**મુંબઇ**–દાદર જૈન પાઠશાળાએ વિશ્વવંદનીય શ્રી ભ. મહાવીર સ્વામિ જન્મકલ્યાણકની ઉજવણી સારી રીતે ઉજવી હતી. સવારના સાત વાગે સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ઉજવવામાં આવેલ. આઠ વાગે ૫–૭ સંસ્થાઓ મલી પ્રભુના જન્મકલ્યાણકનો વરઘોડો નીકળેલ. સાડા નવ વાગે જ્ઞાનમંદિરના વિશાલ હોલમાં પૂ. પંન્યાસજી નવીનવિજયજી મ. શ્રીની નિશ્રામાં એક સભા યોજવામાં આવી હતી. પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ પ્રભુ મહાવીર સ્વામીના જીવન પ્રસંગો પર વ્યાખ્યાન આપ્યું હતુ.

પાઠશાળાના વિદ્યાર્થીની શ્રી પ્રવીણાબેન ચંદુલાલ શાહ જેમની ઉંમર ફકત આઠ વર્ષની છે. તેણીએ ઓળીના નવે દિવસ આયંબિલનો તપ કરી ઓળીની આરાધના કરી હતી. તેમના પિતાશ્રી તરફથી ઓળીના આરાધકોને પારણાં કરાવવામાં આવ્યાં

હતાં અને પાઠશાળામાં પ્રભાવના કરી હતી.

**ધંધુકા**–મુનિરાજશ્રી માનતુંગવિજયજી મ. કોટડા ૧૭ દિવસ સ્થિરતા કરી ચોકડી, ચુડા, રાણપુર વગેરે થઈને અત્રે પધારતાં સંઘની વિનંતિથી સ્થિરતા કરી ઓળીની આરાધના તથા પ્રભુશ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણકની ઉજવણી થઇ હતી. પૂજા, આંગી, ભાવના થયેલ.

**ગુંજાલા**–(ગુજરાત) વાળાં શ્રી ઇન્દુમતિબેન પાનાચંદ છોટાલાલ પ્રજ્ઞાચક્ષુ છે. તેઓ ૫૦૦ આયંબિલની તપશ્ચર્યા કરી રહેલ છે.

**ઉમતા**–ચૈત્ર શુદિ ૧૩ ના પ્રભુ શ્રી મહાવીર સ્વામીના જન્મકલ્યાણક દિને પૂજા, આંગી, ભાવના વગેરે થયેલ.

**ડભોઇ**–જૈન બાલ મંડળ સોસાયટીના આશ્રયે જૈન ઉપાશ્રયના હોલમાં રાતના નવ વાગે સ્થાનિક કોર્પોરેશનના ફીલ્ડ ઓફીસર શ્રી જયંતિલાલ શાહના પ્રમુખસ્થાને શ્રી જન્મકલ્યાણકની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મુખ્ય વકતા તરીકે મહારાષ્ટ્રના આગેવાન કાર્યકર શ્રી પોપટલાલ રામચંદ શાહ પુનાથી પધાર્યા હતા.

પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની શુભપ્રેરણાથી મુંબઇના શેઠ ચંદુલાલ મોહનલાલ ઝવેરી તરફથી સંસ્થાને રૂા. ૨૦૦, લગભગનાં માંદાની માવજતનાં સાધનો ભેટ મળ્યાં છે.

**અમદાવાદ**–સાધ્વીશ્રી હર્ષલત્તાશ્રીજી મહારાજે ૫૦૦, આયંબિલની અખંડ આરાધના કરેલ તે નિમિત્તે જોરાવરનગર નિવાસી શ્રી વીરપાળ જીવાભાઇ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ સહિત શ્રી સિદ્ધચક્ર બૃહત પૂજન રાખવામાં આવેલ. સાધ્વીજી મહારાજને પારણું ચૈત્ર વદિ ૬ શુક્રવારે હતું. રોજ પૂજા, આંગી રોશની, ભાવના વગેરે થયું હતું.

**નવસારી**–શ્રી વીરચંદભાઈ ગુલાબચંદ શાહના પ્રમુખસ્થાને જૈન પાઠશાળાનો તથા પ્રભુ શ્રી મહાવીરસ્વામિના જન્મકલ્યાણક અંગે મેળાવડો યોજવામાં આવ્યો હતો. પાઠશાળા તરફથી બાળકોને મીઠાઇ વહેંચવામાં આવી હતી. ન્યુ. શાહ ડેરી તરફથી પાઠશાળાના અઢીસો બાળકોને કેશરીયા દૂધ પાવામાં આવ્યું હતું. બપોરે દહેરાસરમાં પૂજા ભણાવવામાં આવી હતી. સુંદર વરઘોડો નીકળ્યો હતો.

**પીંપલગામ** (બસવંત) મુનિરાજશ્રી રંગવિજયજી મહારાજની નિશ્રામાં ઓળીની આરાધના સારી સંખ્યામાં થઈ હતી. નવે દિવસ પૂજા, ભાવના, આંગી, રોશની, પ્રભાવના વગેરે સારા પ્રમાણમાં થયું હતું. આ બધું શ્રી સુમતિલાલ દીપચંદભાઇ તરફથી થયેલ. અમલનેરથી શ્રી રીખવચંદભાઇને પૂજા-ભાવનામાં જમાવટ કરવા માટે બોલાવવામાં આવેલ.

**ટાકેદ**–સર્વોદય તીર્થ નામે ઓળખાય છે. નાશીક જિલ્લામાં આ તીર્થ આવેલ છે. વિલ્સન ડેમ જોવા જનારાઓને વચ્ચે જ આવે છે, ઘોટીથી મોટર જાય છે. અમદાવાદ જીર્ણોદ્ધાર કમીટી મારફત જીર્ણોદ્ધારનું કામ ધમધોકાર ચાલે છે.

**છાણી**–રૂા. ૨૫ હજારના ખર્ચે શ્રી લબ્ધિસૂરિજી જૈન જ્ઞાનમંદિર તૈયાર થયું હતું તેનું ઉદ્‌ઘાટન અમલનેર નિવાસી નેમીચંદભાઇ મીશ્રીલાલ કોઠારીએ તા. ૨૨–૩–૬૧ ના રોજ કર્યું હતું. શ્રી રીખવચંદભાઇ પણ સાથે પધારેલા. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં એક સભા યોજવામાં આવી હતી. જેમાં ૫૦૦, માણસની લગભગ હાજરી હતી. શ્રી રીખવચંદભાઇએ શ્રી નેમચંદભાઇની ઓળખ કરાવી હતી. શ્રી નેમીચંદભાઇએ ઉદ્‌ઘાટન કર્યા બાદ વડોદરા નિવાસી શ્રી સુંદરલાલ ચુનીલાલ કાપડીઆએ પ્રવચન કર્યું હતું. નેમીચંદભાઇએ રૂા. ૩૦૧, જ્ઞાનમંદિરને આપવાનું જાહેર કર્યું હતું. લાડુની પ્રભાવના થઇ હતી. શ્રી શીવલાલ હીરાચંદભાઇ તરફથી મહેમાનોને તથા આમંત્રિત ગૃહસ્થોને શીખંડ–પુરીનું જમણ આપવામાં આવ્યું હતું.

**બોરડી**–પ્રભુ શ્રી મહાવીર સ્વામિના જન્મકલ્યાણને ઉજવવા માટે મુંબઈથી સભાના કાર્ય-

કર્તાઓ તથા કેટલાક ગૃહસ્થો અત્રે પધાર્યા હતા. શ્રી મોતીચંદ જીવણચંદ ઝવેરી તરફથી પૂજા, આંગી, પ્રભાવના રાખવામાં આવેલ. મુંબઈથી આવેલ ભાઈઓ તા. ૩૧ મીએ સાલપુરા, ઝાંખરપુરા વગેરે ગામોની મુલાકાત લેવા ગયા હતા. ત્યાંનું પ્રચાર કાર્ય તથા પાઠશાળાનું નિરીક્ષણ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

**ભવરાની**–મુનિરાજ શ્રી લક્ષ્મીવિજયજી મહારાજની નિશ્રામાં શ્રી નવપદજીની આરાધના સુંદર રીતે થઈ હતી. શ્રી મુલચંદજી હસ્તીમલજી તરફથી અઠ્ઠાઈ મહોત્સવ થયો હતો. તપસ્વીઓને પારણાં તથા સ્વામીવાત્સલ્ય શ્રી સોનરાજજી રીખબચંદજી તરફથી થયેલ. શ્રી મહાવીરસ્વામિ જન્મ કલ્યાણકની ઉજવણી સારી રીતે થઇ હતી.

**પાલીતાણા**–શ્રી ચત્રભુજ મોતીલાલ વિદ્યાલય હાઇસ્કુલના નવા મકાનનું વાસ્તુ ક્રિયાનું શુભમુહૂર્ત તા. ૧૩–૩–૬૧ના રોજ સવારના શેઠ તુલસીદાસ ચત્રભૂજ ગાંધીના વરદહસ્તે થયું હતું.

**નડીયાદ**–જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ–પુના તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષામાં શ્રી જ્યોતિબેન ધીરજલાલ શાહ ઓલ ઈન્ડિયામાંથી સર્વ પ્રથમ નંબરે પાસ થતાં તે નિમિત્તે ફા. શુ. ૬ના રોજ ડીસ્ટ્રીકટ જજ્જ શ્રી વી. આર શાહના પ્રમુખસ્થાને એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. શ્રી વિદ્યાપીઠ તરફથી સુવર્ણચંદ્રક શ્રી જ્યોતિબેનને એનાયત કરવામાં આવ્યો હતો. તે પ્રસંગે રૂા ૧૫૦, શ્રી જૈન પાઠશાળાને મળ્યા હતા.

**ભીલડીયાજી**–તીર્થ ખાતે ડીસાવાળા શેઠ બાબુલાલ લક્ષ્મીચંદ તરફથી ઓળીના આરાધકોને આમંત્રણ મળ્યું હતું. પૂ. આચાર્ય શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી ઓમકારસૂરીશ્વરજી મહારાજ આદિ પધાર્યા હતા. સામુદાયિક આરાધના સુંદર રીતે થઇ હતી.

**મહેસાણા**–શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા તથા જૈન શ્રેયસ્કર મંડળની જનરલ વ્યવસ્થાપક સમિતિની એક મીટીંગ તા. ૨૩–૨–૬૧ના રોજ સવારે ૯ાા વાગે અમદાવાદ મુકામે શેઠશ્રી ચીમનલાલ કેશવલાલ કડીયાના નિવાસ સ્થાને શ્રીમાન શેઠશ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઈ લાલભાઇના પ્રમુખસ્થાને મળી હતી. તે પ્રસંગે સમિતિના નીચે મુજબ સભ્યો હાજર હતા.

(૧) શેઠ જીવતલાલ પ્રતાપશીભાઇ (૨) શેઠ રમેશચન્દ્ર બકુભાઇ (૩) શેઠ રતીલાલ નાથાલાલ (૪) શેઠ મોહનલાલ જમનાદાસ (૫) શેઠ અમ્રતલાલ દલસુખભાઇ હાજી (૬) શેઠ ચીમનલાલ કેશવલાલ કડીયા (૭) ડૉ. મગનલાલ લીલાચંદ (૮) શેઠ હીરાલાલ મણીલાલ (૯) શેઠ બાબુભાઇ ગીરધરલાલ સંઘવી (૧૦) શેઠ પુનમચંદ વાડીલાલ, તદુપરાંત સંસ્થાના મેનેજર કાન્તિલાલ વલ્લભદાસ અને પરીક્ષક વાડીલાલ મગનલાલ.

સંસ્થાના અનેકવિધ ખાતાઓની તલસ્પર્શી વિચારણા બાદ સંસ્થા પાસે રહેલ જીર્ણોદ્ધારની રકમ જુદા જુદા શહેરો તથા ગામડાઓની આવેલ અરજીઓ મુજબ યોગ્ય મદદમાં આપવા મંજુર કરેલ છે તેમજ બાકીની રકમ જીર્ણોદ્ધારમાં વાપરવા નિર્ણય લેવાયો હતો.

હળવદ નિવાસી ધર્મપ્રેમી શેઠ શ્રી ગુલાબચંદ ગફલભાઇ તરફથી રૂા ૧૦૦૦૦, દસ હજારના યુ. પી. બોન્ડની રકમનો ભેટ તરીકે સ્વીકાર થયો હતો.

શ્રી અંતરીક્ષજી તીર્થ કમિટિની લેપ અંગેની અરજી આવતાં રૂા ૬૦૦૦, સુધીનો સંપૂર્ણ ખર્ચ આપવા ઠરાવ કરવામાં આવેલ.

સ્થાનિક કમિટિના સભ્ય શેઠ અંબાલાલ લલ્લુભાઇના દુઃખદ અવસાનની નોંધ લેતો ઠરાવ કરવામાં આવ્યો હતો.

પ્રમુખશ્રી આદિનો આભાર માની સભા વિસર્જન થઈ હતી.

**પાલીતાણા**–પૂ. પં. શ્રી સુબોધસાગરજી મહારાજની શુભપ્રેરણાથી રણોલ નિવાસી શ્રી દેવચંદ લાલચંદ મહેતા તરફથી ૧૨૫ માણસોનો છ'રી પાળતો સંઘ ફાગણ શુદિ ૭ ના નીકળી પાલીતાણા પધારતાં શેઠ આ. ક. પેઢી તરફથી સામૈયું થયું હતું. જીવનનિવાસમાં ઉતરેલ. ફાગણ શુદિ ૧૦ ના પૂ. પંન્યાસજી મ. ના વરદહસ્તે માળારોપણ થયેલ. પૂ. પન્યાસજી ફા. વદ ૨ ના વિહાર કરી ભાવનગર પધાર્યા છે.

**ભાભર**–વહોરા વાડીલાલ ખુબચંદના સુપુત્રી કુમારિકા શ્રી વિમળાબેને પૂ. આચાર્યશ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રીના વરદ હસ્તે મહા શુદિ ૧૦ ના ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી હતી. જેઓનું નામ શીલપૂર્ણાશ્રીજી રાખવામાં આવ્યું હતું અને સાધ્વીશ્રી સૌભાગ્યશ્રીજી મ.ના પ્રશિષ્યા સાધ્વીશ્રી સોહનશ્રીજી મ. ના શિષ્યા મૃગાવતિશ્રીજી મ.ના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. સાધ્વીશ્રી મૃગાવતિશ્રીજી દીક્ષાર્થીનાં સંસારી વડીલ બેન થાય છે. અઠ્ઠાઇ મહોત્સવ ધામધૂમથી થયો હતો અને ૮ થી ૧૦ સુધી મહેમાનો માટે રસોડું ખુલ્લું રાખવામાં આવ્યુ હતું.

**કલકત્તા**–શ્રી સમેતશીખરજીમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરનાર મોટી મારડના રહીશ અને હાલ કલકત્તા વસતા શેઠશ્રી અંદરજીભાઇ મોતીચંદનું બહુમાન કરવા અર્થે સૌરાષ્ટ્ર વીશાશ્રીમાલી મંડળ તરફથી એક મેળાવડો યોજવામાં આવેલ. શેઠશ્રી મણિલાલ વનમાળીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું, તેમજ બીજા કેટલાક ભાઇઓએ વકતવ્યો કર્યાં હતાં. શ્રી મંડળ તરફથી રેશમી કાપડ ઉપર લખેલ અભિનંદન પત્ર ચાંદીના કાસ્કેટ સાથે આપવામાં આવ્યું હતું. તેમના કુટુંબમાં સંસ્કારો સારા છે. તેમની ચાર વર્ષની બેબી વંદિતુ ભણે છે. તેમનાં ધર્મપત્ની અ. સૌ. શ્રી લીલાબેન પણ ધર્મિષ્ઠ અને સંસ્કારી છે.

**સિદ્ધપુર**–શ્રી સંઘના સેવાભાવી સેક્રેટરી શ્રી શકરાભાઇ ગોપાળદાસ તા. ૨૦–૩–૬૧ના રોજ અવસાન પામતાં શ્રી સંઘની એક જનરલ સભા ભરી શોકઠરાવ કરવામાં આવ્યો હતો. તેઓશ્રી ધાર્મિક કાર્યોમાં સારો રસ ધરાવતા હતા, અને મીલનસાર સ્વભાવ હોવાથી શહેરના દરેક વર્ગને એક સરખા પ્રીય હતા. જીર્ણોદ્ધાર, પ્રતિષ્ઠા કે સંઘના દરેક કાર્યોમાં સારી એવી સેવા આપી હતી. શાસનદેવ તેમના આત્માને પરમશાંતિ સમર્પે અને તેઓશ્રીના કુટુંબ ઉપર આવી પડેલી આફતને સહન કરવાની તાકાત આપે.

**વલભપુરી**–કટારીયા શ્રી વર્ધમાન જૈન બોર્ડીંગ અને વિદ્યાલયમાં નવા બંધાયેલા કાર્યાલયના મકાનનું ઉદ્‌ઘાટન, સંસ્થાના જનરલ સભ્યોનું છઠ્ઠું અધિવેશન તા. ૮–૩–૬૧ના રોજ મળ્યું હતું. માલીયા નિવાસી શ્રી અમૃતલાલ ફુલચંદભાઇ, શ્રી પ્રભાશંકરભાઇ ત્રિભોવનદાસ આ પ્રસંગ ઉપર પધાર્યા હતા. શ્રી અમૃતલાલભાઇએ નવા કાર્યાલયના મકાનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગની શુભ યાદીમાં તેઓ તરફથી પાંચ વિદ્યાર્થીઓને ફ્રી બોર્ડર તરીકે સાત વર્ષ સુધી રાખવા વચન આપ્યું હતું. છઠ્ઠી ત્રિવાર્ષિક જનરલ સભાનુ પ્રમુખસ્થાન શ્રી પ્રભાશંકરભાઇએ લીધું હતું મનોરંજન કાર્યક્રમ, ઇનામો, પ્રમાણપત્રો વગેરેની વિધિ થઇ હતી. સંસ્થાના પ્રમુખશ્રી અમૃતલાલભાઈ જાદવજીએ સંસ્થા તરફથી ઇનામોની જાહેરાત કરી હતી અને શ્રી વખતચંદભાઇ મકનજીએ દરેકનો આભાર માન્યો હતો.

**નિબંધ હરિફાઇ**–શ્રી તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાપીઠ પુના દ્વારા 'ભ. શ્રી મહાવીર પ્રભુની ઉપદેશ ધારા' એ વિષય પર ફુલસકેપ પાંચ પેજ (એક તરફ)નો નિબંધ જૈન-જૈનેતર જિજ્ઞાસુ વિદ્વાનો, સાહિત્યકારો, કોલેજ આદિમાં ભણતા વિદ્યાર્થીઓ–વિદ્યાર્થીનીઓ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં લખી શકે છે. જેનાં કુલ પાંચ ઈનામો છે. રૂા ૨૦૧, ૧૫૧, ૭૫, ૫૧ અને ૨૫. નિબ તા. ૧–૬–૬૧ સુધી સ્વીકારવામાં આવશે. વધુ વિગત માટે વ્યવસ્થાપક ઈનામી હરીફાઈ

શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ ૨૧૫-૧૬ બુધવાર પેઠ પુના એ સીરનામે લખવું.

**કડી**—જૈન વિદ્યાર્થી ભવનની ધાર્મિક પરીક્ષા મહેસાણાના પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠે તથા શ્રી પુનમચંદભાઈએ લીધી હતી. પરિણામ સંતોષકારક આવ્યું હતું. સંસ્થામાં શ્રી નવકાર મહામંત્રનાં આરાધનની પ્રવૃત્તિ ચાલી રહી છે એથી પરીક્ષક મહાશયોને આનંદ થયો હતો.

**કપડવંજ**—ખાતે સાધ્વી શ્રી પુષ્પાશ્રીજી મ. ચૈત્ર વદિ ૬ના બાર વાગે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં હતાં તેમનું સંસારી કુટુંબ પણ સંસ્કારી હતું એથી સમગ્ર કુટુંબે ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર હતી જેઓ હાલ સંયમ યાત્રા કરી રહ્યાં છે.

**તારંગા**—પૂ. પંન્યાસજી હીરમુનિ મહારાજ તથા પંન્યાસજી સુંદરમુનિ મહારાજ આદિ વિશનગરથીઅત્રે ઓળીનું આરાધન કરાવવા પધારેલ. ચાણસોલ નિવાસી શાહ લલ્લુભાઈ રામચંદ તરફથી વૈશાખ શુદ ૮થી પુનમ સુધીનો અઠ્ઠાઈ મહોત્સવ-શાંતિસ્નાત્ર નકકી થયું છે. બાદ પાટણ ચાતુર્માસ નકકી થયેલ હોવાથી જેઠ શુદમાં પાટણ પધારશે.

**મુંબઈ**—શ્રી વર્ધમાન જૈન પાઠશાળાના ઉપક્રમે શ્રી મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી થઈ હતી. સવારના સ્નાત્ર મહોત્સવ કરવામાં આવેલ. પૂ આ. દેવશ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ સાહેબે ભ. મહાવીરસ્વામીનો સંદેશો સંભળાવ્યો હતો. વિદ્યાર્થીઓની વક્તૃત્વ હરિફાઈ યોજવામાં આવેલ હતી. તેનાં ઇનામો શ્રી પાર્શ્વ જૈન સંસ્કાર મંડળ તરફથી આપવામાં આવેલ.

**બાંકલી**—(મારવાડ) પૂ. આચાર્ય શ્રી વિજયભુવનસૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં ઓળીનું આરાધન સુંદર રીતે થયું હતું. અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવેલ. ભ. મહાવીરસ્વામિના જન્મકલ્યાણક દિને વરઘોડો નીકળ્યો હતો. ૯ વાગે બહારના યોગાનમાં ઠાકોર સાહેબ, ગામના તમામ આગેવાનો સ્કુલના ૨૦૦ વિદ્યાર્થીઓ તથા અન્ય સેંકડો માણસોની હાજરી વચ્ચે શરૂઆતમાં બાલાઓનું મંગલાચરણ બાદ પૂ. આચાર્યશ્રીએ મુનિરાજ સુધાંશુવિજયજી મ. તથા મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મ. ભ. મહાવીર દેવના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડયો હતો. બાદ પ્રભાવના થઈ હતી. ચૈત્ર વદિ ૩ના શેઠ લુમ્બાજી તરફથી શ્રી કોરટાજીનો સંઘ નીકળેલ. પૂ. આચાર્યશ્રી ત્યાંથી જાવાલ બાજુ પધાર્યા છે.

**ગોધરા**—પૂ. આચાર્ય શ્રી વિજયજમ્બુસૂરીશ્વરજી મહારાજશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં ચૈત્ર શુદિ ૫ ના દિવસે ઉપાશ્રયમાં નાણ માંડી શ્રી અરિહંત પરમાત્માની સમક્ષ અતિત ભવ પાપાધિકરણ પુદ્દગલ વોસિરાવવાની ક્રિયા કરાવવામાં આવી હતી. ૭૪ ભાઈ-બ્હેનોએ આ ક્રિયા કરી હતી. મુનિરાજ શ્રી લબ્ધિસેનવિજયજી મહારાજ શ્રી ૫૦૦ આયંબિલની અખંડ આરાધના કરી રહેલ છે, ૩૦૦ ઉપરાંત આયંબિલ થયેલ છે. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજને ૫૮મી ઓળી ચાલુ છે.

**પ્રભાસપાટણ**—પંન્યાસજી મહારાજ મનોહરવિજયજી ગણિવરે ૯૪મી ઓળી શરૂ કરી તે નિમિત્તે પૂજા, આંગી, ભાવના પ્રભાવના વિગેરે થયું હતું. ત્યાંથી વિહાર કરી ઉના, સાવરકુંડલા આવ્યા. ત્યાં પણ પૂજા, પ્રભાવના થઈ હતી. જેસર પધાર્યા ત્યારે એકાશી આયંબીલ કરાવ્યા હતા, પૂજા પ્રભાવના થઈ હતી. તળાજા નવાણું યાત્રા કરી પાલીતાણા પધાર્યા છે. ૯૪મો ઓળી ચૈત્ર શુ. ૮ના પુરી થઈ છે. ૯૫ મી ઓળી શરૂ કરી છે.

**જાવાલ**—પંન્યાસજી જયંતવિજયજી મહારાજ આદિની નિશ્રામાં ઉપધાનતપ થયેલા તેનો માળારોપણ મહોત્સવ ફા. વ. ૭ના ઉજવવામાં આવ્યો હતો ૧લી માળની ઉછામણી ૫૨૧૧, રૂાની થઈ હતી. શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. પંન્યાસજી ગુજરાત

બાજુ વિહાર કરી પધાર્યા છે.

બારલુટ–પંન્યાસજી રાજેન્દ્રવિજયજી મ.ની પ્રેરણાથી સંઘમાં સંપ થયો હતો. બંને જિનમંદિરોનું બાકીનું જરૂરી કામ પુરૂં કરીને નિભાવ પુરતા રૂા. પચીસ હજાર રાખી બાકીની બધી રકમ મેવાડ આદિમાં રહેલ જિનમંદિરોના જીર્ણોદ્ધારમાં આપી દેવા. ટ્રસ્ટ માટે ટ્રસ્ટીઓની નિમણુક થઇ ગઇ છે. શેઠ કેશરીમલજી કપૂરચંદજીએ બાંધકામ સાથે જેની એક લાખ રૂ કિંમત થાય તેવી ધર્મશાળા બંધાવી આપી સંઘને અર્પણ કરી છે.

અમદાવાદ–કેમ્પ સદર બજાર શાહ મણિલાલ લલુભાઇના શ્રેયાર્થે શ્રી સુમતિનાથ જિનાલયમાં પૂ. આ. શ્રી ઉમંગસૂરીશ્વરજી મહારાજ આદિની ફાગણ વદિ ૩થી ફા. વ. ૧૧ સુધીનો અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. નવે દિવસ શાહ કાંતિલાલ મણિલાલ તરફથી સાધર્મિક ભાઇ–બ્હેનોને ભોજન માટે રસોડું ખુલ્લું રાખ્યું હતું. ફા. વદિ ૭ના સવારે પંન્યાસજી વિકાસવિયજી મહારાજને આચાર્ય પદવી તથા પંન્યાસજી ઉદયવિજયજી મહારાજને ઉપાધ્યાય પદવી અર્પણ થયેલ.

શંખેશ્વરજી તીર્થમાં–પૂ. પાદ પં. મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર શ્રી સપરિવાર ચૈત્ર વ. ૧૦ના પધાર્યા છે. તેઓશ્રીના વર્ષીતપ નિમિત્તે મુંબઇ નિવાસી શેઠ શિવજી વેલજીનાં ધર્મપત્ની ઝવેરબેન તરફથી પંચકલ્યાણી મહોત્સવ શંખેશ્વરજી તીર્થમાં ચૈત્ર વદિ ૧૧થી શરૂ થયો છે. તેઓના તરફથી તેમજ ખંભાત નિવાસી શેઠ શાંતિલાલ મણિલાલ ઓફ તરફથી તથા શા. ચીમનલાલ હકમચંદ તરફથી પૂજા, આંગી થઇ છે. શ્રી ઝવેરબહેનને વર્ષીતપ ચાલે છે. તેમજ પૂ. પાદ પ્રવર્તિની સાધ્વીજી શ્રી દર્શનશ્રીજીનાં શિષ્યા સાધ્વીજી શ્રી કિરણરેખાશ્રીજીને વર્ષીતપ ચાલે છે. તેઓનુ પારણુ પૂ. પાદ પન્યાસજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં શંખેશ્વરજી તીર્થમાં થનાર છે.

ગ્રંથ સમારોહ–તા. ૧૯–૪–૬૧ રવિવારે સવારે ૯ાા વાગે વીલેપાર્લે સરલા સર્જન હાઇસ્કુલના વિશાળ હોલમાં જૈનાચાર્ય શ્રીમદ્‌વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજના અધ્યક્ષસ્થાને–અત્રેના માનનીય ગવર્નર શ્રી શ્રીપ્રકાશજીના શુભ હસ્તે આત્મતત્ત્વ વિચાર આદિ પાંચ ગ્રન્થોની ઉદ્દઘાટન વિધિ ભવ્ય સમારોહસહ કરવામાં આવી.

શરૂઆતમાં ગુરુદેવના મંગળાચરણ, પછી શ્રી નવકાર મહામંત્રનું ભવ્ય અને મધુર સંગીત શ્રી કેશવલાલ મ. શાહની મંડળીએ વિવિધ વાદ્યો સહ રજૂ કરી વાતાવરણમાં ભવ્ય સુવાસ પાથરી હતી. ત્યારબાદ શ્રી સંઘના પ્રમુખ શ્રી રતીલાલ નાણાવટીએ સ્વાગત ભાષણ શરૂ કર્યું હતું તેમાં નામદાર રાજ્યપાલ શ્રી શ્રીપ્રકાશને સુંદર શ બ્દોથી આવકાર્યા હતા. અને જૈન ધર્મ અને એનું તત્ત્વજ્ઞાન વિશ્વમાં કેવું ઉપયોગી છે એ વાતને રજૂ કરી હતી. છેલ્લે તેમણે જૈનાચાર્ય શ્રીમદ્‌વિજય લક્ષ્મણસૂરીશ્વરજી મહારાજ અને તેમના વિદ્વાન શિષ્ય શતાવધાની પંન્યાસજી શ્રી કીર્તિવિજયજી ગણિવર દ્વારા સાહિત્ય પ્રચાર માટે કેટલો મોટો ફાળો અપાઇ રહ્યો છે તે વાતને રજુ કરતાં તેમણે જણાવ્યું હતું કે દેશ–પરદેશના ખૂણેખૂણે પરિભ્રમણ કરી ધર્મોપદેશ દ્વારા જે જાગૃતિ આણી છે એ કંઈ અજાણી નથી. આજ સુધી તેઓશ્રી તરફથી વિવિધ વિષયોને અનુલક્ષી ૪૦–૪૫ પુસ્તકો– તામિલ, કન્નડ, મરાઠી, હિન્દી, તેલુગુ, ગુજરાતી અને અંગ્રેજી એમ સાત ભાષામાં અઢી લાખ નકલો પ્રચાર પામી છે અને હજી તે દિશામાં પ્રયત્ન ચાલુ જ છે.

છેલ્લે શ્રી નાણાવટીએ માનનીય શ્રી શ્રીપ્રકાશજીને ઉદ્દઘાટન કરવા વિનંતિ કરી હતી.

## પુસ્તક પ્રકાશન

શ્રી શ્રીપ્રકાશજીએ પોતે જાતે જ ધૂપ–દીપ વિ. પ્રગટાવી વાસક્ષેપથી જ્ઞાનપૂજન કર્યું હતું. ત્યારબાદ પાંચે ગ્રન્થોની પ્રકાશન વિધિ જાહેર કરી હતી. અને તેમણે પોતાના ભાષણની શરૂઆતમાં જ જણાવ્યું હતું કે–જૈન ધર્મ અતિ પ્રાચીન છે તેમજ જૈન

ધર્મ પ્રમાણે તેમના અનુયાયી વર્ગમાં હરેક ધર્મ કે કોમ કરતા વિશેષતા જોવા મળે છે.

જૈન સાધુઓના ત્યાગની ભૂરિ-ભૂરિ પ્રશંસા કરી હતી, જૈનાચાર્યોના હાથે સંસ્કૃત ભાષામાં જે સાહિત્ય પ્રગટ થયું છે તેવું અન્ય કોઇએ પણ તૈયાર કર્યું નથી. જૈનોએ ભારતના અનેક પહાડો ગગનચુંબી મંદિરોથી શોભાવ્યા છે. જૈનોની ઉદારતા શિલ્પકળા, સ્થાપત્યકળા, વિવિધ કળા જૈનોએ વિકસાવેલી છે. આ યુગમાં પણ જૈનસાધુઓ દ્વારા આ જાતનું સંસ્કારી સાહિત્ય બહાર પડી રહ્યું છે એ ખરેખર આનંદનો વિષય છે. ધર્મની જીવનમાં અત્યંત જરૂર છે. તેમણે કર્મથીયરી ઉપર પણ થોડો પ્રકાશ પાથર્યો હતો. તેમણે ગૃહસ્થ જીવન કેમ ઉજ્વળ બને તે માટે ગૃહસ્થોએ શું કરવું જોઇએ? કારણ કે હરકોઇ માણસ, સાધુ સંન્યાસી ન થઇ શકે ત્યારે ગૃહસ્થ-ગૃહસ્થાશ્રમમાં રહીને પણ કંઇ કર્યાનો સંતોષ અનુભવે-એ માટે તેણે શું કરવું જોઇએ વિગેરે શંકાઓ રજુ કરી હતી. છેલ્લે શ્રી સંઘનો, ગુરુદેવનો આભાર માની તેઓ પોતાના સ્થાને બિરાજ્યા હતા. ત્યારબાદ પં. શ્રી કીર્તિવિજયજી ગણિએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને તે પછી પૂ. આચાર્યદેવે પ્રવચન કરતા જણાવ્યું હતું કે આજના આ પ્રસંગનું શું મહત્ત્વ છે. આ યુગમાં આવા પુસ્તકોની કેટલી જરૂર છે. આ પુસ્તકમાં આત્મા-કર્મ અને ધર્મનું યુક્તિ પ્રયુક્તિ અને દૃષ્ટાંતો દ્વારા વિશદ વર્ણન કરવામાં આવ્યું છે.

આત્મા એ સિદ્ધ વસ્તુ છે. આત્માની સાબીતી આત્માની શક્તિ અને આત્મા આવો અનંત શક્તિનો ધણી હોવા છતાં અત્યારે તેની આવી દશા શાથી થઇ છે. તે માટે કર્મનું સ્વરૂપ અને એ કર્મો છૂટે ક્યારે તે માટે ધર્મનું સ્વરૂપ, ધર્મ કોને કહેવો વિગેરે.

ત્યારબાદ, શ્રી શ્રીપ્રકાશજીની શંકાનું સમાધાન ઘણી જ સુંદર રીતે કર્યું હતું. ગવર્નર શ્રી શ્રીપ્રકાશજી ગુરુદેવના પ્રવચનથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અર્ધા કલાકનો જ કાર્યક્રમ હતો છતાં દોઢ કલાક સુધી સહર્ષ તેઓ બેઠા હતા. અને પુનઃ શ્રવણ કરવાની જિજ્ઞાસા પ્રદર્શિત કરી હતી. છેલ્લે સંઘના ઉપપ્રમુખ મગનભાઇએ સૌનો આભાર માન્યો હતો.

ત્યારબાદ શતાવધાની પં. ધીરજલાલ ટોકરસી શાહે સાહિત્ય અંગે ઠીક વિવેચન કર્યું હતું. શ્રી સંઘ તરફથી શ્રી નાણાવટીએ તેમને શાલ અર્પણ કરી તેમનો સત્કાર કર્યો હતો અને કાર્યક્રમ ખૂબજ આનંદના વાતાવરણ વચ્ચે પૂર્ણ થયો હતો. શેઠ અમૃતલાલ સુંદરજી કોઠારી ધાંગધ્રાવાળાએ અને ધર્મપ્રેમી વાલજીભાઇ તેમજ શ્રી સંઘે આ કાર્યને દીપાવવા સારી સેવા આપી હતી. શેઠ કાંતિલાલ ઇશ્વરલાલ, શેઠ કેશવલાલ બુલાખીદાસ, શેઠ મોતીચંદ વીરચંદ, શેઠ મણીભાઇ બાલાભાઇ નાણાવટી, શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શેઠ મોહનભાઇ ભાણજી શાપરીયા, શેઠ હીરાલાલ લલ્લુભાઇ, શેઠ હીરાલાલ જી. શાહ, શાંતાક્રુઝ-પાર્લાના અગ્રગણ્યો, શ્રી ચંદુલાલ ટી. શાહ. શેઠ મોહનલાલ ડી. મહેતા અન્ય વિદ્વાનો અને પત્રકારોની હાજરી તેમજ મુંબઇ અને ઉપનગરની જનતાની હાજરી ઘણી મોટી સંખ્યામાં હતી.

## વર્ધમાનતપ આરાધકોનું

## આ લ્બ મ

જેમાં આરાધકોનાં ૩૫ ઉપરાંત ચિત્રો છે. જેની કિંમત પોષ્ટેજ સહિત નવા પચાસ પૈસા છે. ફક્ત પચાસ નકલો જ છે.

**સોમચંદ ડી. શાહ : પાલીતાણા**



દીક્ષા લીધાં પહેલાં | દીક્ષા લીધા પછી

ગંભીરા (આંકલાવ) નિવાસી શાહ અંબાલાલ આશારામની સુપુત્રીઓ બાલબ્રહ્મચારિણી કુ. તારાબેન તથા કુ. પ્રેમીલાબેને તા. ૧૩-૩-૬૧ના રોજ પૂ. આચાર્ય શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે ભાગવતિ પ્રવજ્યા અંગીકાર કરી છે. સાધ્વી શ્રી પ્રવીણશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કર્યાં હતાં. શ્રી તારાબેનનું સાધ્વી શ્રી જયનંદીનીશ્રીજી અને શ્રી પ્રેમીલાબેનનું સાધ્વી શ્રી પ્રતાપનંદીનીશ્રીજી નામ રાખવામાં આવેલ. ચશ્માવાલા શ્રી પ્રેમીલાબેન છે અને ચશ્મા વિનાના શ્રી તારાબેન છે. ઉંમર અનુક્રમે ૧૯ અને ૨૧ ની છે. દીક્ષા ધામધૂમથી થઈ હતી.

## વાંચકો તથા શુભેચ્છકોને

'કલ્યાણ' હવે અઢારમા વર્ષમાં પ્રવેશ્યું છે. 'કલ્યાણ'ની શૈલી તથા તેના લેખો વગેરેનું સંપાદન વ્યવસ્થિત રીતે ચાલે છે. છતાં 'કલ્યાણ'ને અંગે જે કાંઈ જણાવવા જેવું હોય તે અમને અવશ્ય જણાવશો. 'કલ્યાણ' નો નવો વિભાગ 'મહામંગલ શ્રી નવકાર' આ અંકથી શરૂ થયો છે. આ વિભાગને વિશેષ સમૃદ્ધ કરવા અમે શકય કરી રહ્યા છીએ. કલ્યાણને ઉપયોગી વાર્તાઓ, લેખો, પ્રવાસવર્ણનો તથા ચિંતન-મનન સાહિત્ય જરૂર મોકલતા રહેશો !

'કલ્યાણ' તમને કેમ લાગે છે ? તેમાં કયા કયા સુધારા આવશ્યક છે ? કલ્યાણે તેની વિશેષ પ્રગતિ માટે શું શું કરવું જરૂરી છે ? ઈત્યાદિ સૂચનો આત્મીયભાવે સૌહાર્દભર્યા દિલે અમને અવશ્ય મોકલતા રહો ! યાદ રાખો 'કલ્યાણ' તમારૂં છે, તે તમારૂં રહેવા ઈચ્છે છે; તમારો સહકાર મેળવવા તે દરેક રીતે આતુર છે. તમારી સૂચનાને તે સહૃદયભાવે મેળવવા તથા સ્વીકારવા તૈયાર છે !

## લક્ષ્મી છાપ સત ઈસબગુલ

હજારો લોકો કબજિયાત, મસા, અને મરડામાં રોગમુક્તિ મેળવે છે. તમે પણ વાપરશો, તો બીજા અનેકને વાપરવા ભલામણ કરશો.

ઘણા ટાઇમ સુધી તાજું રહે તેવા ઉત્તમ પેકિંગમાં મળે છે.

: વિક્રેતા :

**બી. કે. પટેલ એન્ડ કું.**

**સુરેન્દ્રનગર**

અને બીજા સેંકડો દવાના વેપારીઓ.

## જોઈએ છે

સંગીત, બેન્ડ તથા પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ આપી શકે તેવા ધાર્મિક શિક્ષકની જરૂર છે તો અભ્યાસ, ઉંમર, અનુભવ, પગાર વગેરે હકીકત સાથે નીચેના સરનામે પત્રવ્યવહાર કરો.

**હજારીમલ એફ. પરમાર**

૨૫, બીજો ભોઇવાડો, ત્રીજે માળે

ટેલીફોન નં. ૭૩૫૯૦ મુંબઈ-૨

કલ્યાણ માસિકની ૩૬૦૦ નકલ પ્રગટ થાય છે, તો આપના ધંધાની જાહેરખ આપી સહકાર આપશો. જાહેર ખબરના દર

| | ૧ માસ | ૩ માસ | છ માસ | બાર માસ |
|---|---|---|---|---|
| | ૩૦, | ૭૫, | ૧૨૫, | ૨૦૦, |
| ૧/૨ | ૨૦, | ૫૦, | ૭૫, | ૧૨૫, |
| ૧/૪ | ૧૩, | ૩૦, | ૫૦, | ૭૫, |
| ૧/૮ | ૮, | ૨૦, | ૩૦, | ૫૦, |

લખો.

**કલ્યાણ પ્રકાશન મંદિર**

પાલીતાણા

(સૌરાષ્ટ્ર)

## શ્રી કલ્યાણ પ્રકાશન મંદિરની વ્યવસ્થાપક કમિટિના સભ્યો :

૧ શેઠ રમણલાલ દલસુખભાઈ શ્રોફ — મુંબઇ

૨ શેઠ મણિભાઈ વનમાલીદાસ બી. એ. — કલકત્તા

૩ શેઠ અમરચંદ કુંવરજીભાઈ — સાવરકુંડલા

૪ મહેતા બાબુભાઇ ભગવાનજીભાઈ — દાદર-મુંબઇ

૫ દોશી શાંતિલાલ પાનાચંદભાઇ — દાદર-મુંબઇ

૬ વારૈયા કપૂરચંદ રણછોડભાઇ — પાલીતાણા

Regd. No. B. 4925 KALYAN


તમે તમારા જીવનમાં મુંઝવણો અનુભવી રહ્યા છો ? તમારે શું કરવું ? તેની તમને સુઝ નથી પડતી ? ઉન્નત, આબાદ અને ઉત્ક્રાંતિમય જીવન જીવવાના રચનાત્મક ઉપાયો તમારે જાણવા છે ? તો વિના વિલંબે

# ભવના ફેરા

લેખક : શ્રી પ્રિયદર્શન

તમે તમારા ઘરમાં વસાવી લો. રસમય આધુનિક શૈલીમાં, સ્થળે સ્થળે પ્રસંગાનુરૂપ ટૂંકા દૃષ્ટાંતોથી વણાયેલું આ પુસ્તક તમારુ જીવનસાથી બની જશે.

કિંમત : ૭૫ નયા પૈસા

: પ્રાપ્તિ સ્થાનો :

વિશ્વકલ્યાણ પ્રકાશન
C/o. તેજપાલ ટી. શાહ
ચાણસ્મા (ઉ. ગુ.)

સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ

સોમચંદ ડી. શાહ : પાલીતાણા [સૌરાષ્ટ્ર]


તંત્રી, મુદ્રક, પ્રકાશક : સોમચંદ ડી. શાહ : મુદ્રણસ્થાન : શ્રી જશવંતસિંહજી પ્રીન્ટીંગ વર્કસ વઢવાણ શહેર : કલ્યાણ પ્રકાશન મંદિર માટે પ્રકાશિત કર્યું.